સરોવરની સુંદરી.



ૐ

શ્રી સરસ્વત્યૈ નમઃ ।

સરોવરની સુન્દરી

વા

(સચિત્ર) "ગુલાબનું ફૂલ." (સચિત્ર)

લેખક—"પુષ્પ"

— તે —

(જળસમાધિ, રાજા ભરથરી, રંગમાં ભંગ, સુધરેલી સરલા, વીણા-વેલી ભાગ ૧-૨, ખૂની કાણ ?, ચોકટનો એક્કો, લાલનો એક્કો, રાક્ષસી-કૂતરા, ઇત્યાદિના કર્તા)

પ્રકાશક—

હરીલાલ જીવણલાલ ઠક્કર.

"નવજીવન પુસ્તકાલય"

ટાવર રોડ-સુરત

પ્રથમાવૃત્તિ સંવત્ ૧૯૮૧ પ્રત ૨૦૦૦

મૂલ્ય માત્ર બાર આના.

વિષયાનુક્રમ.

સુરત બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળ, અનાવિલ લોજની બાજુમાં આવેલા શ્રી "અનાવિલ બંધુ" પ્રીન્ટીંગ પ્રેસમા ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યુ

" પ્રસ્તાવના "

સુજ્ઞ વાંચક બંધુ !

ડિટેકટીવ નવલકથા લખવાનો મ્હારો આ પ્રથમ પ્રયાસ આ વાર્તાનુ કોકડુ જો કે કેવળ કલ્પનાના તરંગો ઉપર ગુંથવામા આવેલુ છે, છતા એમા બહુધા બનવા યોગ્યજ બનાવો આલેખવામા આવેલા છે.

જે દેશમા ભીમસેન જેવા દશ હજાર મણના વજન ઉંચકનાર ગદાધારી ! અજાયબ એવી લાખોની કીંમતનો કોહીનૂર ! કરોડોની એવી રત્ન જડીત કાસકી, (કાકૂ મારવાડીની પુત્રીની) પારસમણી, મયૂરાસન, તાજમહેલ તથા અજાયબ એવા અમરફળ જેવી અલૌકિક વસ્તુઓની માન્યતાને સ્થાન છે, ત્યા આ લેખકના આ કાલ્પનિક ગુલાબના ફૂલ અને સરોવરની સુન્દરીને પણ સ્થાન કા ન હોય ?

કેવળ મગજ શક્તિની ખીલવટ ! અને નિર્દોષ જ્ઞાન સાથે ગમ્મત સિવાય આ પ્રકારની નવલકથાઓ લખવામા અન્ય કશોય વિશેષ હેતુ મ્હોટે ભાગે નથી હોતો, પરન્તુ એ ઉપરાંત મ્હે આ નવલકથામા કઇક વૈચિત્ર્ય, આકર્ષણ, મોહીની, ચમત્કૃતિ, કલ્પના શક્તિની પરાકાષ્ઠા અને ચેતન જેવા રસ-પૂર વહેવડાવવા અને પૂરવા શકય પ્રયાસ લીધો છે. એ પ્રત્યેક વાચક ! સહજે જોઇ શકશે

જનસમાજ સમક્ષ આ વાર્તા દ્વારા લેખક જે જે વિષયો મૂકવા માગે છે, તેમા " ગરીબીનો હૃદયભેદક ચિતાર, બ્હારવટીઆ હોવા છતાં એક પવિત્ર જીવન ગાળી શકાય, શંકીત હૃદયના સાહસ તથા પાછળથી પસ્તાવા અને સત્તાનો મદ એમા પ્રધાનપણે છે.

અતે ! આ પુસ્તક દ્વારા મ્હારા મનમા ધારેલા શુભ મનોરથ પ્રભુ ! પાર પાડે ! અને જનસમાજ મ્હારી આ કૃતિને પણ અન્ય કૃતિઓની માફક હર્ષથી વધાવી લે ! એવી કઇક સ્વાર્થ ભરેલી આશાએ અને આશાએ વીરમુ છુ.

સંવત ૧૯૮૧
આષાઢી પૂર્ણિમા-

ભવદીય સાહિત્ય-સેવક " પુષ્પ "
ગમનલાલ હીરાલાલ બદામી.
વાડીફળીઆ પગથીઆશેરી સુરત.



પરમ પ્રિય સ્નેહી–

ભાઇ ચીમનલાલ રેવાશંકર જ્યોતિષી

અખિલ જીવનપર્યંત તમારા પ્રેમભીના હૈયામાં
આ "પુષ્પ" ની સ્મરણ–પરિમલ અવિરામ પ્રસરતીજ
રહે। તથા પગલે પગલે ગુર્જર–ગીરાની સેવા
ભાવનામાં પ્રોત્સાહન પ્રેરતીજ રહે।

એ। એક માત્ર આશાથી।

આ અલ્પસ્વલ્પ શારદા–સેવા નામે

"ગુલાબનું ફૂલ"

સાનંદ ધરૂં છું, આપના બંધુત્વ તરીકેના પ્રેમને ચરણે।
હૃદયાંકિત રાખજો। આ સ્નેહીના સ્મરણચિહ્નની
સુવાસ, સદૈવ।

સમર્પનાર –પ્રેમભીનો "પુષ્પ"

ૐ

સરોવરની સુન્દરી

વા

"ગુલાબનું ફૂલ"

પુષ્પ-૧ લું.

"સરોવરની સુન્દરી"

અમીરી છે અભિમાની ગરીબી નમ્રતાવાળી,
અમીરીના ઉમગોથી ગરીબીની મઝા ન્યારી
અમીરીમા નથી ઇશ્વર ગરીબીમા ગરુડધારી,
સુજન! સતોતણા શબ્દો "ગરીબાઇજ ગુણકારી"

"કહે! કહે! ઓ નરાધમ અમીર! કે ગરીબી એ શુ ગુન્હો છે?"

"અલબત્ત! એ તો આરસીની માફક ચોકખુ છે"

"શુ?"

"એજ! કે અમીરી એટલે ઇશ્વરી બક્ષીશ! ગરીબી એટલે ગુલામી"

અમીરો શેઠ છે! જ્યારે ગરીબો તે ગુલામો છે,
જગતના ઈશ્વરી હકમા અમીરોનાજ નામો છે
અમીરી એટલે બીજી સમજવી ઈશ્વરી સત્તા,
પ્રભુને ઘેર પણ પૂછો ગરીબના ભાવ છે સસ્તા

અરે ! એટલુજ નહિ ! પરન્તુ

અમીરો ઈશની આંખો ગરીબો પાવડી પગની,
અમીરી રત્ન-રેખા તો ગરીબી ધૂળ છે જગની
જુઓ ઉત્કૃષ્ટ જે જે છે અમીરોનેજ તાબે તે,
અમીરોને મળે આસન ગરીબો ચર્ણ દાબે છે"

"બનેજ નહિ ! હા ! કદાચ આ જગતમા અમીર અને ગરીબમા એક સરખો આત્મા ન લેખાતો હોય, એ બને ! પરન્તુ પરમાત્માને ત્યાં તો તમામ આત્માને એકજ આસન છે

શ્રીમાન દીન સમાન છે, અવનીશની એ આંખમા
રક્ષણ મળે છે બેઉને સરખુજ એ'ની પાંખમા
પરમેશ એ ! કંઈ પક્ષ પૈસાદારનો કરતો નથી,
કંગાલને ત્યમ એ કદિ અન્યાય પણ કરતો નથી

એકજ પ્રભુના બાળ સૌ સરખા જનમ અવસાન છે,
માબાપની આંખે બધા સંતાન એક સમાન છે
રાજા અગર તો રંક એ પ્રારબ્ધના નીશાન છે,
તમ અંતરે સત્તા અને લક્ષ્મી તણુ અભિમાન છે
અને આ'વા નિર્લજ શબ્દો પણ એજ અભિમાન બોલાવે છે.

પણ યાદ રાખજો કે—

મલકાવ છો જે જોઇને સત્તા સદાની તે નથી,
છલકાવ છો જે જોઇને લક્ષ્મી સદાની તે નથી
શ્રીમંત ને શ્રીહીન તમારી આંખમા બે ભિન્ન છે
બધા (જે) અમીરીમા બનો (છો) પડતી દશાના ચિહ્ન છે"

"છટ્ છટ્ ! ગરીબ અને તવંગર !અધધધધ ! કેટલુ બધુ અંતર ? કયા આકાશ ? અને કયા અવની ? કયા મહાસાગર અને કયા એક ખાબોચીઉ ?

શરીફો ને શ્રીમતો સૌ સદા શોખીન સરજાયા
અમોને ખેલવા અહીંઆ તમારા પૂતળા આલ્યા
ફૂટે તૂટે નહી પરના રમકડા સૌ અમારા છે,
અમીરો ચંદ્ર આકાશે ગરીબો સૂક્ષ્મ તારા છે"

"કોણે કહ્યુ ?"

"દુનિયાએ !"

"શુ દુનિયા એટલે દેવ-વાક્ય ? ના, ના દુનિયા તો કાલ ઉઠીને ધૂળના ઢેફાને સોનાની ઇટ કહી આપશે બોલો ! તમે એ લેશો ? માનશો ? જે વાત અંતરાત્માને ન રૂચે ! આપણે ગળે ન ઉતરે ! તેને બેધડક ઠોકરે મારો !

કોઇ કરે એ જોઇ કરવુ (એમ) આપણે એ ભૂલ છે,
કોઈ કહે ! એ સર્વ સાચુ માનવુ એ ભૂલ છે
દુનિયા કહે એના ઉપર પ્હેલો વિચાર તમે કરો,
બહુ સાચવી સંભાળીને સંસારમા પગલુ ભરો

મ્હોટા કહે એ બધુજ સાચુ માની લેવુ ! એ ન્યાયની દૃષ્ટિએ યોગ્ય નથી આપણા મગજમા જે વાત ન પ્રવેશે ! એને છોડી દ્યો"

"શા માટે ?"

"ન્યાયને ખાતર !"

"તો શુ આ અન્યાય છે ?"

"ચોકખો ! ચાદી જેવો ! એક નહિ પણ એકસો વાર અન્યાય છે પરાઇ વસ્તુ મેળવવામા જુલ્મ કરવો એ અન્યાય નહિ તો બીજુ શુ ? એને ન્યાય કોણ કહે ?"

"હુ કહુ' 'છુ, અમે અમીરો કહીએ છીએ

ન્યાય કે અન્યાય તે જોવુ અમારી મુન્સફી,
ખોટા ખરાનો તુલના કરવાની તે તમને નથી
મુખ બ્હાર પડતા બોલ ! બસ ! સત્વર તમારે ઝીલવા",
"ધ ધો અમીરોનો બીજો શુ ? ગરીબોને પીલવા"

છેવટની લીટી જોશભેર ઉચ્ચારતી **શાન્તા** ત્યા આવી પ્હોચી આ સમયનો લાભ લઇ ગરીબ બિચારો **"સુમન્ત"** ત્યાથી ન્હાસવા ગયો પરતુ "ઉભો રહે ! ક્યા જઇશ ? " કહી અમીર તેને પકડવા એક ડગલુ આગળ વધ્યો **સુમન્ત શાન્તા**ની ઓથે થરથર કપતો લપાયો

"સબર કરો ! એક ગરીબના લોહીથી તમારા હાથ ભીના કરતા પ્હેલા પૂરતો વિચાર કરો" **શાન્તા** આવેશ પૂર્વક બોલી **"સુમન્ત !** જા ! નિર્ભય રીતે ચાલતો થા **શાન્તા** છે, ત્યા સુધી ત્હારો વાકો વાળ કરનાર કોઇ નથી"

સુમન્ત ડરતો ડરતો અને પાછુ જોતો ગયો અમીર એને જતો જોઇજ રહ્યો

આ **મણીપૂર** નગરના બળવાન સેનાપતિ **સરદારસિહ**ની જ સર્વત્ર વીર–હાક વાગતી હતી લોકો તેને **"અમીર"** ના માનવત નામે બોલાવતા તેની પાસે કેવળ સત્તાજ નહિ, પણ લક્ષ્મી પણ પુષ્કળ હતી ધન અને સત્તાના મદમા આધળો થયેલો આ અમીર ગરીબોની ગરદન ઉપર છૂરી ફેરવવામા અને નિર્દોષ અબળાઓ તથા કુમારિકાઓ ઉપર અત્યાચાર કરવામાજ પોતાની શૂરવીરતાનુ સાર્થક માનતો આજ કેટલાક દિવસ થયા અમીર એક અદ્દભુત **"સરોવરની સુન્દરી"**ને

હાથ કરવામાં ફાવ્યો હતો જેના વિષયમા તેનો જુનો ગરીબ નોકર **સુમન્ત** પોતાના શેઠને બે બોલ કહેવા આવ્યો હતો અમીરનો પિત્તો ગરીબ **સુમન્ત**ના સદ્‌બોધે ઉકળ્યો તેણે **સુમન્ત**ને લાતો અને તમાચાના શિરપાવથી નવાજ્યો

આ અમીરી તથા ગરીબીની તકરાર આગળ વધે તે પ્હેલા અમીરને પાને પડેલુ સદ્‌ગુણી રમણી રત્ન **શાન્તા** ત્યા આવી પ્હોચ્યુ યમ–દ્વાર રવાના થવાની તૈયારીમા એવા વયોવૃદ્ધ **સુમન્ત**ને તેણે નિર્દય પતિના પંઝામાથી બચાવી લીધો

"**શાન્તા** ! તને શુ હરઘડી આજ શોભે છે કે ?" અમીરે ક્રોધપૂર્વક કહ્યુ

"મ્હને એકલીને નહિ, પરન્તુ પ્રત્યેક સહૃદય જીવાત્માને આવાજ કાર્ય કરવા શોભે છે પ્રભુ ! લક્ષ્મી અને યુવાની સ્થિર નથી મ્હારૂ માનો તો આ અભિમાન અને નિર્દયતા મૂકી દયો મ્હારૂ અને તમારૂ બનેનુ શ્રેય ચાહતા હો, તો પેલી **સરોવરની સુન્દરીને** છોડી દયો

અમીરી ને યુવાની બે જુઓ આજે નથી કાલે,
તમે કે હુ નથી જ્ઞાતા વિધિએ શુ લખ્યુ ભાલે ?
અમીરી ને યુવાનીમા અનીતિ ને અનાચારી,
ગરીબી ગુણભંડારી અહા ! ગોવિન્દને પ્યારી.

તમને એ કયાથી ખબર પડે ? કે --

મનોહર રાજ્યમ્હેલોથી મઝા' સાચી મઢૂલીની,
ઘડી બેની અમીરીથી વધુ કિંમત ગરીબીની
ફના થાવુ, છતા હસવુ જગતમા એ ફકીરી છે,
રહ્યા સંતોષ ! સાદાઇ ! ગરીબીમા અમીરી છે.

અને તેથીજ મહાત્મા પુરૂષો પણ મઢુલીઓમા પોતાનુ જીવન ગાળી લખી ગયા છે કે –

ગરીબી પ્રાણ પ્યારી ને અમીરી હા ! અકારી છે,
મહારાજાધિરાજાથી ખરો સુખી ભિખારી છે

માટે સમજો ! અને સ્વાર્થને ખાતર એક સદ્ગુણી બાળાને દુ ખ દેતા સ્થભો મિત્રને વચન દીધુ છે ! તો હવે નિભાવો વિશ્વાસઘાતનુ મહાન પાપ માથે ન ઉઠાવો.

નિર્મળ નજર ને કૃત્યથી કિરતાર એ રાજી થશે,
અપકૃત્યથી ઉલ્ટી તમારી આબરૂ લાજી જશે
આ ઘોર અત્યાચારથી કેશવ ! ભયકર કોપશે,"
"**પરવા નથી ! ત્હારો પતિ આ ! મ્હોતને પણ રોકશે**"

સરદારસિંહનો બુલદ પ્હાડી અવાજ આખા દિવાનખાનાને કપાવી રહ્યો તે બોલ્યો, "**શાન્તા** ! ત્હે તમામ બીના સતાઈને સાભળી લાગે છે ?"

"હા !"

"તો મ્હને મ્હારા એ કાર્યમા મદદ કર ! પત્નીની ફરજ છે કે પતિને યથાયોગ્ય સહાય કરવી "

" પરન્તુ શામા ? "

"તેના કાર્યમા "

" સારા નઠારા બેઉમા ?"

"તે જોનાર હુ છુ **શાન્તા** ! **શાન્તા**! હમણા હમણા તુ મ્હારા પ્રત્યેક કાર્યની છૂપી બાતમી મેળવી આડે આવે છે "

"અને તમે પણ હમણા હમણા **શાન્તાથી** એ બધુ છૂપાવતા શીખ્યા છો. "

"બેશક ! કેટલાક કાર્યો કોમળ હૃદયની કાન્તાઓને કાને નાખવા જેવા નથી હોતાં એથી ઉધુ કેટલીક વાર એવુ પણ બને છે, કે કેટલાક કાર્યોમા સ્ત્રીની સમતિ અને સહાયની આવશ્યકતા પ્હેલી હોય છે. શાન્તા ! જો ત્હારે આ ત્હારા સત્તાધારી સ્વામીના પ્રિય-પાત્ર થવુ હોય, તો મ્હને સહાય કરવી મ્હારા કાર્યમા વચ્ચે માથુ મારવાનુ છોડી દેવુ "

" તે તો કદાપી નહિ બને ! નિર્દોષ બાળાઓ ઉપર વિના વાકે અત્યાચાર અને સીતમ વર્ષાવતા હુ આપને કદી પણ જોઈ શકનાર નથી આપના એ નીચ અવકૃત્યોમા કદાપી ભાગ લઇ શકનાર નથી "

" તો ? "

" બચાવ ! બનતી મદદ ! નિર્દોષોનો પ્રાણના જોખમે પણ ઉદ્ધાર ! "

" શુ આજ ત્હારો અતિમ ઠરાવ ? "

" સોગન પૂર્વક ! "

" યાદ રાખ ! પરિણામમા અતે પસ્તાઇશ "

" શા માટે ? મ્હે એ'વુ શુ પાપ કર્યું છે ? કે મ્હને પસ્તાવુ પડે ?

આપે કીધા છે પાપ ! પસ્તાવુ રહ્યું પણ આપને,
આપે રડાવ્યા કઇકને રડવુ રહ્યુ પણ આપને
એ ધર્મના દરબારમા અતે તમારો ન્યાય છે,
હરખાય છે જ્યા પુણ્યશાળી ! પાપીઓ પસ્તાય છે

જે જે કરે, તે તે ભરે, અવિચળ નિયમ એ ઇશનો,
ધર્મિ હસે ! પાપી રડે ! એ ન્યાય શ્રી જગદીશનો.

સજ્જન જીતે ! બાજી હરામી હારતા દેખાય છે,
ઇન્સાફ સાચો ધર્મના પલ્લા તણો લેખાય છે"

"ભલે ! ભલે ! આ દુનિયા એટલે શુ ?

સારા નઠારા બેઉનો જે સ્થાનમા સગાથ છે,
જ્યા એક બાજુ પુણ્ય તો બીજી તરફ બસ પાપ છે
જ્યા ચોર તેમજ શાહનો એકજ રીતે ઇન્સાફ છે,
છે હપનુ તો નામ ! બાકી શોક ને સતાપ છે.

પૂણ્યાત્માઓની ઝાખી જ્યારે જવલ્યેજ થાય છે, ત્યારે પાપાત્માઓની સખ્યા દિન પર દિન વધતી જાય છે

શુ રહ્યુ છે આ જગતમા ધૂળ, ઢેફા, કાકરા,
ખેતર બગીચાની જગ્યાએ જગલો ને ઝાખરા
કુદરત તણી લીલા અનુપમ ભાસતી કરમાયલી,
જે વીરતાની જયોત તે દેખાય છે શરમાયલી

તે ઉપરાત

નહિ વીર કે વીરાગના, નામર્દ નર ને નાર છે,
નીતિ નથી સઘળે અનીતિના જુઓ પોકાર છે
આજે જગતમા વાપરે તેનીજ બસ તરવાર છે,
ભીતર ભયકર ઉપરે રમણીય આ સસાર છે

દુનિયા ! એટલે દયા, ન્યાય અને નીતિનોજ ભડાર નહિ ! ધર્મિ અને પૂણ્યશાળીનુજ ધામ નહિ ? પરન્તુ અનીતિ અને અધર્મનો પણ સસર્ગ ખરો ! પાપી અને બદમાશનો પણ ઠામ ખરો !

નીતિ અનીતિ બેઉ છે ! જે સ્થાન તે દુનિયા,
પાપી અપાપી એકઠા જ્યા થાય ! તે દુનિયા

અર્મી-દૂકની એક છે જે સ્થાન તે દુનિયા,
જીવન-મરણના ખેલ છે જ્યા-તે જગ્યા દુનિયા
તો પછી દુનિયા વિષે દેખાય કે બે વગ છે,
દાનવ તથા દેવો વસે ! એ દુનિયા શુ સ્વર્ગ છે ?

કદાપી નહિ તો પછી મ્હારી ઇચ્છામા આવે તે પથ પકડવા હુ છૂટો છુ આખી આલમ થોડીજ ધર્મી છે ? હુ એકલો તો અધર્મી નથીને ? દુનિયા દેવ-ભૂમિ નથી, એ તો ચોક્કસ ”

“પરન્તુ જો આપણે ધારીએ તો એનેજ દેવભૂમિ કરી શકીએ છીએ

હમણા નથી પણ એક વેળા દેવ-ભૂમિ એ હતી,
અફસોસ ! આજે પૂર્વના નન્દનવનો કયાએ નથી
પણ યત્નથી ઇશ્વર કૃપાએ દૈત્ય દેવો થાય છે,
જો ધારીએ તો આત્મા પરમાત્મે પલટાય છે

થવુ ન થવુ એ પ્રત્યેક મનુષ્યના પ્રયત્ન અને પૂર્વ-કર્મ ઉપર રહેલુ છે બાકી,

પાચ વરસે ધ્રુવકુમારે શ્રીહરિ જીત્યા હતા,
પ્રહ્લાદ ભકતે બાળવયમા કૃષ્ણને દીઠા હતા
ભડ ભિષ્મ ને સાવિત્રીએ યમ-દૂતને રોકયા હતા,
શુકદેવજીએ વેદમત્રો પેટમા ગોપ્યા હતા

અરે ! એ ત્રેતા, દ્વાપર અને સત્યુગની વાતો તથા દ્રષ્ટાતો આઘે મુકીએ, તો પણ શુ ?

કે’વા મયૂરાસન ! જુમા મસ્જીદ, તાજમહાલ છે?
ગીરનાર, આબુ દેલવાડાના દહેરા--વાવ છે?

ઉચો ગગનમા ભવ્ય એ કેવો કુતૂબ મિનાર છે?
કાકુ તણી કયા કાસકી?–શાણા તણા હથીઆર છે?

માટે પ્રાણેશ ! દુનિયાને દેવ યા દાનવ–ભૂમિ બનાવવી એ આપણાજ હાથમા છે આપણે ઇચ્છીએ અને તે માટે પૂરતો 'પરિશ્રમ લઇએ તો હુ નથી ધારતી કે એનેજ નન્દનભૂમિ ન બનાવી શકાય!"

"કેવળ તમારા અતરમા ! એકલાને માટે ! તમામને માટે નહિ.!"

"ઠીક છે, તો હુ પણ આપને કહુ છુ, કે પ્રભો ! એને એક વખત દેવ–ભૂમિ કરી બતાવવાની મ્હારી ઇચ્છાને પાર પાડો ! સામર્થ્ય બક્ષો ! "

"એમ ? "

"હા ! એજ નિશ્ચય "

"અને તે મ્હારી સ્હામે ? "

" અતરાત્મા ફરજ પાડે છે "

" **શાન્તા** ! પતિની ઇચ્છા વિરૂદ્ધ પગલુ ભરવુ, એ શુ એક સતીનો ધમ છે ? "

" નહિજ ! છતા પતિના અધમ કાર્યમા ઉતેજન આપવું એ પણ સન્નારીનુ કર્મ નથી.

પાપી પતિને પાપ કરતો પત્નીએ અટકાવવો,
ને તેમ કરતા પ્રાણ (પણ) પાથરવો પડે તો આપવો.
આજ્ઞા પતિની પાળવી સન્નારનુ એ કર્મ છે,
સારી સલાહ દેવી સદા એ પણ સતીનો ધર્મ છે "

" ત્હારા એ ધર્મને ઉચે મુક ! હુ જે કઇ કરૂ છુ, તે હુ સમજુ છુ ત્હારી સલાહની મ્હને જરૂર નથી."

" તે છતા પણ હુ તો મ્હારી ફરજ બજાવીજ જઈશ."

" મ્હારી ઇચ્છા વિરુદ્ધ ?"

" ધર્મ બજાવવામા કોઇ ને કોઇની ઇચ્છા અનિચ્છા જોવાની રહેતીજ નથી "

" કેમ ન રહે ? એ જોતા હુ શીખવીશ "

" નકામી આશા એ કોઇ કોઇને શીખવી શકાતીજ નથી આપેજ શિખાય છે "

" **શાન્તા** ! એટલે તુ શુ કહેવા અને કરવા ચ્હાય છે ?"

" આખો ખોલો ! એ કહેવા ધર્મને યાદ કરી સુધરો ! એ કરવા "

" હુ ધારુ છુ કે આ શબ્દો તને ત્હારુ મ્હોત બોલાવે છે "

" નહિ ! પરન્તુ મ્હારા હૃદયમા રહેનો પવિત્ર **પરમાત્મા** બોલાવે છે "

" તો લાવ ! ત્હારા એ પતિ-વિરુદ્ધ પ્રેરનાર અતરાત્માની ભૂલ સુધારી નાખુ "

અમીરે શાન્તાના જમણા હાથનુ કાડુ મજબુત રીતે પકડયુ. પોતાની દ્રષ્ટિએ બેવફા થનાર શાન્તાના હૃદયમા ઘોચવા તેણે એક તિક્ષ્ણ ખજર ઉગામ્યુ **શાન્તા** જમીન ઉપર પડેલી હતી તેનો એક હાથ તેના રાક્ષસી પતિના હાથમા હતો એવામા **શાન્તા**ના માથા ઉપરથી લુગડાનો છેડો ઉડી ગયો ખૂન કરવા તૈયાર થએલા પતિની નજર તેની ઉપર પડી તેના હાથ માહે પકડેનુ ઝેરી ખજર એકાએક સરી નીચે પડી ગયુ **શાન્તા**નો હાથ તેના હાથમાથી છૂટી ગયો તે એકદમ ઉભો થઇ ગયો **શાન્તા** પણ વ્હેલી વ્હેલી માથાના ભાગ ઉપર ઓઢી ઉભી થઈ ગઇ.

અમીરને એકાએક ચકીત કરી સ્તભિત બનાવનાર **શાન્તાનો** અંબોડો હતો જે અંબોડા ઉપર બાંધેલા પુષ્પ-ગજરામા એક સુશોભિત **ફુલ** ગુથેલુ હતુ

"તુ ? **શાન્તા** ? દૂસ્મનની મદદગાર ?" **અમીર** ગર્જી ઉઠયો

બીજીજ પળે તે **ગુલાબનુ** ફૂલ કે જે મેળવવા માટે તે પોતે અને બીજી કેટલીયે વ્યકિતઓ લાબા વખતથી જીવલેણ સાહસો, અને જોખમ ભરેલા પ્રયત્નો કરી રહી હતી, તે લેવાને તે **શાન્તા** તરફ ધસ્યો

"એ ફૂલ મ્હને આપી દે ! **શાન્તા** !"

શાન્તાએ સમય વિચારી લીધો પતિ પોતાને પુન પકડી, એ અલૌકિક "પુષ્પ" હસ્તગત કરે, તે પ્હેલા તો તેણે તેને માથાના અંબોડામાથી છોડી લીધુ ભયથી બેબાકળી નજર આમતેમ ઓરડાની ચારે બાજુ એક પલકારામા નાખી દીધી દ્વારમા એક વ્યકિત ઉભેલી છે, એમ તેણે જોયુ તુર્તજ ફૂલ તેના ઉપર ફેકયુ

અમીરે એ જોઇ લીધુ, **શાન્તાને** ત્યાજ પડતી મૂકી એ ફૂલ લેવા તે દ્વાર સમીપ દોડયો ત્યા તો પેલી વ્યકિત ફૂલ ઉપાડી અદ્રશ્ય થઈ ગઇ **અમીરે** તેની પૂઠ પકડી કારણ ? ફૂલ લઇ જનાર વ્યકિતને તેણે જોઇ લીધી હતી તે તેને ઓળખતો હતો

એ વ્યકિત તે અન્ય કોઇ નહિ, પરન્તુ બહાદુર બહારવટીઆની એકની એક પુત્રી, અને આપણી વાર્તાની નાયિકા એજ **સરોવરની સુન્દરી સરયુ** !

પુષ્પ:-૨ જું

"સ્નેહીને ભરોસે."

ગુલાબસિંહ એક બહાદુર બહારવટીઓ હતો બહારવટીઓ હોવા છતા તે બહુજ ભલો પરોપકારી અને ચારિત્ર્યવાન માણસ હતો નિર્દોષોના ગળા રેસી તવગર બનેલા ધનવાનોનેજ તે સ્હામા છાતીએ લૂટતો પોતાના જીવન નિર્વાહ જેટલુજ પાસે રાખી અવશેષ નિરાધાર, અનાથ અને ગરીઓના દુખ ફેડવામા વાપરતો

ગુલાબસિંહ એક વીર જાગીરદારનો પુત્ર હતો શૂરી રજપુતાણીનુ દૂધ તે ધાવ્યો હતો વીસ વરસની તરૂણ અવસ્થામા દૈવયોગે કુટુબ પરિવારથી સવથા વિહીન થઈ ગયેલા ગુલાબને અતે આ બ્હારવટીઆનો ધધો કરવો પડયો હતો લૂટારૂ છતા સર્વત્ર તેની વીર-હાક વાગતી હતી ગરીબો તેને દેવ જેવો ગણી પૂજતા, જ્યારે ધનવાનો તેને પોતાના કટ્ટા શત્રુ તરીકે માનતા

રાત્રિનો સમય હતો ગુલાબસિંહ એક નિર્જન અરણ્યમાથી પસાર થતો હતો એકાએક તેના કાનમા કોઈનો રૂદન-ધ્વનિ પડયો. તેનુ દયાળુ અતકરણ તરતજ દ્રવીભૂત થયુ અવાજ એક યોગીની

ઝુંપડીમાંથી આવતો હતો સત્વર પગ ઉપાડી ગુલાબસિંહ ત્યાં જઇ જઇ પહોંચ્યો

યોગી મહાત્માની એ પવિત્ર કૂટીરમાં દીવાનું નામ સરખું ન્હોતું. અજવાળીઆની રાત હોવાથી ચંદ્રમાના જે કંઇ કીરણો પડતા હતા, એજ ન્હાની શી એ ઝુંપડીના એક વ્યાઘ્રચર્મ ઉપર એક પરોપકારી મહાત્મા અત્યારે પોતાનો છેલ્લો શ્વાસ લઇ રહ્યા હતા તેની પાસે એક પંદર વર્ષની કન્યકા બેઠી બેઠી હૃદયભેદક કલ્પાંત કરી રહી હતી

ગુલાબસિંહ એ જગત્ કલ્યાણકારી મહા પુરૂષને ચરણે પડ્યો યોગીની આંખો ખુલી તે મંદ સ્વરે બોલ્યા

"ભાઇ ! ત્હારૂં નામ ?"

"પ્રભુ ! આપ આ બાળકને ઓળખો છો જીવનદાતા ! હું ગુલાબસિંહ બ્હારવટીઓ "

" કોણ ? પરોપકારી ગુલાબ ?"

"પ્રભુ ! એજ આપનો દાસ !" ગુલાબ સજળ નયને બોલ્યો

' ગુલાબ ! ત્હને બચાવ્યા પછી પાછો આજે પહેલવહેલોજ તું મ્હને મળ્યો મ્હેં તારે માટે બહુ બહુ સાંભળ્યું છે એક બ્હારવટીઓ હોવા છતાં તું ત્હારૂં જીવન પવિત્રતાથી ગાળે છે ! મ્હારા સદ્‌બોધોનું પાલન કરે છે શું આ સર્વ સત્ય છે ?"

"સર્વથા !"

"તો આવ ! ગુલાબ ! મ્હેં એક વાર ત્હારા ભવિષ્યનું જે કથન ઉચ્ચાર્યું હતું, તે સમય હવે નજીદીક આવતો જાય છે ગુલાબ ! પરમાત્માની એવી ઇચ્છા છે કે ત્હારે હવે ત્હારી ભવિષ્યની જીવન-સખી શોધી લેવી "

અહી યોગી અટક્યા શિર ઝુકાવી એક ચિત્તે સાભળતો **ગુલાબ** કશુ ન બોલ્યો સાધુએ આગળ ચલાવ્યુ "વત્સ! ઇશ્વરના સોગન લઇ પ્રતિજ્ઞા કર, કે મ્હારી સોંપેલ અનામત વસ્તુને તુ ત્હારા જીવ કરતાએ અધિક જતનથી જાળવીશ"

"ઇશ્વરના સોગન!" **ગુલાબે** સોગન ખાધા

યોગી બેઠા થયા લજ્જાવતી અને રડતી યુવાન બાલાનો હાથ **ગુલાબ**ના હાથમા મૂક્યો બોલ્યા, "**સરોજ**! બેટા! આજ ત્હાર જીવન સર્વસ્વ! હવેથી એનીજ આજ્ઞા ઉઠાવજે આર્યરમણીઓને મન "પતિ એજ પ્રભુ!" અને **ગુલાબ**! તુ પણ ત્હારા વચન તથા સોગનને યાદ રાખી આ મ્હારી અનાથ પાલક પુત્રીને પ્રેમથી ચાહી સુખી કરજે અરણ્યમા એકલી પડેલી એ અનાથ બાળાને મ્હેજ ઉછેરી મ્હોટી કરી છે મ્હને ત્હારી ઉપર શ્રદ્ધા છે"

"પ્રભુ! આપ બેફિકર રહો! તમારી પ્રત્યેક આજ્ઞા મ્હારે શિરોધાર્ય છે"

"સાભળ!" યોગી આગળ વધ્યા, "આ ઝુપડાની ઉત્તર દિશાએ થોડે છેટે એક અર્ધ ઉપરાત દટાઇ ગએલુ જીર્ણ દેવાલય છે. અસલ એમા **શંકરની** મૂર્તિ હતી, આજ એ નથી. પરન્તુ ત્યા હજુ ચોઠીઆનુ આસન છે તેને તુ ખસેડશે એટલે ખસી જશે. એ ખસતાજ ત્હને અંદર ઉતરવાના સુન્દર પગથીઆ દેખાશે. આજથી ઘણા વર્ષ ઉપર અહી એક શાપિત યક્ષ પોતાની કન્યા સાથે રહેતો હતો તેઓની ત્યા પુષ્પવાટિકા છે. વાટિકાના મધ્યભાગે એક નિર્મળજળથી ભરપૂર સરોવર આવેલુ છે. યક્ષ-કન્યાનુ કૌમાર્ય-અવસ્થામાજ મૃત્યુ થવાને લીધે, યક્ષે

પોતાની પુત્રીને પ્રિય એવા એ **સરોવરની** વચ્ચોવચ્ચ તેની એક આરસ-પ્હાણની પૂતળી ઉભી કરેલી છે તેના જમણા હાથમા અલૌકિક એ'વો ગુલાબનો છોડ છે જેની ઉપર પ્રતિદિન પ્રભાતે એક સુન્દર ફૂલ ઉગે છે.

એક ફૂલ તોડતા તુર્તજ તે'વાજ બીજા ફૂલનુ ફ્રી નીકળવુ, એ એની ચમત્કૃતિ છે સરોવરનુ નામ **સ્નેહ-સરોવર** છે જ્યારે એ ગુપ્ત જગ્યાને લોકો **યક્ષ-ભુવનને** નામે ઓળખે છે ત્હારૂ છૂપુ જીવન ગુજારવા ત્હને એ ઠીક થઇ પડશે સરોજને લઇ તુ એ'માજ જઈ રહે પરન્તુ તે પ્હેલા એક વાત ખાસ યાદ રાખ! પવિત્ર રમણી-હૃદયોના કોમળ કરોજ એ ફૂલ તોડી શકે છે પુરૂપના કઠણ હાથો એને નથી સ્પર્શી શકતા અને જો ભૂલે ચૂકે સ્પર્શશે, તો પરિણામમા પ્રાણ ત્યાગશે "

" પ્રભો! એ'નુ શુ કારણ?"

" એજ કે! એ **યક્ષ-કન્યા** કૌમાર્ય અવસ્થામા ગત પ્રાણ થઇ હતી જેથી કરીને કોઇ પણ પુરૂષનો કર એને સ્પર્શી અપવિત્ર ન કરી શકે "

આ પછી એ જગત્કલ્યાણકારી યોગીનુ અવસાન થયુ તેમની અતિમક્રિયા આસુ ભરી આખે કરી **ગુલાબસિહ સરોજને** લઇ એ ' **યક્ષ-ભુવન"**મા જઇ રહ્યો

ઉપરોક્ત પ્રસગને આજે પદર વર્ષનો કાળ વિતી ગયો છે **સરોજ** અને **ગુલાબ** ઉભય દપતિ એક સદ્ગુણી કન્યારત્નનુ મુખ જોવા ભાગ્યશાળી થયા છે અને તેનુજ નામ " **સરયુ અથવા સરોવરની સુન્દરી** "

પરન્તુ સુખના સૂર્યોદયની પાછળ સદાય દુઃખનો ચન્દ્રોદય ઢંકાયલોજ હોય છે તેર વર્ષની **સરયુને** છોડી **સરોજે** આ સંસારમાંથી વિદાય લીધી, જે વેળા **ગુલાબસિંહને** દિલાસો દેનાર બેજ પ્રિય જીવો હતા એક **સરયુ!** બીજો વફાદાર સેવક **"વીરો!"**

માતાની માફક **સરયુને** પણ પેતું દૈવી પુષ્પ પ્રતિદિન સ્નાન કર્યા પછી તોડી પોતાને ગજરે ગુંથવું ગમતું **સરોજને** બદલે હવે તેજ એ ગુલાબના ફૂલનો ઉપયોગ કરતી **સરયુની** અગીઆર વર્ષની વયે **ગુલાબસિંહને** એક વફાદાર સેવક મળી આવ્યો હતો, અને તેનું નામ **"વીરો"** હતું

બ્હારવટીઆ **ગુલાબસિંહનું** હૃદય પોતાની જીવનસખીના વિયોગે ભાગી ગયું **સરયુને** તે પ્રાણપ્રરસી ચ્હાવા લાગ્યો આ વખતે **ગુલાબસિંહ** છત્રીસ વર્ષની ભર ઉમરમાં હતો તેના શરીરનો બાંધો સશક્ત હતો પોતાની પત્નીના મરણનો હૃદયાઘાત લાગ્યાને આજ એક માસ થયો હતો

એવામાં તેને **રાજપુર** જવાનું થયું **રાજપુરમાં** એક શેઠ નામે **"લક્ષ્મીચંદ"** ગરીબોને ત્રાહી ત્રાહી પોકરાવી ખૂબ માલદાર થયો હતો, એ વાતનો ઇશારો **વીરાએ** તેને કર્યો **વીરાનો** ઉદ્દેશ આ'માં કેવળ એટલોજ હતો કે, "**ગુલાબસિંહ** ઘરબ્હાર નીકળી આવા કાર્યમાં દોરાશે, તો પત્નીનો શોક કરવો ભૂની સૂકાતો બચશે."

ગુલાબસિંહને "ગરીબો ઉપર જુલ્મ" અને 'જુઠું બોલવું" એ બે વાત ઉપર બહૂજ તિરસ્કાર અને ક્રોધ હતો ગરીબોની હાય લઇ હાહાકાર વર્તાવનાર **લક્ષ્મીચંદને** ધૂળભેગો કરવા તેણે નિશ્ચય કર્યો રાતોરાત જવાનો પોતાનો નિશ્ચય તેણે **વીરાને** જણાવતાં

કહ્યુ, "વીરા ! તુ આગળથી જઇ આપણા નિયમાનુસાર એ મદાંધ લક્ષ્મી લોભીને આપણા આવવાના સમાચાર ગુપ્ત રીતે નિવેદન કર એટલામા હુ સરયુને કોઇ સુરક્ષિત સ્થળે મૂકી ત્હને આવી મળુ છુ "

વીરો ખૂશ થયો પોતાના માલિકના ફરમાનનુ યથેચ્છ પાલન કરવા તે એક પણ પળ ન થોભતા ઉપડયો જ્યારે ગુલાબસિહ "સરયુ" કોને ભરોસે ? અને કયા મૂકી જવા ? એ વિચાર કરવામા ગુથાયો

અતે અત્યત વિચાર કરતા તેને "શાન્તા" સાભરી એ શાન્તા કોણ ? મણીપુરના અમીર સરદારસિહની સન્નારી ! ત્યારે એ શાન્તા સાથે ગુલાબસિહને શો સબધ ?

* * * * * * * *

એક વખતે ગુલાબસિહને એવી ખબર મળી કે મણીપુરમા અમીર સરદારસિહ ધનાઢય હોવા ઉપરાત ગરીબોનો કટ્ટો શત્રુ છે અને આ વાત સાભળતાજ ગુલાબસિહનો ક્રોધ કાબુમા ન રહ્યો અમીરને એક વાર પોતાનો હાથ બતાવી ગરીબ બનાવવાના નિશ્ચયે તે એક રાત્રે અમીરના ઘરમા ઘૂસ્યો પરન્તુ અમીરના લાબા આયુષ્યે તેને બચાવી લીધા કોઇ ખાસ કામને માટે અમીર પોતાના હાથ નીચેના સરદાર સુલતાનને ઘર સોપી તે આ વખતે બહાર ગયો હતો સુલતાનની દાનત પતિની અપ્રિય એવી શાન્તા ઉપર બગડી હતી પરતુ અમીરની હાજરીમા તે તેને કઇ કરી શકે એમ ન હતો આજ લાબે વખતે અમીરની ગેરહાજરીએ એ બદમાશનો લાગ ફાવ્યો શયતાન સેવક પોતાના માલીકની પત્ની ઉપરજ બળાત્કાર કરવા તૈયાર થયો

આ વખતે **શાન્તા** પોતાના શયનગૃહમા ભરઉંઘમા પડેલી હતી તે બિચારી નિર્દોષ હૃદયની રમણીને સ્વપ્ને પણ ખબર ન હતી, કે બદમાશ **સુલતાન** તેના ઓરડામા પ્રવેશી ચૂકયો હતો સૂતેલી **શાન્તાના** શયનગૃહના દ્વાર ખુલ્લા હતા "દૃષ્ટિ તેવી સૃષ્ટિ" એવી જગતમા કહેવત છે અર્થાત પવિત્ર હૃદયો ગમે તેવા પાપીઓને પણ પોતાના જેવાજ ધારી લે છે એટલે પવિત્ર **શાન્તાના** હૃદયમા કોઇ જાતની અપવિત્ર શકાને સ્થાન ન્હોતુ

શાન્તાના સૌન્દર્યની સ્નિગ્ધ જયોતિએ કામાંધ **સુલતાન** ભાન ભૂલ્યો **શાન્તાના** પલગની પાસે તેણે એક પગલુ આગળ ભર્યુ પલગની પાસેજ એક ગોળ ટેબલ હતુ જેના ઉપર એક દીવો તથા પાણીનો લોટો હતો.

પાસે અને પાસે સરતા **સુલતાનને** કોઇપણ જાતનુ ધ્યાન ન રહ્યુ તેનો હાથ અચાનક પેલા લોટાને લાગી ગયો લોટો ઢોળાઇ હેઠે પડયો **શાન્તા** ઝબકી જાગી ઉઠી

રાત્રિના વખતમા પોતાના એકાન્ત સુવાના ઓરડામા **સુલતાનને** જોઈ, તેની પાપી મુરાદ શાન્તા સમજી ગઇ પ્હેલા તો તે ગભરાઈ પરન્તુ બીજીજ પળે તેણે હિંમતપૂર્વક પ્રશ્ન કર્યો, "કોણ **સુલતાન**?"

"હા!"

"અત્યારે રાત્રિને સમયે મ્હારી વગર રજાએ મ્હારા ઓરડામા છૂપાઇને આવવાનુ સાહસ કરવાનુ કાંઇ કારણ?"

"કારણ બહુજ છૂપુ છે"

" **સુલતાન** ! યાદ રાખો કે ગમે તેવા પણ તમે એક સેવક છો, જ્યારે હું તમારા માલીકની મહેરદાર છું "

" બદો! એ બધુ જાણે છે ! બીબીસાહબા ! "

' તો પછી ચાલ્યા જાવ ! એવું કોઇ અગત્યનું કામ હોય તો સવારે આવજો "

" પરન્તુ કામ ખાસ ખાનગી અને અત્યારેજ કહેવા લાયક છે "

" તમારા માલીક આવે તેમને કે'જો હું તમારૂં કામ સાભળવા કે જાણવા નથી માગતી "

" પરન્તુ મ્હારે માલીકનું નહિ પરન્તુ તમારૂંજ કામ છે "

" મ્હારૂં ! "

" જી હા ! "

" શું ? "

" ધીરી પડ ! મ્હારી ખૂબસુરત પરી ! "

" ચૂપ ! **સુલતાન** ! તું આ શબ્દો કો'ની આગળ ઉચ્ચારે છે ? "

" ત્હારી આગળ ! દીલબર ! માશુક ! જન્નતની હૂર ! માની લે કે હું ત્હારામાં દીવાનો થયો છું "

" નાપાક ! માલીકનું લૂણ હરામ કરે છે, દારૂ તો નથી પીધો ? "

' પિયા હૈ મગર મહોબતકા દીવાજાન "

સુલતાન શાન્તાને ભેટવા ધસ્યો બરાબર આજ વખતે અમીરનું ઘર લૂટના **શાન્તાની** શયનગૃહની બારીમાથી બ્હારનીઓ **ગુલાબસિંહ** ધસી આવ્યો **શાન્તાની** પવિત્રતા રક્ષાઇ **ગુલાબસિંહે** અબળા ઉપર અત્યાચાર કરતા આ બદમાશ **સુલતાનને** એકજ હાથે

ખોચીમાંથી ઝાલી શયનગૃહના દ્વાર બ્હાર ફેંકી દીધો સુલતાન જીવ લઇને નાઠો ખરે! કામાંધને એકજ ઇદ્રિયનુ ભાન હોય છે અને બધા એવા વિષયલપટ માનવો બાયલા અને નામર્દજ હોય છે

તે પછી શાન્તાને ગુલાબસિંહે પોતે શા ઉદ્દેશથી આવ્યો હતો, એ વાત કહી દીધી શાન્તાએ ગુલાબસિંહને કહ્યુ

"બહાદુર ભાઇ! હુ તો હવે તમરી ન્હાની બ્હેન થઇ ન્હાની બ્હેનને તો ઉલટુ તમારે આપવુ જોઇએ, એને બદલે તમે એનાજ ઘરમાંથી લઈ જાવ, એ સારૂ કહેવાય કે?"

એક નરાધમ પાપાત્માના ઘરમા આવુ સુન્દર રમણી રત્ન જોઇ ગુલાબસિંહનો ક્રોધ શમી ગયો તે આનન્દપૂર્વક શાન્તાનો હાથ પકડી બોલ્યો, "શાન્તા! મ્હારી ધર્મ ભગિની! ત્હે મ્હને પહેલેજ પગથીએ જીતી લીધો છે અને ત્હારા સબધ તથા સદ્વતનથી પ્રસન્ન થઇને હુ આવ્યો હતો તેવોજ પાછો જાઉ છુ પરન્તુ એક વાતનુ મને વચન આપ"

"લ્યો વચન! બોલો શુ છે?"

"આ પ્રસગ બન્યોજ નથી માની ભૂલી જજે મ્હારા અહીં આવવાની વાત ત્હારા પતિને કાને ન નાખતી"

"જેવી તમારી ઇચ્છા"

"તે ઉપરાંત જો એ કામાંધ માણસ ફરી કોઈ વાર ત્હને કનડે તો આ ત્હારો ધર્મ-બધુ બ્હારવટીઓ ગુલાબસિંહ ત્હારી પડખે તૈયાર છે"

"બહુ સારૂ ભાઇ!"

"બસ ! ત્યારે હવે રજા લઇશ"

"પાછી આ બ્હેનને કયારે યાદ કરશો ?"

"પ્રસગ પડયે ! શાન્તા ! જરૂર પડયે જાતેજ આવી આજના ઉપકારનો બદલો માગી લઇશ"

"ખુશીથી પધારજો ભાઇ"

બ્હારવટીઓ **ગુલાબસિંહ** ગયો **ગુલાબસિંહની** નામરજી હોવાથી **શાન્તાએ** પણ આ વાત પતિથી ગુપ્ત રાખી **સુલતાન** પણ એને લઇને ડરતો હતો, પરન્તુ વખત આવે પોતાના આ ભારે અપમાનનો બદલો લેવા તે વિચારી રહ્યો હતો આ પ્રસગને આજે લગભગ છ માસ જેટલો સમય વ્યતિત થઇ ગયો છે

આજે એ ઉપકારનો બદલો વાળી લેવાની સુદર તક આવી લાગી હતી **ગુલાબસિંહે** નિર્ણય કરી નાખ્યો **સરયુને** લઇ તે **શાન્તા**ના મકાને જવા નીકળ્યો મધ્ય રાત્રિના સુમારે તે **શાન્તાના** દ્વાર આગળ આવી પ્હોચ્યો **ગુલાબસિંહે** દ્વાર ઠોકયા **શાન્તા** જાગી ઉઠી મોડી રાત્રે દ્વાર ઠોકનાર કોણ હશે ? એ તર્કવિતર્ક કરતી તે નીચે આવી દ્વાર ખોલ્યા

'કોણુ ?"

"**ગુલાબસિંહ**"

"ભાઇ !" **શાન્તાના** મુખમાથી હર્ષમય શબ્દ નીકળ્યો

"ચુપ !" **ગુલાબે** નાકે આગળી મૂકી મ્હોટેથી બોલતી **શાન્તાને** ચૂપ રહેવાની ઇશારત કરી પોતે જે આશયથી આવ્યો હતો, તે તેણે **શાન્તાને** સક્ષેપમા સમજાવી દીધો.

"ઓહો ! એમા શુ ? ઘણીજ ખુશીથી મૂકી જાવ"

"પરતુ ત્હારા પતિનો સ્વભાવ તો તુ જાણે છે ને."

"તમારી સરયુના સરક્ષણનો ભાર મ્હારે માથે! પછી કઇ!"

"શાન્તા! જો જો! હો! જગતની નજરે એક લૂટારાની કન્યાને આશ્રય આપવાનો છે"

"ભાઇ! તમે કશીય ચિંતા ન કરો! શાન્તા ઉપર વિશ્વાસ રાખો! પ્રાણને સાટે હુ એનુ રક્ષણ કરીશ તમારી સરયુને કઇ આચ આવે તે પ્હેલા તો હુ મ્હારા પોતાના પ્રાણ પાથરીશ"

"તો ત્હારે ભરોસે! બ્હેન થઇ છે, તેની કસોટી હવે થશે"

"બહુ સારૂ!"

"શાન્તા! કદાચ ત્હારો પતિ પૂછશે, તો તુ શુ જવાબ દઇશ?"

"ગમે તેમ સમજાવીશ"

"નહિ! પ્રાણ જતા પણ તુ જુઠુ ન બોલીશ"

"ત્યારે?"

"મ્હારા સત્ય નામ સિવાય સઘળો ઇતિહાસ કહી દેજે"

"અને તેમ કરતા સરયુ અને હુ સકટમા આવી પડીએ તો?"

"તો ગુલાબસિહના કાડામા તમને બનેને બચાવવા જોર છે"

"તો સારૂ"

ગુલાબસિહ સરયુને શાન્તાના હાથમા સોપી દ્વાર બ્હાર પગલુ ભરે, તેવોજ ત્યા અમીર આવી પહોચ્યો એક અણજાણી યુવતી તથા અણજાણ્યા પુરૂષની સાથે મધ્યરાત્રિના સમયે શાન્તાને ગુપ્ત વાત કરતી જોઇ તે વ્હેમાયો.

"શાન્તા!"

શાન્તા અને ગુલાબ બને અમીરની અણધારી હાજરીથી ચમકયા જે વાતની જાણ તેઓ મ્હવારે પાડવા માગતા હતા, તે તો આગળજ આવી ઉભી રહી

" શાન્તા ! આ કોણ છે ? "

" એ મ્હારી પવિત્રતાનુ રક્ષણ કરનાર ! મ્હારા ધર્મ બધુ "

" પવિત્રતાનુ રક્ષણ ? શાન્તા ! એ શુ ? ત્હારી પવિત્રતાનુ ભક્ષણ કરવા કયો પાપાત્મા આવ્યો હતો ? "

" આપનો જમણો હાથ ! સુલતાન ! "

" સુલતાન ? કયારે ? "

" આજથી લગભગ છ માસ ઉપર જયારે તમે તેને ભરોસે આ ઘર સોપી ગયા હતા, ત્યારે આ વીરપુરૂષે મ્હારી બુમથી દોડી આવી તે વખતે મ્હને એ અત્યાચારીના હાથમાથી બચાવી લીધી હતી "

' ત્યારે આજ સુધી એ વાત ત્હે મ્હને કેમ ન કરી ? "

" મ્હારા આ સામે ઉભેલા પ્રાણદાતાએ મ્હારી પાસે એ ન કહેવા વચન લીધુ હતુ, માટે "

" વીર પુરૂષ ! " અમીર ગુલાબસિહ તરફ ફરીને બોલ્યો, " આ વાત ગુપ્ત રાખવામા તમને શો લાભ હતો ? "

" મ્હારૂ નામ છૂપાવવુ ! "

"તમે કોણ છો ? "

" ગરીબોનો મદદગાર ! અમીરોનો કાળ ! અમીર ! મ્હારૂ નામ બ્હારવટીઓ ગુલાબસિહ "

જો કે ગુલાબસિંહ પોતાનુ ખરૂ નામ અમીરને કેવા ન્હોતો ઇચ્છતો, છતા જુઠ્ઠુ ન બોલવાની તેની પ્રતિજ્ઞાએ તેને સત્ય અભિધાનનો સ્ફોટ કરવા ફરજ પાડી

ગુલાબસિંહના નામ માત્રથીજ અમીર થંડો થઈ ગયો બ્હાર વટીઆનો હાથ પોતાના હાથમા લેતા તે શંકાશીલ અને દગાખોર દીલ બોલ્યુ, “ ગુલાબસિંહ ! આજથી તમે મ્હારા પરમ સ્નેહી થયા છો. મ્હારી શાન્તાની લાજ બચાવી આપે મ્હને ઋણી કર્યો છે ”

“ સર્વ કંઈ ઇશ્વરની મરજી મુજબ થાય છે મ્હે એમા મ્હારી ફરજ બજાવ્યા સિવાય વિશેષ કંઇ કર્યું નથી ”

“ એ આપની ન્હાનમ્ અને નમ્રતા સૂચવે છે કહો, ગુલાબસિંહ ! આવી અંધારી રાતે આપને અહીં કેમ આવવુ પડયુ ? ”

“ એક અગત્યના કામસર મ્હારે પરગામ જવાનુ છે બનતા સુધી હુ કાલે સ્હવારેજ પાછો ફરીશ તો એટલો વખત આ મ્હારી લાડીલી પુત્રી સરયુને તમે તમારે ત્યા રાખશો ? ”

‘ ખુશીથી ”

સરયુને શાન્તાના હાથમા સોંપી નવા બનેલા સ્નેહીને ભરોસે ગુલાબસિંહ નિશ્ચિંત થઇ ચાલતો થયો પરન્તુ અમીરના મનના ભાવો કલ્પવા અશક્ય હતા તેને સૌથી વધુ તો “સુલતાન આટલો નીચ છે ? ” એનેજ માટે લાગતુ હતુ સુલતાનને શિક્ષા કરવાનો વિચાર તેણે દીલમા નક્કી કર્યો

પુષ્પઃ—૩ જું.

"વિશ્વાસઘાત"

પ્રભાતે શાન્તા સરયુને ચોટલો વાળવા બેઠી ત્યા અબોડામા પેલુ અલૌકિક ગુલાબનુ ફુલ દીઠુ પળભર તે તેને જોઈ સ્થભીજ ગઈ ઓળતી કાસકી અને હાથ બંને અટકયા

"સરયુ! આ ફૂલ ત્હારી પાસે કયાથી?" આશ્ચર્યમુદ્રાએ શાન્તા બોલી

"અમારી વાડીના સરોવરમા એ થાય છે કેમ વારૂ?"

"તમારી વાડી કયા આવી?"

"તેનો રસ્તો મ્હને મ લમ નથી"

"એ વાડીમા તમે કોણ કોણ રહો છો?"

"હુ, પિતાજી અને વીરો!"

"એ વીરો કોણ?"

"પિતાજીના મદદગાર"

"ત્હારી બા નથી?"

"હતી! પણ એ તો ગઈ" એટલુ કે'તા સરયુની આખોમા માના સ્મરણે આસુ ભરાયા

"એ ફૂલ મ્હને એક દી બતાવીશ કે?"

"પિતાજીએ મ્હને એને વિષે કોઇ પૂછે, તો કંઈ પણ ન કહેવાની, તેમજ કોઇને ન આપવાની ખાસ સુચના કરેલી છે"

"ભલે! ત્હારૂ જન્મ નામજ સરયુ કે?"

"હા! પિતાજી તો મ્હને ન્હાનપણથીજ સરયુ કહે છે પરન્તુ મા કેટલીકવાર સરોવરની સુંદરી કે'તી હતી"

"સરોવરની સુંદરી" આટલો શબ્દ અને પેલુ અલૌકિક ફૂલ શાન્તાની ઉપર છુપી જાસુસી કરતા બદમાશ સુલતાને, સાભળ્યો, અને જોયુ વૈર લેવાની શોધમાજ ફરતા એવા પાપીને બ્હાનુ મળ્યુ તે તરત આ બાતમી અમીરને પ્હોચાડવા દોડયો

"ફૂલ તે ખરેખર ફૂલજ છે હો!" શાન્તાએ પ્રશસા કરવા માંડી.

"તમને એ બહુ નવાઈ લાગે છે નહિ?"

"હાસ્તો"

"હુ તો રોજે એ'વુ એક એક ફૂલ અંબોડામા ગજરે ગુથી બાધુ છુ"

"તો આજનો દિવસ એ મ્હને પ્હેરવા ન આપે?"

"પિતાજીને ખબર પડે તો!"

"તો શુ?"

"મ્હને વઢે"

"હુ કોઇને ખબર નહિ પડવા દઉ થોડીવાર પછી પાછુ લઇ લેજે"

"સારૂ ત્યારે! પણ જો જો! તમે એ કોઇને ન બતાવતા હો!"

"નહિ બતાવુ!"

"તેમજ પ્રાણ જતાં એ ગૂમાય નહિ"

"વારૂ !"

શાન્તાએ નિર્મળ હૃદયે **સરયુને** સમજાવી તેની શર્ત મજુર રાખી, ફૂલ મેળવ્યું એને આ દૈવી ફૂલનો મોહ લાગ્યો હતો જો કે એ ફૂલ કેટલુ અણમૂલ અને જોખમ ભરેલુ છે, એનાથી તે સર્વથા અજ્ઞાત હતી વેણી ગુથી તેણે પોતાને અંબોડે એ બાંધ્યુ

જે અરસામા **સુલતાન સરદારસિંહને** શોધતો શોધતો આ બાતમી દેવા તેના ખાસ ઓરડામા જઈ પહોચ્યો આ વેળા અમીર શાન્તા ઉપર કરેલા **સુલતાનના** બળાત્કાર વિષય ઉપર વિચાર ચલાવી રહ્યો હતો બ્હારવટીઆ **ગુલાબસિંહ** પ્રતિ તેના ઉરમા સન્માન ઉભરાતુ હતુ એટલામા તેની વિચાર શ્રેણી અટકી **સુલતાન** આવી લાગ્યો

" અન્નદાતા ! એક છુપી બાતમી મળી છે "

" કોણ **સુલતાન** ? " સુલતાનને જોતાજ અમીર ક્રોધથી રકત-નેત્રે ધુરકયો

' જી હા - નામદાર ! "

" બોલ ! ઓ ચાડાળ ! આજથી છ માસ ઉપર જ્યારે હુ તને આ ઘર સોપી ગયો હતો, ત્યારે ત્હે મ્હારી ગેરહાજરીનો કે'વો લાભ લીધો હતો ? "

" તદ્દન નિર્દોષ છુ માલીક ! "

" ચુપ રહે ! " કે'તાજ અમીરની સમશેર મ્યાન બ્હાર નીકળી. **સુલતાનની** ગરદન પોતાના લોખડી બાહુમા પકડતા તે ગર્જ્યો, " નાપાક ! મ્હારી સ્ત્રી ઉપર તુ બળાત્કાર કરવા ન્હોતો ગયો ? "

" ના ન . ન .. પૂછો "

"સાચુ ભસી દે! નહિ તો સરદારની સમશેર એકજ ઘાએ બે ટુકડા કરી નાખશે "

કહેવત છે કે જેવા બાપ તેવા બેટા! અત્યાચારી શેઠના સેવકો પણ વ્યભિચારી હોય એમા શુ નવાઇ? સુલતાન અમીરના તીખા સ્વભાવથી સપૂર્ણ માહિતગાર હતો તે અડગ ઉઠાવગીર બોલ્યો, "નામદાર! આપની સ્ત્રીજ બદચાલની છે "

"શુ?" અમીરની આખોમાથી અગારા વર્ષવા લાગ્યા

"સાચુ કહુ છુ મ્હારા માબાપ! હુ ગરીબને નાહક ન બોળી મારો! શેઠાણી એક જણ સાથે પ્રેમમા પડેલા છે"

"હડહડતુ જુઠાણુ? નીચ! બોલ શાન્તા ઉપર બળાત્કાર કરવાને ઇરાદે રાતના તુ તેના શયનભુવનમા ન્હોતો ગયો?"

'યા ખુદા! માલીક સાથે બેવફા? સરકાર! આપને કોઇએ સજ્જડ ભભેર્યા છે "

"એટલે?"

" આપને મારા જેવા નિર્દોષ ઉપર સખ્ત થવા ભભેરનાર જાતેજ ગુન્હેગાર છે"

"તુ સાચો હતો, તો શાન્તાના બદચલનની વાત ત્હે આજ સુધી મ્હને કેમ ન કરી?"

"શેઠાણીએ મ્હને એ ન કહેવા પાક પરવરદિગારના સોગદ લેવડાવ્યા હતા."

"તો શુ ત્હે કોઇ વાર ત્હારી શેઠાણીને ખરાબ રસ્તે જતા જોઇ છે"?

" ઘણી વાર "

"**મુલતાન** ! યાદ રાખજે કે જે બોલે છે, તે સાબીત કરી આપવુ પડશે "

"**સુલતાન**ની વફાદારીની ખાત્રી કરવી હોય તો અત્યારેજ ચાલો, અને જુઓ ! કે જે છોકરીને તમે આશ્રય આપેલો છે, તે **સરોવરની સુન્દરી** છે "

"હે !"

" તે ઉપરાત પેલુ અલૌકિક ગુ**લાબનુ** ફૂલ તેના અબોડામા હુ હમણાજ જોઇને આવુ છુ "

સ્નેહ–સરોવર ! સરોવરની–સુન્દરી ! અને ગુલાબના ફૂલને માટે લોકોમા આજ કેટલાયે વર્ષો થયાં વિધ વિધ પ્રકારની વાયકાઓ ઉડી રહી હતી રાજકુવરી **ભાનુમતી**એ તો પોતાની પ્રજા સમક્ષ એવો ઢઢેરો મૂકયો હતો, ' કે જે કોઇ એ અલૌકિક **ગુલાબનુ** ફૂ**લ** આણી આપશે, અગર એની સપૂર્ણ માહિતિ મેળવી લાવશે, તેને તે પોતાના પતિ તરીકે પસદ કરશે " અને રાજકુવરીનો હસ્ત મેળવવા માટે કેટનાયે સમશેર બહાદૂરો આ ફૂલ મેળવવા તનતોડ પ્રયત્નો કરી રહ્યા હતા અમીર પણ એમાનો એક હતો

પરન્તુ અજ્ઞાત **શાન્તાને** પોતાના પતિના હૃદયની આ ગુપ્ત વાતનો અણસારો સરખોયે ન્હોતો આવ્યો જે ફૂલને માટે ભલભલા ભેજાઓ જગલેજગલ આથડી મ્હોતના મ્હેમાન થતા હતા, તે ફૂલ, અને તે **સરોવરની સુદરી !** આજ અનાયાસે પોતાના **હાથમા** આવેલા ધારી અમીરનો હર્ષ અતરમા ન સમાયો

સુલતાનને મ્હોડે આ વાત સાભળતાજ તેણે પોતાના તમામ સેવકોને એ છોકરી ઉપર સખ્ત જાપ્તો રાખવાનો હુકમ સભળાવી દીધો **શાન્તા**ને સમજાવી તેની દ્વારા સર્યુની પાસે એ ફૂલ પડાવી લેવાના વિચારે તે **શાન્તા**ના દિવાનખાનામા ગયો પરન્તુ **શાન્તા** ત્યા ન્હોતી. તેજ વખતે વૃદ્ધ સેવક **"સુમન્ત"** કે જે પોતાના નિર્દય શેઠની નોકરી અને કાળા કામોથી સર્વથા કંટાળી ગયો હતો, તે આ નવો હુકમ સાભળી શેઠને બે બોલ કે'વા ઉપર ગયો જ્યા અમીરી અને ગરીબીના વાદવિવાદને અ તે **શાન્તા** વચ્ચે પડી સેવકો દ્વારા **શાન્તા**ને પોતાના પતિના હુકમની ખબર મળી ચૂકી હતી પોતાના ધર્મ-બધુ સાથે વિશ્વાસઘાત રમી દીધેનુ વચન તોડના તેણે વ્યાજબી ન ધાર્યું. છેવટે **શાન્તા** પતિની સ્હામે થઇ **સરયુની** વ્હારે ચડી શકાશીલ પતિને આથી **ગુલાબસિંહ** સાથે **શાન્તા**ને આડો સબધ છે, એવી **સુલતાન**ની વાત સાચી લાગી આવેશમા ને આવેશમા તે **શાન્તા**ને ખજર મારવા ધસ્યો, અને ત્યા તેણે એનુ અલૌકિક પુષ્પ જોયુ. **શાન્તા**એ તે **સરયુ** પ્રતિ ફેંક્યુ, અને અમીર તે મેળવના **સરયુ**ની પુઠે દોડ્યો એ આપણે પહેલા પુષ્પમા વાચી ગયા

પુષ્પઃ—૪ થું.

" દગો ! "

"અબડગાર ! વિશ્વાસઘાતી ! એટલેજ રહે ! ' સરસ્વુએ પોતાની પાછળ પડેલા અમીરને પાસે આવતા અટકાવ્યો

" છોકરી ! જો જીવવા મ્હાતી હોય તો પેલુ ફૂલ દઈ દે "

" આ જીવ જાય તોય શુ ?

છે પ્રાણના અસ્તિત્વથી પણ ફૂલ એ મોઘુ મ્હને,
આ પારકી વસ્તુ ઉપર અધિકાર છે શાનો ત્હને ?
નાપાક ત્હારૂ દીલ ને નાપાક ત્હારા હાથ છે,
અપવિત્ર ત્હારી આખ પણ નહિ સાફ ! એમા પાપ છે "

" તેથી શુ ? "

" એજ કે ! ત્હારા અપવિત્ર કરોમા આ પવિત્ર વસ્તુ ન શોભે !

સરખે સરખુ શોભતુ સદૈવ આ સસાર,
સાકર સાથે દૂધ તો ઘી સાથે કસાર
ચયમા પાણી ના ભળે મળે ન અમૃત ઝેર,
સર્પ નોળીઆ બેઉને બાપે માર્યા વેર
ઉદર બિલ્લીમા કદી મિત્રતા ન બધાય,
વિરોધતા શોભે નહિ .શોભે તે શોભાય.

સરિતાં અને સાગરનો સમમ થાય ! પરન્તુ સજ્જન અને દુર્જનનો સઘ કદાપી કાશી ન જાય જે વસ્તુ જેના હાથમા શોભે, ત્યાજ શોભે ! "

" તો સીધી રીતે તુ નહિજ સમજે ? "

" હુ પણ ત્હને સીધેજ રસ્તે સમજાવુ છુ ! સારો અને સાદોજ માર્ગ બતાવુ છુ "

' ત્યારે મ્હારે આડો રસ્તો લીધા વિના હવે છૂટકો નથી "

"તેનુ પરિણામ વધુ ભયકર આવશે"

"જેને કામજ કરવુ છે, તે કષ્ટની દરકાર રાખતોજ નથી જેને જીવ સાથે ઝઝવુ છે, તે પરિણામનો વિચાર કરતોજ નથી છેવટ આ પાર કે પેલે પાર !"

"તો લે ! ત્હારો એ નિશ્ચય અમલમા મૂકતા પ્હેલાજ એનું પરિણામ જોવા તૈયાર થા

ચૂટી લઉ સૌન્દર્ય કે જે પ્રાણ છે આ ફૂલનો
અફસોસ ! કર પોતેજ તુ ત્હારી કરેલી ભૂલનો !

જો . "

સરયુના નાજુક હાથોમાથી એ દૈવી પુષ્પ ઝુટવવા શયતાન અમીર આગળ વધ્યો અણી ઉપર આવેલી સરયુએ તે ચૂટી નાખ્યું. પાખડીએ પાંખડી છૂટી પડી વેરાઈ ગઈ તેનુ અલૌકિક સૌન્દર્ય નષ્ટ થઈ ગયુ. સરદારસિંહતો એક નાદાન છોકરીના આ પરાક્રમ અને સાહસે દિગ થઈ ગયો. ગમે તેવી પણ આખરે સરયુ એક વીર બ્હારવટીઆની પુત્રી હતી ! રજપૂત કન્યા હતી

અમીરની આખોમાથી આગોના ભણુકા નીકળ્યા ઝનૂની જીગરે -અને લાલચોળ આખે તેણે એ બ્હાદુર બાળાનો કોમળ હાથ ઝાલ્યો. ખુમ મારી 'સુલતાન !"

"જી "

"આ હરામખોર જીદ્દી છોકરીને લઈ જઈ કારાગ્રહમા કેદ કર ફૂલની પૂરતી માહિતી એ ન આપે ત્યા સુધી એને ન છાડતો "

નિર્દય **સુલતાન** ફૂલ જેવી સુકોમળ **સરયુને** કસાઇ બકરાંને ઘસડે એમ ઘસડતો ઘસડતો કારાગૃહમા લઇ ગયો જ્યારે હાથમા આવેલુ ફૂલ ગૂમાવી બેસવાના મૂળ કારણભૂત એવી **શાન્તાને** શિક્ષા કરવા અમીર તેના ઓરડા તરફ વળ્યો

પતિના **સરયુની** પુઠે પડયા પછી **શાન્તા** ચોધાર આસુએ રડી પડી પોતાના ધર્મ-બધુને પ્રાણુના જોખમે પણુ "**સરયુ**" ને ઇજા ન આવવાનુ દેવાનુ આપેલુ વચન તેને પ્રતિ પળે મુઝવવા લાગ્યુ પોતાના નિદય પતિને સમજાવવા નિરર્થક છે, એમ માનતી અને નિષ્ફળ નીવડેલી **શાન્તા** મદદને માટે નિરાધારના આધાર **અવનીશને** સભારવા લાગી

જગદીશ તુ જાણે બધુ, ત્હારાથી કઇ છૂપુ નથી,
ત્હારી કૃપા, ઇચ્છા વિના કઇ કોઇથી બનતુ નથી
પરદુખભજન નામ ત્હારૂ ન્યાયી તુ કિરતાર છે,
જીવન ગરીબોનુ ! અનાથોનો તુહી આધાર છે

આજે સ્મરે છે **શ્રીહરિ** ! આ રાક અબળા આપને !
"**સરયુ**" હવે સોપાય છે, તમને ! જગતૂના તાતને.
સકટ વિષેથી **શ્રીહરિ** ! એ'ને તમે સભાળજો,
ને રે'મદષ્ટિથી સદા એ ફૂલ પર નિહાળજો."

પ્રભુએ કેમ જાણે **શાન્તાના** સાચા હૃદયની પ્રાર્થના સાભળી ન હોય ? તેમ એકાએક ત્યા બ્હારવટીઓ **ગુલાબ** આવી પહોચ્યો કારણકે તેનુ ધારેલુ કાર્ય ઘણીજ સ્હેલાઇથી પાર પડયુ હતુ

"**શાન્તા**!" **ગુલાબે** પ્રવેશ દ્વારમા ઉભા રહીનેજ બૂમ મારી

" કોણુ ? ભાઇ ! " **શાન્તા** વ્હેલી વ્હેલી ઉઠી પોતાના ધર્મના ભાઇને ભેટી પડી

' **શાન્તા** ! ત્હારી આખમા આ આસુ શા ' "

શાન્તાએ ગદ્‌ગદ્‌ કંઠે પોતાની નજીવી ભૂલનુ ભયકર પરિણામ **ગુલાબસિહને** કહી સભળાવ્યુ તે બોલી

"ભાઇ ! તમે સત્વર દોડો ! **સરયુ** સકટમા છે "

"ફિકર નહિ **શાન્તા** ! "

"ભાઈ ! તમે સમય ન ગુમાવો હમણાજ મ્હારા ખૂની પતિ અહીં આવી લાગશે "

" તેની તને બહુ બ્હીક લાગે છે ? "

"હા ! મારી સાથે તમને જોઈ તેમના ક્રોધમા વૃદ્ધિ થશે "

"કારણુ ? "

" તેઓ આપણા ઉપર શકાશિલ નજરથી જુએ છે વિષયાધ **સુલતાને** એમને આપણી વિરુધ્ધ ખોટુ સમજાવ્યુ છે તે ઉપરાત આ ફૂલના બનાવે તમે એમના શત્રુ થયા છો "

" તું મ્હને જીવ બચાવવા ન્હાસી જવાની સલાહ આપે છે?"

"નહિ તો શુ ?"

"**શાન્તા** ! આ **ગુલાબસિહ** જીવનમા પાછી પાની કોને કરવી ? એ સમજતોજ નથી સ્હામી છાતીએજ મરવામા તે પોતાનુ ગૌરવ સમજે છે ..

જે સ્હામી છાતીએ મરે ! તે વીર સાચા હોય છે,
પાછા ચરણ રણમા ધરે તે બાયલાઓ હોય છે
મરવા વિષે રહી . વીરતા નહિ મારવામા વીરતા,
વનરાજ ધુરકે પિંજરે એ'મા રહી શુરવીરતા
ખોટા પ્રપંચો ખેલના એ કાયરોના કામ છે,
પાછી બતાવે પીઠ એ તો નિર્બળોના નામ છે
શૂરો કદી સંગ્રામમા દરકાર શિરની ના કરે,
દઈ પ્રાણ સ્વર્ગે સંચરે કયા તો વિજય કીર્તી વરે"

એટલામા ત્યા અમીર આવી પહોચ્યો **શાન્તાના** માથા ઉપર **ગુલાબસિંહનો** હાથ જોતાજ તેની આખો ચાર **થઈ**
"કોણ **ગુલાબસિંહ** ? તમે કયારે આવ્યા ?" અમીરે પૂછ્યુ

'હમણાજ અમીર ! **સરયુ** કયા છે ?" કંઈક સખ્ત સ્વરે **ગુલાબસિંહે** સવાલ કર્યો

"નીચે રમતી હશે ! ચોભો હુ બોલાવી લાવુ"

દગાખોર અમીર **ગુલાબસિંહનો** ઘાટ ઘડવા અને પોતાના માણસોને એકત્ર કરવા નીચે આવ્યો પરન્તુ જમાનાનો ખાધેલ ચતુર બ્હારવટીઓ તેના સ્હેનચાળા પલ મા ચેતી ગયો સરદારની પૂઠ ફરી કે તરતજ તે ઉભો થયો

"**શાન્તા** ! હવે છેવટના રામરામ ! હુ જાઉ છુ **સરયુને** બચાવુ છુ હાથનો ઝપાટો બતાવ્યા સિવાય હવે ચાને એમ **નથી** લાગતુ !"

શાન્તાનો પ્રત્યુત્તર સુધ્ધા સાભળના **ગુલાબસિંહ** ન રહ્યો. તે બહાદુર બ્હારવટીઆએ બારીએથીજ પડતુ મૂકયુ બરાબર **તેજ** વખતે **શાન્તાના** ઓરડામા **સરદારસિંહ** માણસો સાથે આવી પહોચ્યો

"ક્યા ગયો ગુલાબ ?"

"આ રહ્યો ! નીચે આવ !" નીચે ઉભેલા ગુલાબે બુલંદ અવાજે બૂમ મારી.

બારીએથી સરદારે ગુલાબને જોયો બહારવટીઆની હિંમત જોઇ તે છક થઇ ગયો તે પોતાના માણસોને લઇ ગુલાબસિંહને પકડવા પાછો સીડી ઉતરવા મંડયો તેને જતો અટકાવવા શાન્તાએ તેનો એક હાથ ઝાલ્યો "પ્રભુ ! દયા કરો ! મ્હારે ખાતર એ નિર્દોષ ગુલાબસિંહને જીવતો જવા દયો"

"ત્હારે ખાતર ? બરાબર છે તુ ગુલાબસિંહને ચ્હાય છે, તેથીજ બચાવવા માગે છે, કેમ ? પરન્તુ એ કદી નહિ બને"

શંકાશીલ નિર્દય અમીર શાન્તાને દાદરમાજ પટકી, નીચે ઉતરી ગયો ગાડી શાન્તા ! ગુલાબસિંહની સમશેરનો ઝપાટો તેણે ન્હોતો જોયો નહિ તો તેને બચાવવા તે કદી પણ પોતાના પતિને વિનતિ ન કરત ! કારણ ? ગુલાબસિંહ અમીરના જેવા એક નહિ પણ એકાવનને એક સાથે પ્હોચવાની શકિત ધરાવતો હતો

અમીરને તેના હથીઆરબંધ માણસો સાથે પોતાની સ્હામે આવતો જોયા છતા ગુલાબસિંહ એક ડગલુ પણ પાછળ ન હટયો, તેના એક હાથમા પિસ્તોલ તો બીજા હાથમા ખુલ્લી તરવાર હતી.

બ્હારવટીઆથી થોડેજ આગે આવી અમીર પોતાના માણસો સાથે અટકયો "ગુલાબસિંહ ! નાહકનુ લોહી રેડવા કરતા જીવતોજ પગમા પડ !"

"પગમા પડવાનુ સ્હેલુ નથી લોહી રેડયા અને રેડાયા વિના કાર્યસિદ્ધિ કદાપી થતી નથી શુ લોહી રેડવાથી આપ શ્રીમાન ડરો છો કે ?"

"ડર ? મ્હને શાનો ? તુ એકલો છે ડર ત્હારે રાખવાનો હોય !"

"ભૂલી જજો ! આટલા વર્ષ બ્હારવટીઆની જીદગી ગાળી ! છતા ડર શી વસ્તુ છે, તે **ગુલાબસિંહ** ઓળખતોજ નથી હુ તો જન્મથી માંડી અત્યાર સુધી મુશ્કેલીઓજ વેઠી વેઠી મ્હોટો થયો છુ.

અતે હીરો તે તો હીરો ને કાચ તે તો કાચ છે
સાચા વિરો નિર્ભય સદા નહિ સાચને કઈ આચ છે
અન્યાયને રસ્તે ચઢે તેનુ ભયકર મ્હોત છે
સૌ સત્ય રસ્તે ચાલનારાને પ્રભુની ઓથ છે"

નજર સુકાવી **સરદારસિંહે** પ્હેલી ગોળી છોડી પરન્તુ ચેતેલા **ગુલાબે** તેને પોતાની તરવાર ઉપર ઝીલી લીધી. અમીરની ઉપર ઘા કરવા હવે **ગુલાબસિંહ**ની પિસ્તોલ ઉચી થઇ પરન્તુ એમાથી ગોળી છૂટે એ પ્હેલા એક અદ્‌ભુત ચમત્કાર બન્યો

કારાગૃહમા **સરયુ**ને પરી પાછા ફરતા **સુલતાને** દૂરથી આ દેખાવ જોઇ લીધો **ગુલાબસિંહ**ની પીઠ **સુલતાન** તરફ હોવાથી તે બહાદુર બ્હારવટીઓ એ દમામાજ શયતાનને પોતાની પાછળ આવતો ન જોઈ શક્યો ઉચો હાથ કરી તેણે ઇશારતથી અમીર તથા તેના માણસોને ગોળી ન છોડવાનુ સૂચવ્યુ એક પાચ બહારની પિસ્તોલ તેણે પોતાના કમરપટામાથી ખેચી કાઢી

ગુલાબસિંહની છેક પાસે આની તેણે ઘોડો દાબ્યો પરન્તુ !

માણસ ધારે હુ કરૂ હુથી નવ કઈ થાય,
ફાફા મારે માનની ધાયુ હરિનુ થાય

તેજ પ્રમાણે બન્યુ **સુલતાન**ની ગોળી **ગુલાબસિંહ**ની પીઠ વીધી નાખે તે પ્હેલા એક કદાવર વ્યક્તિએ ડાબા હાથે **ગુલાબસિંહ**

ને જમીન ઉંપર ચ તોપાટ ફેકી દીધો જે પળે ગુલાબસિંહ અચાનક ધકકાથી જમીન ઉપર પડયો, તેજ પળે **સુલતાનની** પિસ્તોલમાથી ગોળી છૂટી ચુકી હતી આ બાજુ **ગુલાબસિંહના** મદદગારના જમણા હાથ માહેનુ ખંજર પણ પોતાનુ કામ કરી ચૂક્યુ હતુ અર્થાત્ **ગુલાબસિંહના** પ્રાણ લેવા જતા **સુલતાન** પોતે પોતાનો પ્યારો પ્રાણ ગુમાવી બેઠો હતો

પરન્તુ **સુલતાનની** પિસ્તોલમાથી છૂટેલી ગોળી નકામી ન ગઈ અમીર કે તેના એક પણ સેવકને વિંધવાને બદલે તેણે એક ત્રીજીજ નિર્દોષ વ્યકિતની છાતી વીધી નાખી

અને તે વ્યકિત તે પોતાના પતિને **ગુલાબસિંહ** ઉપર ગોળી છોડતા અટકાવવા દોડી આવતી અભાગીની **શાન્તા** હતી

શાન્તા અને **સુલતાન** પ્રાણત્યાગ કરી પૃથ્વી ઉપર પડયા અમીર **શાન્તાને** લોહીમા તરબોળ થઈ પડેલી જોતાજ **ગુલાબસિંહને** ભૂલી તેની પાસે દોડયો જ્યારે સમય વિચારી પેલા મદદગાર સાથે **ગુલાબસિંહ** પણ અમીરનુ ઘર છોડી ગયો **શાન્તાના** આવા અચાનક મૃત્યુથી બ્હારવટીઆના હૃદયમા બહુ લાગી આવ્યુ તેની આખમાથી બે આસુ ટપકી ગયા પણ તે શુ કરે ? **યમરાજના** આમત્રણો કોનાથી રોકાય છે ? વિધિના લેખ કોનાથી ફેરવાય છે ?

ત્યારે **ગુલાબસિંહ** બ્હારવટીઆને અણીને પ્રસગે આવી પ્હોચી મ્હોતના મુખમાથી બચાવી લેનાર કોણ ? એ તેનો વફાદાર સેવક અને જમણો હાથ શૂરવીર વીરો હતો

પુષ્પઃ—૫ મું.

“વીરાનુ શૂરાતન.”

“અહેના! બ્હાર કોઈ પુરૂષ આવેલો છે તે પોતાને અમીરનો સેવક ઓળખાવે છે” દાસીએ કહ્યુ

“તેને અંદર મોકલ”

રાજકન્યા **ભાનુમતીનો** આ એકાન્ત આવાસ હતો અમીર અને **ભાનુમતીને** સારો સબધ છે, એમ સર્વ કોઇ જાણતુ હતુ કારણકે અમીરે **ભાનુમતીને** પેલુ દિવ્ય ફૂલ ગમે તે ઉપાયે મેળવી આપવાનુ વચન આપ્યુ હતુ અમીરને **ભાનુમતીના** મહેલમા જવાની છૂટ હોવાથી તે વારવાર **ભાનુમતીને** ત્યા જતો તેમજ **ભાનુમતી** પણ અમીરના મકાને વખતોવખત છૂપી રીતે જતી જો કે અમીરની ઇચ્છા એમા **ભાનુમતીને** પરણવા સિવાય બીજી કોઈ ન્હોતી, જ્યારે **ભાનુમતીને** પેલા ફૂલનીજ લગની લાગી હતી

થોડી વારે દાસી એક કદાવર બાંધાના યુવાનને સાથે લઇ ત્યા આવી પ્હોચી **ભાનુમતિને** આવનારે નીચા નમીને નમન કર્યું

“તુ કોણ છે? અને કયાથી આવ્યો છે?” અભિમાની રાજકુવરીએ લક્ષ્મી અને સત્તાના મદમા સૂતા સૂતાજ પ્રશ્ન કર્યો

“હુ અમીર **સરદારસિહનો** સેવક છુ, અને એમનીજ આજ્ઞાથી અહીં આવ્યો છુ”

" અમીરને ત્યાંથી તો હરહમેશ સુલતાનજ અહીં આવે છે, અને આજે તું કેમ? તું કોઇ નવો માણસ જણાય છે!"

"જી હા પેલી સરોવરની સુંદરી તથા ગુલાબનું ફૂલ હાથ કરતા અમીરને પોતાની પત્ની શાન્તા અને સેવક સુલતાનનો ભોગ આપવો પડ્યો છે"

" શું ? શાન્તા અને સુલતાન માર્યા ગયા ?" ભાનુમતી એકદમ બેઠી થઈ ગઈ

" હા "

" અને અમીરે પેલી સરોવરની સુંદરીને કેદ કરી ?"

" હા! ફૂલ પણ અત્યારે તેમના કબ્જામાં છે તેઓ કારાગૃહમાં તે સુન્દરીની કાળજી પૂર્વક સંભાળ રાખતા બેઠા છે, અને તમને ત્યાં બોલાવે છે"

" તેઓ જાતેજ અહીં કેમ ન આવ્યા ?"

" સરોવરની સુંદરીને અહીં તમને દેખાડવા લાવી શકાય એમ નથી. કારણ ? તેને છોડાવવા બ્હારવટીઓ ગુલાબસિંહ તન-તોડ પ્રયત્ન કરી રહ્યો છે"

"ત્યારે તને તેડવા મોકલ્યો છે, કેમ ?"

"હા!"

રાજકુંવરી ભાનુમતી એકદમ વસ્ત્ર ઠીક કરી ઉભી થઈ ગઇ. કોઈપણ પ્રકારના વિચાર વિના તે આવેલા અમીરના સેવક સાથે સંચરી. બન્ને કારાગ્રહમાં પ્રવેશી ચૂક્યા.

રાજકુંવરી ભાનુમતી સાથે હોવાથી આ વેશધારી અમીરના સેવકને અટકાવવા કોઇપણ પહેરેગીર હિંમત કરી શક્યો નહિ. સઘળા

સેવક તેને **ભાનુમતી**ની સાથે આવેલો રાજકુવરીનો સેવકજ ધારવા લાગ્યા અદર જતાજ એક પ્રહરીને વેશધારી સેવકે પુછ્યુ

"અમીરે આ રાજકુવરી **ભાનુમતીને** પેલી છોકરીને કેદ કરી છે, ત્યા લઇ આવવા કહ્યુ છે તો એ રસ્તો કયો ?"

સેવક **ભાનુમતીને** તેની સાથે જોતાજ બોલ્યો "પેલો છૂપો દરવાજો"

ભાનુમતીએ આગળ ચાલતા એ વેશધારીને પૂછ્યુ "તુ કારાગૃહનો રસ્તો નથી જાણતો ?"

"નહિ! કારણ કે હુ નવોજ આવેલો છુ"

ભાનુમતીની શકા ભાગી અને **સરયુના** કેદખાનાના દ્વાર આગળ આવી પહોચ્યા એક પહેરેગીર ત્યા પહેરો ભરતો હતો રાજકુવરીને જોઇ તેણે મસ્તક નમાવ્યુ

"પહેરેગીર ! અમીર સાહેબ ક્યા છે ?" **ભાનુમતીએ** અમીરને ત્યા ન જોતા પુછ્યુ

"ખબર નહિ ! એમના ખાનગી ઓરડામા હશે કહો તો બોલાવી લાવુ"

"ના ના કઇ કામ નથી ચાલ હુજ ત્યા જાઉ છુ" કહી **ભાનુમતી** ફરી તે વેશધારી સેવકને ઉદ્દેશી બોલી, "અલ્યા ! તુ તો કહેતો હતો કે અમીર મ્હારી કારાગૃહમા રાહ જુએ છે તે ક્યા છે ?"

"શી ખબર ! કુમારી ? હુ તો ચીઠ્ઠીનો ચાકર ! મ્હને તો કહેવા મોકલ્યો, એટલુ જાણુ પરન્તુ મ્હારી એક વાત સાભળશો ?"

"શુ ?"

" તમે આ પહેરેગીર પાસેથી ચાવી લઇ ખુશીથી એ **સરોવરની સુન્દરીને** જુવો તે અરસામા હુ અમીરને તેડી આ આવ્યો "

ભાનુમતીના મગજમા આ વાત ઉતરી **"સરોવરની સુન્દરી"** કેવીક ખૂબસુરત હશે ? એ જોવા તે અધીર બની હતી

ભાનુમતીએ પહેરેગીરને કારાગૃહના દ્વાર ખોલવા આજ્ઞા કરી. પહેરેગીર બોલ્યો

" માફ કરો ! કુમારી ! અમીરનુ સખ્ત ફરમાન છે કે મ્હારે આ દરવાજો કોઇને પણ ન ખોલી દેવો "

આના જવાબમા **ભાનુમતી** કઇ પણ બોલે તે પ્હેલા તો વેશધારી અમીરનો સેવક તપી જઈ બોલ્યો "ઓ બેઅદબ ! આ તુ શુ બોલે છે ? તને ભાન છે ? રાજકુવરી **ભાનુમતીનુ** તુ અપમાન કરે છે ? "

એમ બોલતાજ કેમ જાણે **ભાનુમતીનો** પોતે પક્ષ કરી તેનુ માન ન સાચવતો હોય તેમ તે પહેરેગીર ઉપર તૂટી પડયો તેના હાથમાથી ચાવીનો ઝુમખો ઝૂટની લીધો તાળુ ઉત્તારી આપતા તે **ભાનુમતીને** નમીને બોલ્યો "રાજકુવરી ! એ નાદાન **પહેરેગીરની** તરફ ન જુઓ ! જુઓ ! આ રહી **સરોવરની સુન્દરી** "

ભાનુમતી સરોવરની સુન્દરીને જોવા કારાગૃહના એ ઓર ડામા ગઇ તે વખતે વેશધારી સેવક પહેરેગીર તરફ ફરી બોલ્યો,

" જા ! અમીરને જ્યા હોય ત્યાથી શોધી કાઢી ખબર આપ કે રાજકુવરી **ભાનુમતી** કારાગૃહમા એમની રાહ જુએ છે "

મુગો મુગો પહેરેગીર વેશધારીના જુસ્સા અને ભય લાગે એવી આખથી ડરીને ચાલતો થયો એટલે વેશધારી એકલો પડયો જે બાજી રમવા તે આવ્યો હતો, તે ઇશ્વર કૃપાએ આબાદ પાર પડી હતી.

ભરેલી પિસ્તોલ તેણે ગજવામાથી ખેચી કાઢી **ભાનુમતી** પાસે જઈ તે બોલ્યો, " માફ કરજે રાજકુવરી ! મ્હારા સરદારનો હુકમ છે કે દરેક માણસને દગો રમતા પ્હેલા ચેતાવવો " અને તે મુજબ આ **સરોવરની સુદરીને** અહીંથી સહીસલામત ઉપાડી જતા પ્હેલા હુ તમને ચેતાવી દઉ છુ ચાલો જલ્દી કરો ! તમારી સાથે દગો રમવામા આવ્યો છે તમારી મૂલ્યવાન ઓઢણી ઉતારી આ છોકરીને આપી દયો "

" કારણ ? " **ભાનુમતી**એ સત્તાસૂચક સ્વરે પૂછ્યુ

" કારણ પૂછવાનો કે કહેવાનો અત્યારે વખત નથી કહુ તેટલુ કરો નહિ તો પછી બળાત્કારથી ઉતરાવવા પડશે '

" એમ ? "

" જોઇ છે આ "

ભરેલી પિસ્તોલ જોતાજ **ભાનુમતી** ઠડી થઇ ગઇ ચૂપચૂપ તેણે પોતાના મૂલ્યવાન વસ્ત્રાલકારો ઉતારી **સરયુ**ને આપી દીધા **સરયુ**ના ચીંથ **ભાનુમતી**એ અને **ભાનુમતી**ના ચીરા **સરયુ**એ ! એમ અદલાબદલી થઈ ચૂકી **સરયુ**ની જગ્યાએ હવે **ભાનુમતી** કારાગૃહમા પૂરાઇ

જતા જતા એ વેશધારી અમીરનો સેવક દરવાજાના લોખડી સળીયાના બાકામાથી બોલતો ગયો "રાજકુવરી ! કોઇ દિવસ ફરી આ બ્હારવટીઆ **ગુલાબસિહનો** જમણો **હાથ " વીરો "** તમને આવી મળશે "

સરયુને બચાવી બીજેજ રસ્તે **વીરો** પલાયન થઈ ગયો. જ્યારે અમીરને તેડવા ગયેલો પહેરેગીર ત્યા અમીરને તેડી આવી પહોચ્યો.

જ્યારે પહેરેગીરને મુખે અમીરે **સરોવરની સુન્દરીના** કારાગૃહનુ દ્વાર એક અજાણ્યા પુરૂષે ખોલી દીધાનુ સાભળ્યુ ત્યારેજ તેને "દગો !" થયાની ખાત્રી થઇ ચુકી તે ઉઠ્યો પહેરેગીર ઉપર ગુસ્સે થયો

"પરન્તુ મ્હે તને શુ કહ્યુ હતુ ? કે મ્હારી રજા સિવાય કોઇને પણ ત્હારે એ કુચી આપવી નહિ "

'માબાપ ! મ્હે તો નાજ પાડી હતી પણ "

"પણ શુ? ત્હારા બાપનુ કપાળ ? હરામખોર, ચાલ ! હવે જલ્દી કર આપણી સાથે દગો રમવામા આવ્યો છે"

હાથમા આવેલો શિકાર છટકી જશે કે કેમ ? **ભાનુમતીને** તેડી લાવનાર કોણ હશે ? વગેરે વગેરે શકાઓ હૃદયમા કરતો અમીર પેલા પહેરેગીર સાથે જ્યારે કારાગૃહના દ્વારે આવી લાગ્યો, ત્યારે તેને ત્યા **ભાનુમતી** કે પેલો નવો નોકર કોઇ જણાયુ નહિ ચાવીનો ઝુમખો નીચે જમીન ઉપર પડેલો હતો અને વધુ અજાયબી તો અમીરને એ લાગી કે કારાગૃહના દ્વારનુ તાળુ એવુને એવુજ બધ હતુ પહેરેગીરે વ્હેલા વ્હેલા દોડી દ્વારના સળીયાની ખાલી જગ્યામાથી અદર જોયુ તે હર્ષનો ચિત્કાર કરી ઉઠ્યો "ફિકર નહિ અમીર સાહેબ ! કેદી સલામત છે"

"શુ સલામત છે ?"

"હા !"

"સરોવરની સુન્દરી" હજુ પોતાના પ ઝામાજ છે, એ જાણતાજ અમીર **ભાનુમતી** તથા નવા સેવકની વાતને ભૂલી ગયો આનન્દપૂર્વક તેણે પહેરેગીરને સવાલ કર્યો "અબ્દુલ ! ખોલ ! ખોલ ! જલ્દી દરવાજો ખોલી..એ શિકારને એક વાર બ્હાર લાવ ! જોઉ તો ખરો!"

હરખાતે હૈયે **અબ્દુલે** ઝુમખો લઇ તાળુ ખોલ્યુ • **સરયુના** પોશાકમા **ભાનુમતીને** કાડુ ઝાલી તેણે બહાર કાઢી તેનુ મોઢુ **જોતાજ** અમીર બે ડગલા દૂર હઠી ગયો તેના મ્હોડામાથી ભય ભરેલા ઉદ્‌ગાર બ્હાર પડી ગયા

"કોણ રાજકુવરી **ભાનુમતી** ?"

વાચક! **સરયુની** જગાએ રાજકુવરી **ભાનુમતીને** જોતાજ અમીરની શી સ્થિતિ થઇ હશે? તે તુજ કલ્પી લેજે!

પુષ્પ.—૬ ઠું.

"પ્રાણઘાતક પુષ્પ."

"અમીર! આ શુ? મ્હારૂ અપમાન?" રાજકુવરી **ભાનુમતી** કારાગૃહમાથી બ્હાર નીકળતા બોલી.

"ક્ષમા કરો! રાજકુવરી! આપણે બન્ને દુશ્મનના દગાનો ભોગ થયા છીએ મ્હારી ગેરહાજરીનુ મૂળ મ્હારી **શાન્તા** તથા નિમકહનાન **સુલતાનના** અવસાન હતા, અને એને લઇને હુ મ્હારા શયન ખડમા ગમગીન ચ્હેરે બેઠો હતો જે સમયનો લાભ લઈ શત્રુ આપણા પઝામાથી શિકારને છોડાવી જવામા ફાવ્યો છે પરન્તુ રાજકુવરી! તમે એ બદમાશની જાળમા સપડાયા, એ મ્હને તો બહૂજ અજાયબી-ભર્યું લાગે છે"

રાજકુંવરી **ભાનુમતીએ** પોતાનો તમામ ઇતિહાસ **સરદાર-સિંહને** કહી સંભળાવ્યો તે પછી અમીર બોલ્યો, "રાજકુંવરી! કુંન મેંગનના જના મ્હેં **શાન્તા** અને **સુલતાન** બંનેને ગુમાવ્યા"

"કેવી રીતે ?"

"બ્હારવટીઆ **ગુલાબસિંહને** હાથ કરતા" અમીરની આંખ-માંથી પાણીના બે ટીપાં પડી ગયા

"પરન્તુ તમે રડોછો કેમ ?"

'ત્યારે શું કરૂં ? **શાન્તાનો** મૃત્યુ-ત્રાસ મ્હને તો બહુ સાલે છે"

"રડવાથી શું વળે એમ છે ? અમીર! **ગુલાબસિંહે શાન્તા** તથા **સુલતાનના** પ્રાણ લીધા, ત્યારે તમે કયાં હતા ?"

"ક્યાંયે નહિ!"

"તો પછી શું કર્યું ?"

"કશું એ નહિ"

"જોયા કર્યું ?"

"મ્હેં શું કર્યું ? તેમજ એ બધું કેવી રીતે બની ગયું ? તે મ્હારૂં મનજ સમજે છે તમને તેની કયાંથી ખબર પડે ?"

"શરમ છે! **સરદારસિંહ**! એટલો બ્હારવટીઓ તમારાથી ન પકડાયો ? ત્યારે તમે શું કર્યું ?

સમશેર આ લટકાવી તે! દેખાડવા શું નામની ?
વનરાજ થઇ ગર્જ્યા નહિ! એ વીરતા શી કામની?
તરવારને લજવી નકામું નામ બોળ્યું બાપનું,
સજવો હવે વીર-વેશ આ ભૂષણ નથી રહ્યું આપનું.

દસ દસ સેવકો છતા એક બ્હારવટીઓ તમારા હાથમાથી સહેલાઇથી છટકી ગયો ? અને તે પણ બબ્બે ખૂન કરીને ? અમીર ! ત્યા સુધી તમે શુ ઉધતા હતા ? "

' જાગતો હતો ! છતા મ્હારી વીરતા એની બહાદુરી જોઇ કયા લોપ થઇ ગઈ, એ મ્હને પોતાને પણ નથી સમજાતુ "

" તો ધૂળ પડી આપની એ મ્હોટી મ્હોટી વાતોમા "

છો બોલવે બ્હાદૂર પણ હિમત નથી પૈ ભારની,
આજે જણાયુ ! ધાર બુઠ્ઠી છેક છે તરવારની
વનરાજ તો ગર્જી ઉઠે પિસ્તોલના બસ બા'રથી,
શૂરવીર કપાવી મૂકે ધરણી ફકત હુકારથી

પરન્તુ તમારામા એમાનુ કશુય નથી તમારા જેવા નામર્દોને માટે તો —

લજવી જનેતા કૂખને તરવાર આ આઘી કરો,
પુરપત્વ ને પિસ્તોલ બને ! શુ વિચારો ? પરહરો
તરવાર નહિ ! શોભે હવે તો કકણો આ હાથમા,
સોળે સજી શણુગાર બેસો સુન્દરીના સાથમા "

' રાજકુવરી ! બસ કરો ! સરદારસિહ સુન્દરીની સાથમા નહિ, પરન્તુ સિહના સગાથમા બેસે એવો છે ."

" બેસો ! બેસો ! તમારી બડાઇના બણુગા બહુ સાભળ્યા ! હવે થોડા તમારી પાસેજ રે'વા દયો.

જે સિહ સાચો હોય તે ! ગર્જ્યા વિનાનો રે' નહિ,
હીરો કદાપી હોય તો ઝમકયા વિનાનો રે' નહિ.
આકાશમાનો તારલો ચમકયા વિનાનો રે' નહિ,
મયદાનમા ત્યમ વીરલો...બ્હાદૂર છૂપો રે' નહિ.

કંહી આપે સાદુ કોઇના મુખડાના આભાસ,
છપાવી છૂપે નહિ કસ્તુરીની વાસ.

તમારૂ લેવાઇ ગએલુ, અને ઝુકેલુ આ મ્હોડુંજ તમારામાં કેટલુ પાણી છે? એ બતાવી આપે છે અમીર! આજ સુધી હું તમારી મ્હોટી મ્હોટી વાતો સાંભળી છેતરાઈ, પણ હવેજ સમજી કે—

દેખાય છે જે દૂધ ધોળુ હાય! તે તો છાસ છે,
હીરો મ્હને દેખાય તે તો ઇમીટેશન કાચ છે,
રત્નો ચમકતા ભાસતા તે લાલ પીળા કાંકરા
હું ધારતો'તો ઝાડ છે ફળના .પરન્તુ ઝાંખરા

મોતી ધારી 'હેરીઆ નીકળ્યા મણુકા ગોળ,
આલમમા અફસોસ એ! સઘળે પોલમપોલ."

ભાનુમતીના વચનબાણોએ સરદારનુ હૃદય વીંધી નાખ્યું. **શાન્તા**નો શોક તે પળભર વીસરી ગયો **શાન્તા** તથા **સુલતાન**નુ મ્હોત અને રાજકુંવરીનુ અપમાન તેને વેર લેવા ઉશ્કેરવા લાગ્યુ રાજપૂત બચ્ચાનુ લોહી તેની રગેરગમા ઉછળી રહ્યુ તે વીરતાથી નિગળતા શબ્દોએ બોલ્યો, "રાજકુંવરી! વચનના બાણ મારવા હવે બસ કરો! અમીરનુ જીગર આરપાર વિંધાઈ ચૂક્યુ છે"

"ખોટી વાત! વચનના બાણોથી વિંધાતા હૃદયો તે વીરના હોય! તમારા જેવા કાયરના નહિ સમજ્યા અમીર?"

"શુ હુ કાયર છુ?"

"નહિ તો?"

"રાજપૂતનો બચ્ચો ! રાજકુંવરી ! એમ ન માનતા કે એક વાર એ બહારવટીઓ મ્હને બનાવી જબામા ફાવ્યો, એટલે અમીર હિંમત હારી ગયો તમારે સરદારની સમશેરનોજ ઝપાટો જોવો હોય તો હવે જોઇ લેજો ! અને પછી કહેજો કે આ અમીરની કમરે લટકતી સમશેર શુ શુ કામ કરી બતાવે છે '

મરવુ અગર તો મારવો નિશ્ચય હવે એ એક છે,
લોહી લૂટારૂનુ પિવુ બસ એજ મ્હારો ટેક છે
સમશેર આ નિર્દય બનીને કે'ર હા ! વર્તાવશે,
લોહીનો વરસાદ આ આકાશથી વરસાવશે

પરવા તજી મ્હે પ્રાણની આજે મરણીઓ વીર છુ,
ખૂની ધનુષ્યેથી છૂટેલુ એક ઝેરી તીર છુ
સરદારની સમશેરથી યમદૂત થર થર કાપશે
શિર કાપશે ! શત્રુનુ ! કયા તો પ્રાણ પ્યારો આપશે '

"શાબાસ ! અમીર ! શાબાશ ' હવે તમારા શબ્દો એક વીરને શોભે એવા છે

સમશેર કાઢો મ્યાનથી શોભાવવા મા-કૂખને,
સાર્થક કરો ! આજે તમે પીધુ જનેતા દૂધને
સાબીત કરી આપો ફરી સરદાર ! સાચો વીર છે,
નહિ બાયલો નામર્દ પણ શૂરવીર ને ગંભીર છે

કેમ સરદાર ? શુ વિચાર ? "

"વિચાર ! હવે શુ બાકી હોય ?

બંસ વૈર લેવુ વૈર હા ! **શાન્તા** અને **સુલતાનનુ,**
સારુ કરૂ છુ ! શત્રુની બસ જાન સાથે જાનનુ
કયા તો વિજય, કીર્તી વરૂ કયા પ્રાણઘાતક હાર છે,
નોખાઇ ચુમ્યુ એકનુ મૃત્યુ હવે નિર્ધાર છે "

સરદારસિંહની સમશેર **સરરર** અવાજ કરતી મ્યાનમાથી મ્હાર નીકળી વીરતાથી છલકાતા મુખડે તે **ભાનુમતીની** સ્હામુ જોઇ બોલ્યો —

" રાજકુવરી ! "
" શુ કહો છો ' "
" હુ કોણ છુ ? "
" એક વીર ! "
" બરાબર બોલ્યા વીરનુ ભૂષણ શુ ? "
"ક્ષમા !"
"નહિ !"
"ત્યારે !"
"તરવાર તરવાર અને તરવાર

જ્યા જ્યા નજર નાખુ ! અહા ! તરવાર ત્યા દેખાય છે,
તરવાર જીવન વીરનુ ! ને મ્હોત પણ લેખાય એ
આજે પ્રતિજ્ઞા આદરૂં તરવાર એ ખુલ્લી કરી,
અપમાન આ નહિ ધોઉ તો ધારીશ નહિ એને ફરી

રંગ ચઢતા લાલ લોહીનો ભયકર લાગશે,
આ હાથ એને ફેરવીને છેક જ્યારે થાકશે
રે ! સેકડો ઘા દુશ્મનોના આ શરીરે વાગશે,
ત્યા સુધી **સરદાર** આ બદલો બરાબર માગશે

જોઉ છુ કે હવે એ બ્હારવટીઓ આ **સરદારની** સમશેરના સપાટામાથી કેવી રીતે બચી જાય છે ?"

"એક વાર બચ્યો હતો ને! એમજ"

"તે વખતે મ્હારી સમશેર અને પીસ્તોલ ન ચાલી એનુ કારણ ઓર હતુ હવે તેનુ કાંઇ નથી રાજકુવરી!

સંધ્યા સમય વીતી જઇ સૂર્યાસ્ત જ્યારે થૈ ચૂકે
શશિને ભરોસે **સૂર્ય** જ્યારે રાજ્ય પોતાનુ મૂકે
જો ત્યા સુધીમા ફૂલ લઇ એ હુ નહિ પાછો ફરૂ,
તો માનવુ નક્કી થયુ છે મ્હોત આ **સરદારનુ**

જીવન આ કુરબાન છે દિલકુ એ પર ફૂલ
જીવ જતો જે પર કરૂ "ગુલાબનુ ને ફૂલ"

એટલામા સેવકે **સરદારસિંહની** આજ્ઞાથી એક સુદર અશ્વ લાવી મૂકયો ખુલ્લી સમશેરે વીર અમીર તેના ઉપર બેસતા બોલ્યો..
"રાજકુવરી! હુ હવે જાઉ છુ માની લેજો કે કદાચ સદાને માટે પણ જાઉ છુ

દીનકર તપે આ! ત્યા સુધી આશા અમારી રાખજો,
પણ તે પછી દીલગીર થઇ અફસોસ! નાહી નાખજો
કાયર હતો કે વીર હુ તે મૃત્યુ-પૂઠે ભાખજો,
અંતઃકરણમા એક! કેવળ યાદગીરી રાખજો

આવેશમા ને આવેશમા વીર-વચનો વદી **સરદારસિંહે** ઘોડાને મારી મૂકયો પોતે કયા જઇ રહ્યો છે? તેનુ પણ તેને મુદ્દલ ભાન ન્હોતુ પરન્તુ માણસનુ મ્હોત માણસને વગર કહ્યે ભયાનક રસ્તે એ થી

જાય છે તે પ્રમાણે **સરદારસિંહ** પણ દૈવયોગે પેલી યોગીની પર્ણકુટી પાસે આવી પહોચ્યો.

વીરો અને **સરયુ** પગે ચાલતા હોવાથી તેમને પોતાની ધારેલી છુપી જગ્યાએ જતા વાર લાગે એ બનવા યોગ્ય છે પૂરપાટ અશ્વ દોડાવતા **સરદારસિંહે** તેમને દૂરથી જોઇ લીધા, જે વખતે **વીરો** અને **સરયુ** પેલા દેવાલયમા આવી પહોચ્યા હતા **સરદારસિંહે** પણ સત્વર ઘોડાનો ત્યાગ કર્યો **સરયુ** અને **વીરાની** પાછળ પાછળ તે પણ દેવાલયમા આવી લાગ્યો.

પરન્તુ **વીરો** તથા **સરયુ** ક્ષણવારમાજ અહીંથી ક્યા અલોપ થઈ ગયા ? તે તે ન સમજી શક્યો સૂક્ષ્મ નજરે તેણે દેવાલયમા કોઇક છૂપો રસ્તો હોય ' તો તે શોધી કાઢવા જોવા માડ્યુ

કે'વાય છે કે મ્હોત કોઇને મૂકતુ નથી અને વિધાતાના લેખ ભલભલા જ્ઞાનીને પૂર્ણ પૂર્ણ સાવચેતી છતા કોઈ વાર મજજડ ભૂલાવે છે આ વેળા પણ તેમજ બન્યુ **સરયુ** અને **વીરો** ઉતાવળથી યક્ષભુવનમા પ્રવેશતા પેલા પોઠીઆના આસનનો છૂપો માર્ગ બરાબર બધ થયો છે કે નહિ ! તે જોવાનુ ચૂક્યા હતા જેની સહજ ફાટ **સરદારસિંહની** નજરે પડી

પાસે જઇ એ પોઠીઆના માથા ઉપર હાથ મૂકી **સરદારસિંહ** ધ્યાનપૂર્વક પેલી ફાટને જોવા નીચો વળ્યો તેવોજ પોઠીઓ ખસી ગયો અમીરની અત્યત અજાયબી વચ્ચે એ છૂપો ભેદ ખૂલી ગયો. અમીર એ છૂપે માર્ગેથી હાથમા પિસ્તોલ પકડી આગળ વધ્યો.

વીરાએ ગુલાબસિંહને પોતે રચેલી બાજી કહી સભળાવી. **ગુલાબસિંહે** તેને તેની હોશિયારી બદલ ધન્યવાદ આપ્યો **સરયુ** પણ હર્ષથી પોતાના પિતાને ભેટી પડી

સંધ્યાકાળનો સમય નજદીક આવતો હતો બપોરના સખ્ત તાપે કરી શ્રમિત થયેલી **સરયુને** સ્નાન કરવાનુ મન થઇ આવ્યુ આજે પ્રભાતે તેણે પેનુ ફૂલ તોડયુ ન હતુ, તે પણ તેને યાદ આવ્યુ પિતાની આજ્ઞા લઇ **સ્નેહ-સરોવરમાં સરયુ** આનન્દથી સ્નાન કરી રહી હતી સરોવરની આજુબાજુ ફરતો સુન્દર બાગ હતો બાગની બીજી બાજુ યક્ષ-ભુવન આવેલુ હતુ જેમા અત્યારે બ્હારવટીઓ **ગુલાબસિંહ** પોતાના વફાદાર સેવક **વીરાને** મુખે તેનુ સાહસ-કાર્ય અને વીરતા સાંભળી રહ્યા હતો

જ્યારે અમીર **સરદારસિંહ** ફરતો ફરતો પેના ફૂલ ને સરોવરની શોધમા એ યક્ષભુવન વટાવી બાગ સમીપ આવી પહોચ્યો આછા વૃક્ષોના ઓથમાહેથી તેને સરોવર દેખાયુ તે હર્ષભેર પગ ઉપાડી ત્યા આવી રહ્યો તેણે સરોવરમા શુ જોયુ ?

યક્ષ-કન્યાની આરસની પૂતળી સરોવરના મધ્ય ભાગે શોભી રહી હતી. તેના સુકોમળ નાજુક હાથમા પેના દૈવી પુષ્પનો છોડ સુન્દર રીતે ઉગી રહ્યો હતો છોડ ઉપર એક સુશોભિત ગુલાબનુ ફૂલ ખીલી રહ્યુ હતુ તોફાની નિર્દોષ **સરયુ** એ ફૂલ ઉપર સરોવરનુ જળ પોતાના નાજુક હાથોથી ઉડાડી રમી રહી હતી તે એક ઘડિ સરોવરની એ પૂતળી યક્ષકન્યાને જોતી ! તો બીજીજ ઘડી પોતાના પાણીમા પડતા પ્રતિબિંબ પ્રતિ જોતી બનેને સરખાવતી ! વળી કઇ યાદ આવતા મંદ મંદ મુખ મલકાવી હસતી

સરદારે આ સર્વ જોયુ એટલામા ઝીણા ભીના વસ્ત્રો જેના ગૌરાંગ સાથે સર્વથા ચ્હોટી ગયા છે, એવી સરોવરની સુન્દરી **સરયુ** પલી યક્ષ-કન્યાની પૂતળી નજદીક ગઈ આરસપ્હાણની સુન્દર તકતી

કે જેની ઉપર એ યક્ષકન્યાની પૂતળી ઉભી રાખવામા આવી હતી, તેના ઉપર તે ચઢી પેલુ દૈવી પુષ્પ તોડવા તેણે પોતાનો જમણો બાહુ લબાવ્યો પરન્તુ ત્યાજ તે સ્થભી ગઇ તેની નજર એક ઓળખીતી વ્યકિત ઉપર પડી તે **સરયુ**ને સ્થભાવનાર વિશ્વાસઘાતી વીર અમીરની આખો અને મૂર્તિ હતી

એક પળ પણ ન ગૂમાવતા પેલુ દૈવી પુષ્પ હસ્તગત કરવા અમીર સરોવરમા કૂદ્યો **સરયુ** ચીસો ઉપર ચીસો પાડતી ફૂલ તોડયા વિનાજ સરોવરના જળમા પુન કૂદી પડી જેમ જેમ સરદાર એ ફૂલ અને પુતળીની પાસે જતો ગયો, તેમ તેમ અમીરના આગમને બ્હીધેલી **સરયુ** બૂમો પાડતી કિનારા તરફ જવા લાગી

સરયુની ચીસોએ ચારે દિશા કપાવી મૂકી યક્ષભુવનમા બેઠેલા **ગુલાબસિહ** અને **વીરા**એ તે સાભળી તેઓ બને સત્વર ત્યા દોડી આવ્યા આ વખતે અમીર પેલી પૂતળી પાસે પ્હોચી ગયો હતો **સરયુ** બીને દીલેજ પિતાને બાઝી પડી

"શુ છે બ્હેન ?"

ભયથી કપતી **સરયુ** કશુ બોલી શકી નહિ તેણે કેવળ પિતાને યક્ષકન્યા અને ફૂલ પ્રતિ આગળી કરી બતાવી **વીરા** અને **ગુલાબસિહની** નજર અમીરની ઉપર પડી યોગી મહાત્માએ કહેલુ "જે કોઇ પુરૂષ એ પુષ્પને સ્પર્શશે તે પ્રાણ ત્યાગશે" એ પ્રાણઘાતક વાકય યાદ આવ્યુ અમીરના પ્રાણ બચાવવા **ગુલાબસિહે** બૂમ મારી

"અમીર ! અમીર! રમણીઓના સુકોમળ કરોને દૈવી અને સ્હેલુ લાગતુ એ ફૂલ પુરૂષોના કઠણ હાથોને માટે પ્રાણઘાતક છે એ પ્રાણઘાતક પુષ્પને ન અડીશ"

પરન્તુ કોણ સાંભળે! જેને માથે મ્હોતના નગારા ગડગડી રહ્યા હતા, તે **સરદારસિંહે** પ્રત્યુત્તરમાં હરખાતે હૈયે હા હા હા કરી હાસ્ય કર્યું બીજીજ પળે પેલું પુષ્પ લેવા તે યક્ષકન્યાના દેહને સ્પર્શ્યો

'**ગુલાબ**' ગુલાબ! જો! આખરે અમીર ફાવ્યો છે" હરખાતે હૈયે હસતા હસતા તે **ગુલાબના** ફૂલને તોડવા ગયો ત્યાં યોગીની વાણી ખરી પડી. ફૂલમાંહેથી રક્ષક **મણિધર** બ્હાર આવી તેને ડસ્યો "ઓ! હા! ." કે'તાંજ શબવત્ અમીર પ્રાણત્યાગી સરોવરના જળમાં પટકાઇ પડ્યો

સરયુ, વીરા તથા **ગુલાબસિંહે** હજુ કોઇ પણ વેળા આ ચમત્કૃતિ નજરોનજર જોઇ ન હતી આજ વેળા તેમણે અમીરને પ્રાણ છોડતો જોયો યક્ષકન્યાના હાથમાંહેના ગુલાબના છોડમાં જે કાળો સર્પ હતો, તે એ દિવ્ય પુષ્પની રક્ષા કરનાર યક્ષથી યોજાયેલો વેશ-ધારી ગુપ્તચર હતો

ગુલાબસિંહની આજ્ઞાથી વીરો સરદારસિંહનું શબ પાણી-માંથી બ્હાર કાઢી લાવ્યો અત્યંત અજાયબીની અંદર એ ત્રિપુટીએ જોયું કે મરનારના કાંડા ઉપર દંશની જગ્યાએ સૂક્ષ્મ "**ગુલાબના ફૂલનું**" એવુંજ આબાદ નિશાન પડી ગયું હતું

"**વીરા**! આ અલૌકિક તેમજ પ્રાણઘાતક ઉભય ગુણ ધરાવનાર પુષ્પનો ભોગ થયેલ અમીરનું શબ કોઇ પણ ઉપાયે આજેજ રાત્રિએ રાજકુંવરી **ભાનુમતીના** મહાલયમાં જવું જોઇએ બોલ બનશે?"

"પ્રભુ! સેવક તૈયાર છે કેવળ આજ્ઞાનીજ વાર છે"

"જો સાભળ ! અમીરનુ આ વખાણવા લાયક સાહસ અને મૃત્યુનુ મૂળ કારણ એ **ભાનુમતીજ** છે એનુજ પાણિગ્રહણ કરવાને આવા અનેક શૂરવીરો આ ફૂલ લેવા આવશે અને આ દશાને પામશે **જેથી** કરીને આ **પ્રાણઘાતક પુષ્પની** ભયકર સજાથી તે પોતે માહિતગાર થાય, અને પોતાની પ્રજાને પણ જાણીતી કરે એવી એક ચિઠ્ઠી લખી **અમીરના** હાથમા મૂક તે પછી **ભાનુમતીના** શયનાગારમા આજેજ રાત્રે આ **શબ** મૂકી આવ કાલ આખો દિવસ **મણીપુરમાંજ** રોકાઈ અમીરના મૃત્યુ સબધે શહેરમા શી શી ચર્ચા ચાલે છે, તેની બરાબર બાતમી લઇ પાછો આવ"

ગુલાબસિંહની આજ્ઞાનુસાર કાર્ય કરવા **વીરો** ચાલતો થયો. **સરયુ** પિતાની આજ્ઞા લઇ પુન પેલુ ફૂલ તોડી લાવી પ્રેમી પિતાએ પુત્રીના અબોડામા એ વ્હાલથી ખોસ્યુ **સરયુ** હસી પડી

પુષ્પઃ—૭ મું.

"મધ્યરાત્રિનો મહેમાન"

મધ્ય રાત્રિનો શુમાર થઇ ચૂકયો હતો, તોપણ રાજકુવરી **ભાનુમતીને** હજુ ઉંઘ આવતી ન હતી રૂની નરમ પથારી આજે તેને કાંટા જેવી ખૂચતી હતી. આંખો મળી જવા માટે તે આમથી તેમ પાસા બદલતી હતી પરન્તુ ચિન્તાની કૃપા હોવાથી નિદ્રાદેવી આજે દૂર બેઠાં હતા. કારણ ? ચિન્તા અને નિદ્રા વચ્ચે સખીપણું હોઈ તેઓ એકમેકની આડે આવતાં ન હતા.

જો કે **અમીરને** આવવાનો વખત ! અને વાયદો વીતી ગયો હતો, છતા પણ પ્રત્યેક પળે તેને તે આવ્યાના ભણકારા વાગતા સભળાતા હતા આખરે તેણે ઉંઘ ન આવવાથી શય્યા ત્યાગી. ઓરડામા આમ તેમ ફરવા લાગી થોડે આઘે તેની પ્રિય સખી "પુષ્પા" નિદ્રાધીન થયેલી હતી આ બધુ જોતી જોતી તે અટારીએ આવી ઉભી બારીએથી અધારામા તેણે નીચે જમીન ઉપર નજર નાખી સર્વત્ર કાળાશ પથરાયલી હતી તે બોલી

'હજુ અમીર ન આવ્યો નક્કી એનુ અમગળજ થયેલુ હોવુ જોઇએ ! અફસોસ ! હવે ફૂલ "

તે આગળ વિચાર કરે એટલામા પોતાના મ્હેલ પ્રતિ કોઇ અશ્વના આવવાના પડઘા તેને કાને પડયા તે લક્ષપૂર્વક જોવા લાગી થોડીજ વારમા એક ઘોડેસ્વાર ત્યા આવી ઉભો તેના ઘોડા ઉપર એક ભારી પોટલી મૂકેલી હતી નીચે ઉતરતાજ રાજસેવકે તેને પકડયો

"કોણ છે ? આવી ભયાનક રાતે આ કઈ ચીજ લઇને કયા જાય છે ?"

તેણે શુ કહ્યુ, તે તો **ભાનુમતી** પૂરૂ ન સાભળી શકી પરન્તુ પોતાનુ નામ તે આવનાર વ્યક્તિ સ્પષ્ટ અને જરા મ્હોટેથી બોલી, તે તેણે સાભળ્યુ તપાસ કરવા અધીરી કુવરી એકદમ નીચે ઉતરી જે વખતે પ્રહરી સાથે પેલી અણજાણી વ્યકિત કઇક છૂપી વાત કરી રહી હતી

"**કેશરી** ! એ શુ છે ?"

દરવાન રજપૂત **કેશરીસિંહ**, રાજકુવરીને આવી પહોચેલી જોતાજ તરવાર નમાવી નમ્યો બોલ્યો –"કુવરીબા ! આ કોઇ નવા આવનાર માણસ ઉપર વ્હેમ આવતા હુ એની તપાસ કરૂ છુ"

" એ શુ કહે છે ?"

" એ તમને મળવા માગે છે "

" મ્હને ?"

" હા ! "

" ઠીક ! તુ દરવાજા ઉપર જા ! હુ એની સાથે વાત કરૂ છુ બોલાવુ ત્યારે હાજર થજે "

શિર નમાવી **કેશરીસિંહ** ત્યાથી ચાલતો થયો તેના ગયા પછી **ભાનુમતીએ** તે **મધ્યરાત્રિના મહેમાનને** પૂછ્યુ -

" તમે જેને મળવા માગો છો તેજ હુ રાજકુવરી **ભાનુમતી** છુ બોલો તમે કોણ છો ? અને શુ સદેશો લાવ્યા છો ?"

"રાજકુવરી ! પ્હેલા આ ચિઠ્ઠી વાચો ! અમીર **સરદારસિંહે** આ પોટલી અને ચિઠ્ઠી આપને પ્હોચાડવા મ્હને ફરમાવ્યુ છે "

" અમીર ક્યા છે ? "

" શત્રુના હાથમા ! "

" શુ ? "

" ખરૂ કહુ છુ પેનુ પુષ્પ લેવા જતા તેઓ પકડાયા છે "

" આ પોટલીમા શુ છે ? "

" **સરોવરની સુન્દરી** "

" **અમીરે** એ ત્હારી સાથે કેવી રીતે મોકલાવી ? "

અર્ધરસ્તેથી ઘોડેસ્વાર થતા **અમીરની** સાથે હુ થયો હતો તેઓ મ્હને પોતાની સાથે પેનુ દૈવી પુષ્પ લાવવા મદદે લઈ ગયા હતા અમે બન્ને છેવટ આ છોકરીને હાથ કરવામા ફાવ્યા એક ચિઠ્ઠી લખી આપી તેમણે મ્હને આ પોટલી આપને હાથોહાથ પહોચાડવા ફરમાવ્યુ.

એટલામા દુશ્મનના માણસો આવી લાગ્યા અમીર પકડાયા, અને હુ આસભેર ઘોડો દોડાવતો આ છોકરીને લઇ અહીં આવી પહોંચ્યો છુ "

અમીરના સેવકને પોતાની પાછળ આવવાનુ કહી **ભાનુમતી** **કેશરીસિહ** પાસે પેલી પોટલી ઉચકાવી શયનાગારમા આવી પોટલી પલગ ઉપર મૂકી, **કેશરીસિહ** રાજકુવરીની આજ્ઞાથી પાછો પોતાનો પહેરો સાચવવા ચાલ્યો ગયો

તે પછી પેલી ચિઠ્ઠી વાચવા માટે **ભાનુમતી** દીવા પાસે ગઈ ચિઠ્ઠી વાચી તેમા નીચે પ્રમાણે લખેલુ હતુ

" રાજકુવરી **ભાનુમતી** !

આ આવનાર માણસ મ્હારો ખાસ વિશ્વાસુ છે એની સાથે મોકલાવેલી ચીજ પૂરતા બદોબસ્તમા રાખજો હુ જલ્દી તમને આવી મળીશ લી૦ અમીર **સરદારસિંહ**

ચોળાયલી ચિઠ્ઠીના છેકાયલા આ અક્ષરો ઉકેલવામા જ્યારે **ભાનુમતી** લાગી હતી, ત્યારે પેલો **મધ્યરાત્રીનો પરોણો** શુ કરતો હતો ? તેણે સપાટાબધ પોટલી છોડી નાખી અદરથી એક શબવત્ શરીર બ્હાર કાઢયુ રાજકુવરીનાજ પલગમા તેને સુવડાવી ઉપર એક સુન્દર સ્ત્રીનુ ચીર ઓઢાડી દીધુ

એટલામા **ભાનુમતી** ચિઠ્ઠી વાચી પાછી ફરી " શુ કરે છે ?" તેણે પેલા અજાણ્યાને પૂછયુ

" માફ કરો ! **રાજકુવરી** ! **સરોવરની સુંદરી** આપને સોંપી છે " તે શય્યા પ્રતિ આગળી બતાવતા બોલ્યો . " હવે મ્હને જવાની રજા આપો. "

"કેમ ?"

"અમીરને છોડાવી લાવવા ?"

"પરન્તુ ઉભો રહે પ્હેલા પુરતી ખાત્રી કરવા દે"

રાજકુવરી **સરોવરની સુન્દરીનુ** મુખ જોવા તેની પાસે જવા એક પગલુ ભરે, તે પ્હેલા તો આવનાર અણજાણ્યાએ આગળ વધી તેને તેમ કરતા અટકાવી

"રાજકુવરી । થોડી વાર થોભો ! પ્હેલા મ્હારી સાથે જરા પેલા દીવા આગળ આવો મ્હારે તમને કંઇક બતાવવુ છે"

ભાનુમતી એ અજાણ્યા સાથે દીવા આગળ ગઇ પેલા અજાણ્યાએ ગજવામા હાથ ઘાલી એક કોરો કાગળ અને પેનસીલ કાઢ્યા **ભાનુમતી** જુએ એમ તેણે બે મોટા અક્ષરો તે ઉપર લખ્યા રાજકુવરીની સ્હામે તે કાગળ ધર્યો. "વાંચો"

રાજકુવરીએ તે વાંચ્યુ વાંચતાજ તેના મોઢાના ભાવ ફરી ગયા તે **મધ્યરાત્રિના મ્હેમાનના** મોઢા સામુ ટગર ટગર જોઇ રહી

પુષ્પ:—૮ મું.

"બનાવગીર"



"**વીરો !**" આ બેજ અક્ષર **ભાનુમતી**એ વાંચ્યા પોતાના શયનાગારમા આટલી યુક્તિ અને હિંમત લઢાવી મધ્યરાત્રિએ બેધડક આવનાર **વીરાના** મુખ તરફ તે જોઇજ રહી

"ચાલો હવે જયશું ! કુમારી ! મળજો " **વીરાએ** વિનયપૂર્વક નમન કરતા જવાને માટે એક પગલું ભર્યું

"સબૂર ! દગાખોર ! એક રાજકુંવરીને બબ્બે વખત બનાવી તેનીજ આંખ આગળથી છટકી જવામાં હવે તું કદાપી ફાવનાર નથી "

"અરે કોઇ હાજર ? " **ભાનુમતીએ** બૂમ મારી તેની બૂમથી દાસી **પુષ્પા** જાગી ઉઠી પરંતુ **ભાનુમતી** કંઈ નવું જુતું કરે, તે પ્હેલા તો આપણો ચાલાક **વીરો** તૈયાર થઇ ગયો બળતા લેમ્પમાં એક ફૂંક મારી, તેણે ઓરડામાં અંધારું કરી દીધું પોતાનો ન્હાસવાનો માર્ગ સરળ થયો **ભાનુમતી** આ અંધારામાં **વીરાને** કે **પુષ્પાને** શોધી ન શકી

"**પુષ્પા** ! જલ્દી દીવો કર ! આપણી સાથે દગો રમાયો છે "

પુષ્પાએ ઝપાટાબંધ દીવો કર્યો પરંતુ તે વખતે ત્યાં **વીરો** ન હતો **ભાનુમતીની** આજ્ઞાથી **પુષ્પા** એકદમ નીચેના પહેરેગીર **કેશરીસિંહને** તેડી લાવી તેને આવતાની સાથેજ રાજકુંવરીએ પ્રશ્ન કર્યો '**કેશરીસિંહ** ! પેલા હરામખોરને જતો તે જોયો છે ?"

" કોણ ? તમે જેને સાથે લઈ ઉપર ગયા હતા તે ? "

"હા–હા–તેજ "

" તે તો હમણાજ મ્હને સલામ કરી પોતાના ઘોડા ઉપર બેસી ચાલ્યો ગયો."

"દોડો **કેશરીસિંહ** ! એ બદમાશને બનતી ઝડપે પકડી લાવો "

"જેવી આજ્ઞા "

કેશરીસિંહ તાબડતોબ રવાના થયો તેના ગયા પછી **ભાનુમતી** બોલી "**પુષ્પા** !"

"કુંવરીબા !"

"તું અત્યારે ને અત્યારે જઇ પિતાજીને તેડી લાવ"

પુષ્પા ગઇ તે પછી **ભાનુમતી** પેલી સરોવરની સુન્દરીની પાસે ડરતી ડરતી ગઇ કંપતા હાથે તેણે ઓઢાડેલી લીલી ઓઢણી તેના મોઢા ઉપરથી દૂર કરી દીપકના પ્રકાશમા તે સૂતેલી વ્યકિતનુ મુખ જોતાજ તે બે ડગલા દૂર હઠી ગઇ "ઓ ! મા ! આ શુ ?"

વાચક ! રાજકુંવરી **ભાનુમતી** જે ભયંકર ચીજને જોઇ દૂર હઠી ગઇ હતી, તે પેલા અમીર **સરદારસિંહ**નુ શબ હતુ

તેના હાથમા એક ચિઠ્ઠી હતી તે લેવા **ભાનુમતી** નીચી વળી. **અમીર**ના કાંડા ઉપર રકત રંગી **ગુલાબ**ના ફૂલનુ નિશાન હતુ. દીવાના અજવાળામા ચિઠ્ઠીમા લખેલી બે લીટીઓ **ભાનુમતી**એ વાચી લીધી.

"દૈવી ફૂલ તોડવા જતા **અમીર**ની આ દશા થઇ છે પ્રત્યેક ફૂલ મેળવવા મથનાર આ દાખલા ઉપરથી સમજે !"

"બહારવટીઓ ગુલાબસિંહ"

ભાનુમતીના હાથમાથી ચિઠ્ઠી સરી ગઇ તે જ્યા ઉભી હતી, ત્યાજ ન્હોટી ગઈ **અમીર**ના શબને તે મ્હોતનુ કારણ શોધવા ચારે બાજુથી તપાસી ચુકી પરન્તુ નિરર્થક **અમીર** કેવી રીતે મૃત્યુવશ થયો ? તે તે ન જાણી શકી.

એટલામા **મણીપુર નરેશ ભાનુચંદ્ર** ત્યા આવી પહોચ્યા. **ભાનુમતીએ** પિતાને ખાનગીમા તમામ ઘટના કહી સંભળાવી.

પુષ્પા તથા **કેશરીને** આ વિષયમા એક પણ અક્ષર મુખ બહાર ન ઉચ્ચારવા સખ્ત ધમકી આપવામા આવી હતી

જ્યારે **ભાનુચદ્રે** લૂટારૂનુ આ સાહસ અને પરાક્રમ પુત્રીને મુખે સાભળ્યુ, ત્યારે તેને લાગ્યુ કે ગમે તેવો પણ આ યુક્તિબાજ **બનાવગીર** સાહસીક અને શૂરો છે, એ તો નિ સશય ! **અમીરનુ** શબ તથા ચિઠ્ઠી તેણે ધ્યાન પૂર્વક અવલોકયા કેટલીવાર પછી તે બોલ્યો

"**ભાનુ** ! અમીરનુ મૃત્યુ શાથી થયુ તે તે જાણ્યુ ?"

"ના !"

'જો આનાથી "

ભાનુચદ્રે ભાનુમતીને પેલા ગુલાબના ફૂલ પાસે એક લોહીનો ડાઘ અને દાત વાગવાનુ ચિહ્ન બતાવ્યુ તે મોટેથી બોલ્યા

"**અમીરનુ** મ્હોત બહારવટીઆથી નહિ પરતુ કોઈ વિલક્ષણ રીતેજ થયુ છે"

"એટલે ?"

"**અમીરના** શરીરની લીલાશ અને આ ડાઘ જોતા મને તો એમ લાગે છે કે **અમીરને** સપદશ થયો છે"

"હવે બચે એમ છે ?"

"નહિ દશ પ્રાણઘાતક નીવડયો છે **અમીર** આ દુનિયા છોડી ગયો છે"

પુષ્પ—૯ મું.

" ભયંકર સમાચાર "

આજે રાજકુંવરી **ભાનુમતી**ના મ્હેલ આગળ હજારો નગરવાસીઓની ભીડ જામી હતી રાજા **ભાનુચંદ્ર** શું કહે છે ? તે જાણવા સર્વ કોઇ આતુર હતા. એવામાં નીચેના ચોગાનમાં રાજસેવકો એક પુરૂષના શબને ઉપાડી લાવ્યા પ્રત્યેક મનુષ્યની નજર તેની ઉપર સારી રીતે પડી શકે એવી ઉંચી જગ્યાએ તેને સંભાળપૂર્વક ગોઠવવામાં આવ્યું તે પછી મહારાજા **ભાનુચંદ્ર**ની સવારી ત્યાં આવી પહોચી તેમને જમણે હાથે **પુષ્પા**નો હાથ પકડી રાજકુંવરી **ભાનુમતી** મંદ મંદ પગલાં ભરી રહી હતી પ્રધાનની આજ્ઞાથી સેવકોએ પ્રજાજનને શાન્ત થવા સૂચના કરી હાહાકાર તજી, સર્વ રાજા શું કહે છે ? તે સાંભળવા અધીરા થયા વયોવૃદ્ધ રાજાએ બોલવું શરૂ કર્યું ,

' વફાદાર સરદારો ! નિમકહલાલ રાજ્યસેવકો ! તથા **મણીપુર**ના હિતેચ્છુ પ્રજાજનો

આજે એક **ભયંકર સમાચાર** સંભળાવવા તમને સર્વોને અહીં એકત્ર કરવામાં આવેલ છે એ સમાચાર આનન્દના નહિ પરન્તુ શોકના છે પેલી હજારો વર્ષ પરની લોકવાયકામાં આજ પણ ઘેરે ઘેર રસભરી રીતે ચર્ચાતી **સરોવરની સુન્દરી** ! (પ્હેલા યક્ષકન્યા હતી) અને ગુલાબના ફૂલને વિષે તમે સર્વે થોડું ઘણું સાંભળ્યું હશે આજે તેનેજ વિષે કંઇક વધુ માહિતી મળી આવી છે

રાજકુવરી **ભાનુમતી**ના એ ફૂલ મેળવવાના આગ્રહે તથા તેનીજ સાથે લગ્ન કરવાની લાલચે અનેક જવાંમર્દોનુ ધ્યાન એ ફૂલ મેળવવા દોરાયુ હતુ જેમાના એક આપણા નગરના સુવિખ્યાત અમીર **સરદારસિહ** પણ હતા. તપાસ કરતા તેમને અતે એ માલમ પડ્યુ કે **સરોવરની સુન્દરી** ' અને **ગુલાબનુ ફૂલ** ' એ વાત કેવળ કલ્પનાના ગપ્પાજ નહિ, પણ સર્વથા સત્ય અને હયાતી ભોગવે છે આપણાજ નગરથી થોડે દૂર એક અરણ્યમા એક છૂપો રસ્તો આવેલો છે જેમાથી એ યક્ષભુવનમા જઇ શકાય છે અદરજ પાસેજ એક **સ્નેહ-સરોવર** આવેલુ છે તેમા એક પ્રખ્યાત અને બળવાન લૂટારૂ આજ ઘણા વર્ષથી વાસ કરે છે જો એમની શોધ સાચી હોય તો એમનાજ શબ્દોમા એમ માલમ પડે છે કે એ શૂરવીર બ્હારવટીઆને એક મનોહર પુત્રીરત્ન છે જે **સરોવરની સુન્દરી**ને નામે આજે ઓળખાય છે કે'વી રીતે ? એ તો પ્રભુને માલમ ' પરન્તુ અમીરના અથાક પ્રયત્ને એ **સરોવરની સુન્દરી** થોડા સમયને માટે અમીરના પજામા સપડાઇ હતી પરન્તુ બળવાન લૂટારૂ અમીરની પત્ની **શાન્તા** અને સેવક **સલતાન**નુ ખુન કરી એને પાછો ઉપાડી ગયો છે, **સરદારસિહે** એ દિવ્ય ગુલાબનુ ફુલ એ છોકરીને અબોડે નજરો નજર જોયુ હતુ.

અતે **સરોવરની સુન્દરી** અને એ ફૂલને ફરી હસ્તગત કરવા, તથા બબ્બે ખુનોનો ભયકર બદલો લેવા દ્રઢ નિશ્ચય અને ભીષણ પ્રતિજ્ઞા કરી કાલે અમીર પોતાનુ મકાન છોડી ગયા હતા. તે પછી મધ્યરાત્રિને શુમારે કોઇએક દગાખોર બદમાશ મ્હારી પુત્રી **ભાનુમતીના** શયનાગારમા એજ અમીરનુ શબ મૂકી ગયો છે મ્હારા ધારવા પ્રમાણે

એ કૃત્ય પણ બ્હારવટીઆનાજ કોઇક સેવકનુ હોવુ જોઇએ. અમીરના શબને **ભાનુમતી**ના મ્હેલમા મૂકી જવામા દુશ્મનનો ગૂઢ ઉદ્દેશ એ કુલને માટે પ્રયત્ન કરનારાઓને બ્હીક આપવા સિવાય બીજો કશો નથી.

પરન્તુ એથી પણ વધુ આશ્ચર્યની વાત તો એ છે, કે અમીરના શરીર ઉપર કોઇ પણ પ્રકારના ઘા કે હુમલાનુ ચિહ્ન નથી છતા તેમનુ મૃત્યુ નિપજ્યુ છે આપ બારીકીથી તપાસશો તો તેમના જમણા હાથના કાંડા ઉપર એક સૂક્ષ્મ **ગુલાબના ફૂલ**નુ દૈવી નિશાન અને **લાલ સર્પદંશ** એ બે ચિહ્નો સ્પષ્ટ દેખાયે છે. પરન્તુ મૃત્યુ કેવી રીતે અને કયા થયુ ? તેનો કશો પતો નથી **કેશરીસિંહ** પણ એ શબ મૂકી જનાર અણજાણ્યાની પુઠે પડયો હતો પરન્તુ પરિણામમા શૂન્યજ આવ્યુ છે "

ભાનુમતીને વીરાએ કેદ કરી,તથા બનાવી, એ અંગત કેટલીક વાત રાજાએ છૂપાવી બાકીનો ઇતિહાસ પ્રજાજનો સમક્ષ કહી સંભળાવ્યો. હજારો લોકોએ અમીરના જમણા હાથ ઉપરનુ ગુલાબના ફૂલનું ચિહ્ન તપાસી જોયુ પરન્તુ કોઇ માડીજાયો વીર ખૂનીને પકડી લાવવાનુ બીડુ ઝડપવા તૈયાર ન થયો

એક પછી એક પ્રજાજનો વિધવિધ વાત કરતા વેરાવા લાગ્યા **ભાનુમતી** નિરાશ મુખે આ બધુ જોઇજ રહી પણ એટલામા લોકોની ભીડ ભેદી ત્યા એક યુવાન ધસી આવ્યો શબને કેટલીક વાર તપાસી જોયા પછી તે બોલ્યો

"રાજન્ ! ઓળખો છો કે ?"

"નહિ !"

"હુ **રાજપુરનો** પ્રખ્યાત ડિટેકટીવ **ભાનુ** "

" શુ તમે **ભાનુપ્રસાદ** ? "

' જી હા હુ પણ એ ફુલ મેળવવા ઇચ્છુ છુ અમીરની જગ્યા મ્હને સોપો ! ફૂલ અને ખુનીને હુ હાજર કરીશ "

"તો **ભાનુપ્રસાદ** ! શર્ત મુજબ મ્હારી પુત્રીનો હાથ પણ જરૂર તમારા હાથમા ધરીશ "

તે પછી કેટલીક ખાનગી વાતો **ડિટેકટીવ ભાનુ** અને રાજકુ-વરી વચ્ચે થઇ રાજાજ્ઞાથી એક અનુચર **ડિટેકટીવ ભાનુને** અમીરનુ મકાન બતાવવા આગળ ચાલ્યો **ભાનુમતી** પણ પિતાની રજા લઇ તેની સાથે ચાલી ગુલાબસિહની રુકામા ડીટેકટીવ **ભાનુએ** બાથ ભીડી **ભાનુમતીએ** આ "**ભાનુ**"ની ચાલાકી વિષે બહુમહુ સાભળ્યુ હતુ તેને વિશ્વાસ બેઠો કે કદાચ એ કામ પાર પાડે"

ભાનુમતી અને ડિટેકટીવ બને વાતો કરતા કરતા સેવક સાથે અમીરના મકાને આવી પહોચ્યા ત્યા બારણામાજ એક દાસી ઉભેલી હતી

"આ કોણ ? " **ભાનુએ ભાનુમતીને** પૂછયુ

"હુ નથી ઓળખતી ! છતા ઉભા રહો પૂછી જોઇએ"

ભાનુમતીએ એ યુવતિને પાસે બોલાવી પૂછ્યુ

"તુ કોણ છે ?"

" **શાન્તાની** દાસી "

" તારૂ નામ ? "

" **વનમાળા** "

"અહી શુ કરે છે? "

"અમીર સાહેબે પોતાના ઘણાખરા દાસદાસીઓને કાલે રજા દીધી છે પરન્તુ કુમારી ! હુ બહુજ ગરીબ છુ મ્હારે ક્યાય જવાને સ્થાન નથી એટલે એમની આજ્ઞા વિરૂદ્ધ અહી પડી પડી વિચાર કરી રહી છુ"

રાજકુવરીની સાથે સેવક કેશરીસિંહ આવેલો હતો તેણે પણ વનમાળાને માટે ઓળખાણ આપી કેશરીસિંહના કહેવાથી **ભાનુને** વનમાળા ઉપર વિશ્વાસ બેઠો દયા આવવાથી તે બોલ્યો

"એમ છે ? વારૂ **વનમાળા** ! ત્યારે ત્હારે ક્યાય જવાની જરૂર નથી તુ અહીજ રે'જે અમીર હવે અહી પાછા કદાપી આવનાર નથી હવેથી તુ મ્હારીજ તહેનાતમા રહેજે"

"આપનો ઉપકાર !"

ડિટેકટીવ ભાનુ તે પછી **ભાનુમતી** તરફ ફરીને બોલ્યો, 'રાજકુવરી ! આ ફૂલનો પતો મેળવવા મ્હારે એક ચાલાક રમણીની જરૂર હતી હુ ધારૂ છુ કે આ **વનમાળા** એ કામ બરાબર સારી રીતે કરશે "

"જરૂર ! પાછી ફરી, તેને માટે હુ ખાત્રી આપુ છુ સાહેબ !" કેશરીસિંહ બોલ્યો

આ પછી કેશરીસિંહ તથા **ભાનુમતી ડિટેકટીવ**ની રજા લઇ પોતાને મ્હેલે પાછા ફર્યા જ્યારે બીજી બાજુ **વનમાળા**ને એકાન્તમા લઇ જઇ ડિટેકટીવ કે'વા લાગ્યો, "**વનમાળા** ! જો હુ ત્હને કાંઈ ખાસ કામ સોપવા માગુ છુ બોલ ! તુ તે કરશે ?"

"જરૂર !"

"યાદ રાખજે, કે જો જરા પણ દગો માલુમ પડશે, તો તેજ વખતે મારી પીસ્તોલ ત્હારી છાતી વીંધી નાખશે"

"**શાન્તાબ્હેન**ની હું ખાસ વિશ્વાસુ દાસી છું તમને તો શું ખબર? બાકી અમીરના કેટલાએ ભયંકર કામો મ્હેંજ કર્યા છે"

"તે શું?"

"**સરોવરની સુંદરી** વિષે કેટલીક ખાસ વાતો ને બાતમીઓ મ્હને માલમ છે અમીર પણ મ્હારીજ સલાહ લેતા હતા"

ડિટેકટીવ ભાનુએ ધાર્યું કે આ દાસી જો પોતાની વિશ્વાસપાત્ર થાય તો આગળ ઉપર ઘણીજ કામ લાગશે, એ ઇરાદાથી તે બોલ્યો, "તું શું જાણે છે' તે મ્હને કહીશ?"

"હમણા નહિ પરન્તુ હા! જો તમે મને છૂટથી અહીંયા હરવા ફરવાની રજા આપો! તો તમને કેટલીક વિચિત્ર બાતમીઓ આણી આપું"

"વારૂ! હું એ વાત કબૂલ કરૂં છું પછી કંઇ છે?"

"હા!"

"શું?

"મ્હારી મન્દથી તમે જ્યારે એ ફૂલ મેળવી રાજકુંવરીને પરણો! ત્યારે પણ મ્હને ન ભૂલી જવી"

"ગાંડી! એમ તે બને' લે આ વચન"

ડિટેકટીવ ભાનુએ વનબાળાના હાથમાં વચન દેતાં તેને પોતાની પાસે ખેંચી ગાલ ઉપર એક મીઠું ચુંબન ભરી લીધું

વનબાળા તુરતજ હાથો છટકાવી ત્યાંથી વિદાય થઈ ગઇ તે પછી **ડિટેકટીવ ભાનુ** પણ પોતાના કાર્યને માટે પ્રપંચના પાટીઆ ગોઠવવા વિચાર કરવા લાગ્યો

વનમાળાના સૌન્દર્યમા ડિટેકટીવ ભાનુ અંજાયો હતો તેના નયનબાણોનો તે ભોગ થયો હતો ને "પોતાનુ કામનુ કામ થશે, અને કામચલાઉ પત્ની તરીકે પણ કામ લાગશે !" એવા દુષ્ટ ઉદ્દેશપૂર્વક તેણે વનમાળાને આશ્રય આપ્યો હતો.

બીજેજ દિવસે અમીરના મકાન ઉપર એક કાળુ પાટીયુ લટકાવેલુ દેખાતુ હતુ તેમા લખેલુ હતુ કે–

"ડિટેકટીવ ભાનુપ્રસાદ."

"રાજપુર"

પુષ્પ:—૧૦ મું.

"રાજકુંવરીનુ હરણ"

"વીરા ! શુ આ બધુ સાચુજ કહે છે ?"

"પ્રભુ ! કોઈ દિવસ નહિ ને આમ આજેજ અવિશ્વાસ શા માટે ?"

"નહિ ! નહિ ! તુ વીર છે ! મારે એ કરી શકે એમ છે કહે વારૂ પછી શુ થયુ ?"

"જ્યારે બીજે દિવસે મણીપુર નરેશે પ્રજાજનોની ગજાવર મેદીની વચ્ચે આ બધી વાત કહી બતાવી, ત્યારે હુ ત્યા હાજર હતો રાજપુરના પ્રખ્યાત ડિટેકટીવ ભાનુપ્રસાદે આપને પકડી ફૂલ મેળવી આપવાનુ બીડુ ઝડપ્યુ છે"

"એમ ?"

"હા !" અને તે ઉપરાંત કોઇ **વનમાળા** નામની યુવતી પણ તેની મદદમા છે"

ગુલાબસિંહના છુપા મકાનમા **વીરો** આ તમામ વાત પોતાના માલીકને કહી રહ્યો હતો પોતે **ભાનુમતી**ના શયનાગારમા કેવી રીતે અમીરનુ શબ મૂકી આવ્યો ? ત્યાથી માંડીને બીજા દિવસની તમામ બાતમી તેણે જાણી લીધી હતી **ડિટેકટીવ ભાનુ** જ્યારે ભીડ ભેદી **ભાનુમતીને** જઇ મળ્યો હતો, ત્યારે પણ છુપા વેશમા **વીરો** પ્રજાજનોના ટોળામાજ હતો

"ત્યારે હવે શુ વિચાર છે ?" **ગુલાબસિંહે વીરાની** સલાહ પૂછી "

"જો મ્હારીજ ઇચ્છા જાણવા માગતા હો તો આ તમામ આફતનુ મળીઉ રાજકુવરી **ભાનુમતી** છે અને તેનેજ ઉપાડી લાવવી."

"અને પછી ?"

"હમેશને માટે આપણા આ ગુપ્ત આવાસમા કેદ કરવી"

"એ તો અન્યાયનુ પગનુ"

"તો બીજો ઉપાયજ નથી જ્યા સુધી **ભાનુમતી** છે, ત્યા સુધી તેના હાથની ઉમેદવારીમા આપણા હજારો દુશ્મનો દરરોજ વધતા જશે અને એ **ભાનુમતી**ને પકડીશુ તો ડિ **ભાનુ** બીજુ બધુ છોડી તેનેજ શોધવા આપણી પૂઠ પકડશે અને આમ સહેલાઈથી આપણે ડિટેકટીવને આપણા હાથમા ફસાવી શકીશુ"

"વારૂ ! તુ હવે વિશ્રાન્તિ લે ! **સરયુની** બરાબર સભાળ રાખજે હુ જાઉ છુ"

" ક્યાં ? "

" **ભાનુમતી**ના મ્હેલમા "

" હુ આવુ ? "

" ના ! **સરયુ** એકલી છે માટે તુ અહીંજ રહે ! હુ એકલોજ એ માટે બસ છુ "

વીરાને સરયુની સભાળ રાખવાનુ કહી બહાદુર બહારવટીઓ શસ્ત્રથી સજ્જ થઇ ખરી બપોરી વખતે બ્હાર પડયો

પરન્તુ **વીરાને** પોતાનો સ્વામી ધોળે દિવસે એકલો મહેલમા જઇ રાજકુવરીને હરી લાવે એ બહુજ જોખમ અને ભયભરેલુ જણાયુ **ગુલાબસિહ**ની ના છતા તે નિદ્રાધીન **સરયુને** એકલીજ છોડી પોતાના માલીકની મદદે દોડયો

રાજકુવરી **ભાનુમતી** ભોજનાદિથી પરવારી મધ્યાન્હકાળ હોવાથી પથારીમા આડી પડેલી હતી પાસેજ દાસી **પુષ્પા** તેને પખા વડે પવન નાખી રહી હતી **ભાનુમતી**ની આખ મીચાઈ ચૂકી હતી એટલામા રાજમ્હેલની નીચે એક પ્રૌઢ સન્યાસી સગીતધારા છોડી રહ્યો હતો રસ્તે જતા આવતા લોકોનુ એક મોટુ ટોળુ તેની આસપાસ એકઠુ થયુ હતુ

— સગીત —

બે દિનના મહેમાન

બધાએ બે દિનના મહેમાન

મોડા વ્હેલા પણ સર્વેને સુવાનુ છે સ્મશાન બધાએ.

— સાખી —

સત્તા અને આ સાહ્યબી બે દીનની સમજો તમે,
અધિકારના અભિમાનમાં સમજી જરા રમજો તમે
ધનવાન ! ધનભંડાર જોઇને જરી ફૂલો નહિ,
સઘળા પ્રભુના બાળ છે સિદ્ધાંત એ ભૂલો નહિ
સત્તાધીશ ! શ્રીમાન તજી દ્યો સત્તા ! ધન અભિમાન બધાએ

— સાખી —

તે છે અમીર ! ગરીબના દુખની દયા જે ખાય છે,
તે રાજ્ય છે જ્યાં સર્વ માટે એક ! નિર્મળ ન્યાય છે
વૈભવ વિલાસોમાં છકી જઇ છેક હા ! ફૂલો નહિ,
ચઢતી પછી પડતી તણો અવિચળ નિયમ ભૂલો નહિ
કોને માલમ ? કયારે ઉતરી જાય બધું અભિમાન
બધામાં એકજ સરખો પ્રાણ બધાએ .

સન્યાસી વારવાર એક પછી એક લીટીઓ ફરી ફરી આલાપ મારી પ્હાડી સૂરે લલકારી રહ્યો હતો રાજકુવરીની મીંચાયલી આંખો એ નાદે એકાએક ખુલી. " પુષ્પા ! "

" કેમ ? "

" આ કોણ ગાય છે ? "

પુષ્પાએ ઝરૂખામાંથી જોયું તે પાછી આવી બોલી,

" બ્હેન ! કોઇ એક સન્યાસી ગાય છે "

" કેવું મધુર ગાય છે ? પુષ્પા ! જા તુ એને બોલાવી લાવ." પુષ્પા રાજકુવરીની આજ્ઞાનુસાર નીચે આવી. પેલા સન્યાસીને

તેણે કહ્યુ, ' યોગીરાજ ! મ્હારા કુવરીબા આપના સગીતે આકર્ષાયા છે તો જરા ઉપર આવશો ? "

એક પણ અક્ષરના ઉચ્ચાર કે આનાકાની સિવાય તે સન્યાસી પુષ્પા સાથે ઉપર આવ્યા રાજકુવરી શરમાતી શરમાતી ઉઠી આસન આપતા બોલી

" પધારો યોગીરાજ "

સન્યાસી બેઠા તે પછી રાજકુવરી તેમની બરાબર સ્હામે બેઠી સન્યાસીને પોતાની તરફ ટીકી ટીકીને જોઇ રહેલો જેતાજ ભાનુમતી બોલી "સન્યાસી મહારાજ ! આપ કયારના મ્હારી સ્હામે શુ જોઈ રહ્યા છો ? "

" એ હુ પછી કહીશ ! વારૂ ! જો આપને કોઇ પણ જાતની અડચણ ન હોય તો જરા તમારો હાથ મ્હને જોવા દેશો ?"

ભાનુમતીએ પોતાનો નાજુક હાથ યોગીના હાથમા સકોચાતા આપ્યો પવિત્ર સન્યાસી એને સ્પર્શતા મ્હેજ કપ્યો થોડીવાર તે જોયા પછી બોલ્યો,

" આ કોણ છે ? "

"એ મારી દાસી છે"

"એને જરા બહાર જવાનુ કહો મ્હારે તમને કઇક છૂપુ ભવિષ્ય કે'વુ છે" યોગીરાજ બોલ્યા

રાજકુમારીએ દાસી પુષ્પાને સાન કરતાજ તે બહાર ચાલી ગઇ તેના ગયા પછી સન્યાસી બોલ્યા

"રાજકુવરી ! બ્હીશો નહી ! તમારા ગ્રહ બહુ ભારી છે આજેજ તમને કોઇ ઉપાડી જનાર છે"

"મ્હને ?" રાજકુવરી કિંચિત્ ચમકી ઉઠી

"હા ! અને તે પણ અત્યારે ! થોડીજ વારમા "

"તેનુ નામ ?"

"બ્હારવટીઓ ગુલાબસિંહ "

રાજકુવરી તેનુ નામ સાભળતાજ ઉભી થઇ ગઇ સન્યાસીના મોહા સ્હામુ તે ટગર ટગર જોઇ રહી સન્યાસી આગળ બોલ્યા

"રાજકુવરી ! છતા બચવાનો એક ઉપાય મ્હારી પાસે છે "

"તો બતાવો ' શુ છે ?"

"મ્હારા કહ્યા પ્રમાણે કરો તમારી દાસીને બોલાવો "

રાજકુવરીએ પુષ્પાને હાક મારી. પુષ્પા ત્યા આવી પહોચી તે પછી સન્યાસી બોલ્યા "આ તમારી દાસીને તમારા જેવોજ પોશાક પ્હેરાવી બીજી ભાનુમતી બનાવો તમારા મનેની સુવાની જગ્યા બદલી નાખો. લૂટારૂ તમારે બદલે તમારી દાસીને લઇ જશે "

'પણ કદાચ એમ ન બન્યુ તો ?"

"અત્યારે એવી એવી શકાઓ કરી વ્યથ વખત વિતાડવાનો સમય નથી હુ કહુ છુ એમ કરો "

સન્યાસીના વચન ઉપર શ્રદ્ધા રાખી રાજકુવરીએ પુષ્પાને પોતાનો પોશાક આપતા કહ્યુ. "પુષ્પા ! જા ત્હારા ખડમા જઇ આ વસ્ત્ર પરિધાન કર થોડી વારને માટે તુયે રાજકુવરી બની મ્હાલી લે "

પુષ્પા હસતી હસતી મૂલ્યવાન પોશાક લઇ રાજકુવરીનો શયનખડ છોડી ગઈ તે પછી સન્યાસી બોલ્યા

" રાજબાળા ! તમે જાતે કોઈ દિવસ એ ગુલાબસિંહને જોયો છે ? "

"ના! પરન્તુ મ્હે તેને માટે બહુ બહુ સાભળ્યુ છે "

"હશે! તમારે તેને જોવો છે?"

"હા!"

"તમે તેને માટે શુ ધારો છો?"

"બ્હારવટીઆને માટે બીજુ શુ ધારવાનુ હોય?"

"એજ કે તે બીજાની માફક બાયલો, નીચ, અને દગાખોર નથી, પરન્તુ વીર પવિત્ર અને સ્હામી છાતીએ ઘા કરનાર છે "

રાજકુવરીને સન્યાસીના આ શબ્દોથી કઇક વ્હેમ પડયો બે વાર આબાદ બનેલી **ભાનુમતીને** હવે ભાન થયુ કે આ સન્યાસીજ એ બ્હારવટીઓ જાને કા ન હોય? અને હતુ પણ એમજ સન્યાસીએ એકાએક પોતાની ભગવી કફની દૂર ફેકી દીધી બનાવટી જટાને માથેથી ઉતારી નાખી વીર-વેશમા સજ્જ શરવીર **ગુલાબસિહ** બોલ્યો, "રાજકુવરી! માફ કરજો' કોઇ પણ જાતની શકા વિના મ્હારી સાથે ચાલો! જે ફૂલને માટે તમે આટઆટલો પરિશ્રમ ઉઠાવી રહ્યા છો, તે ફૂલ હુ તમને બતાવવાની પ્રતિજ્ઞા કરૂ છુ "

પરન્તુ રાજકુવરી તો **ગુલાબસિહને** જોતાજ ગભરાઇ ગઇ તેના મુખમાથી અણધારી ચીસ નીકળી ગઇ છનગ મારી બ્હારવટીઓ કૂદ્યો. કોઇક વન-ઔષધથી **ભાનુમતીને** તેણે બેભાન બનાવી દીધી કમરે બાધેલુ દોરડુ તેણે છોડયુ રાજકુવરીને ખભે નાખી, દોરડુ ઝરૂખા સાથે બાધી, તેના લટકતા છેડા ઉપરથી તે સડસડાટ નીચે ઉતરી ગયો

પોતાના અશ્વની પાસે એક અણજાણી રમણીને ઉભેલી જોઇ **ગુલાબસિહ** ચોકયો એક હાથે મજવામાથી ભરેલી પિસ્તોલ ખેચી કાઢી તે બોલ્યો "કોણ છે?"

"મદદગાર !"

"નામ ?"

"**વનબાળા** !"

"**ડિટેકટીવ ભાનુપ્રસાદની** મદદનીશ ?"

"જે સમજો તે ! જલ્દી ન્હાસો ! ડિટેકટીવ એ આવે"

બ્હારવટીઆ **ગુલાબસિંહને** ચેતાવી **વનબાળા** નાઠી **ભાનુમતીને** ઘોડા ઉપર નાખી જેવો **ગુલાબસિંહ** બેસવા ગયો, તેવોજ **ડિટેકટીવ ભાનુની** પિસ્તોલનો બ્હાર થયો અવાજથી ભડકીને **ગુલાબસિંહનો** ઘોડો બેશુદ્ધ **ભાનુમતીને** લઇ નાઠો.

કોઇ પણ ઉપાય ન જણાવાથી બ્હારવટીઓ ફરી પાછો દોરડા દ્વારા સડસડાટ ઉપર ચઢી ગયો એટલામા ડિટેકટીવ **ભાનુપ્રસાદ** પણ તેની પૂઠે આવી લાગ્યો બારીમાથીજ **ભાનુએ ગુલાબસિંહ** ઉપર પિસ્તોલનો બા'ર કર્યો બીજીજ પળે ચતુર બ્હારવટીઓ જમીનદોસ્ત થવાનો ઢોંગ કરી રાજકુવરીના શયનખંડમા પડયો

* * * * * * * *

મધ્યાહ્ન સમયે જ્યારે **ડિટેકટીવ ભાનુ** અમીરના મકાનમા જમી કરી સીગારેટના ધુમાડા કાઢી રહ્યો હતો, ત્યારે એકાએક ત્યા **વનબાળા** આવી પ્હોચી

"કેમ ? **વનબાળા** ! શુ ખબર ?"

"જલ્દી જાવ **ગુલાબસિંહ** અત્યારે રાજકુવરીનુ હરણ કરવા મ્હેલમા જનાર છે".

ડિટેકટીવ ભાનુ, તેને બીજી કંઇ વધુ પુછપરછ કરે, તે પ્હેલા તો **વનબાળા** ત્યાથી અલોપ થઇ ગઇ ભાનુ પણ સત્વર તૈયાર થઇ

રાજકુવરીને મ્હેલે આવવા નીકળ્યો દુરથી તેની નજર ન્હાસતા ગુલાબ-સિંહ અને ઘોડા ઉપર પડી તેણે પિસ્તોલનો બ્હાર કર્યો. પરન્તુ ગુલાબસિંહનો ઘોડો ભાનુમતીને પોતાની પીઠ પર લઈ નાઠો હતો, એ ડિટેકટીવ જોઇ ન શકયો

છેવટે ગુલાબસિંહની પૂઠે રાજકુવરીના શયનાગારમા ભાનુએ જઇ પિસ્તોલનો બ્હાર કર્યો એક બહાદૂર બ્હારવટીઆને પકડવા બદલ પોતાને ધન્ય માનતો અને હરખાતો ભાનુ પિસ્તોલને કમરપટામા મૂકી ઘાયલ ગુલાબસિંહને જોવા નીચો વળ્યો તેજ વખતે ગુલાબ-સિંહે તેને ગરદનમાથી ઝાલ્યો બાથમ્બાથ શરૂ થઇ ભાનુને નીચે નાખી ગુલાબસિંહ તેની ઉપર ચઢી બેઠો પરન્તુ આ પવિત્ર અને દયાળુ હૃદયના ગુલાબસિંહને તેની દયા આવી હાથમા આવેલા શિકારનો તે ધારતે ! તો આજ વખતે અત આણી શકતે ! છતા તેણે તેમ ન કર્યું

"જા ! જવા દઉ છુ પરન્તુ જીવે ત્યા સુધી આ ગુલાબસિંહને સભારજે "

આમ કે'તો બહાદુર બ્હારવટીઓ પુન એક વાર પોતાના શિકાર (ભાનુમતી)ને લઇને ન્હાસેલા ઘોડાને પકડવા દોરડા વાટે નીચે ઉતરી આવ્યો તેની અત્યત અજાયબીની અદર ત્યા પુન પેલી રમણી ઉભેલી હતી અને તે વનબાળા !

" સરદાર ! એક પણ શબ્દ બોલ્યા વિના સત્વર અહીંથી ઉપડી જાવ. અહીંથી બરાબર સો કદમ પર ઉત્તર દિશામા એક પીપળાના ઝાડ સાથે તમારો ઘોડો બાધેલો છે "

વીજળીની પેઠે ચમકાવનારા શબ્દો બોલી વનબાળા એકદમ ત્યાથી ચાલી ગઇ. તેના આ વિચિત્ર વર્તન તરફ નવાઇ પામતો બ્હા-

રવટીઓ ઉત્તર દિશામા ઉપડયો ખરેખર ! ત્યા વનમાળાના કથન અનુસાર પોતાનો અશ્વ તેણે પીપળાના ઝાડ સાથે બાધેલો જોયો બેશુદ્ધ ભાનુમતી પણ જેમની તેમ ઘોડા ઉપરજ હતી જરા પણ વિચાર કર્યા વિના ગુલાબસિંહે ઘોડાને એડી મારી મૂકી નિમકહલાલ અશ્વ પોતાના માલીકના મનની મુરાદ સમજી પવનવેગે દોડયો

જયારે બીજી બાજુ બહારવટીઆથી મ્હાત થએલો ભાનુ માથુ ખજવાળતો ઉભો થયો વસ્ત્રો ઠીકઠાક કરી તે જેવો ઓરડાના બારણામા પગ મૂકવા જાય છે,તેવીજ તેણે ભાનુમતીને સ્હામેથી આવતી જોઇ-

" કોણ ? રાજકુવરી ? " ડિટેકટીવ બોલી ઉઠયો

પરન્તુ અફસોસ ! જ્યારે એ ભાનુમતી શયનખડમા આવી, ત્યારેજ ડિટેકટીવ સાહેબને માલુમ પડયુ કે એ તો વેશધારી "પુષ્પા" છે

" પુષ્પા ! આ શુ ? રાજકુવરી ક્યા છે ? "

પુષ્પાએ સન્યાસીથી માડીને તમામ બાણીનો ઇતિહાસ ડિટેકટીવને કહી દીધો સઘળુ સાભળ્યા પછી ડિટેકટીવ બોલ્યો "પુષ્પા ! અરી રાજકુવરીનુ હરણ થયુ છે "

" શુ ? "

પુષ્પા બૂમ પાડવા જતી હતી, તેને મોઢે હાથ દાબી તેમ કરતા અટકાવતો ભાનુ બોલ્યો ' ખબરદાર ! આપણે પણ હવે સમય વિચારીને કામ લેવાનુ છે જો રાજકુવરીનુ હરણ થયુ છે, એ વાત બ્હાર પડશે, તો લોકોમા મોટો ખળભળાટ મચી જશે તેમજ રાજા ગુસ્સે થઇ તને અને મને બન્નેને આપણી નાલાયકી માટે ધિક્કાર આપશે કારણ આપણા છતા ધોળે દિવસે એ હરામખોર કુવરીને ઉપાડી ગયો છે"

"તો હવે શુ કરવુ ?"

"એજ કે—હાલ તરતને માટે તો જ્યા સુધી હુ **ભાનુમતીને** લઇ પાછો ન આવુ, ત્યા સુધી ત્હારેજ એની જગ્યા સાચવી લેવી. અનતા પ્રયત્ને રાજકુવરીનાજ પહેરવેશની નકલ કરી તમામને ઠગવા."

"અને પકડાઇ ગઈ તો ?"

"તો મ્હારૂ નામ દેજે ! કે **ભાનુપ્રસાદે** એમ કરવા કહ્યુ હતુ ! પછી કઇ છે ?"

" મહુ મારૂ !"

" લે ! ત્યારે બેસ ! હુ હવે જાઉ છુ "

" ખુશીથી "

ડિટેકટીવ ભાનુપ્રસાદ ઝપાટાબધ પગ ઉપાડતો નીચે રસ્તા ઉપર આવ્યો **ગુલાબસિહને** પકડી **ભાનુમતીનો** પત્તો મેળવવા કયો માર્ગ લેવો ? તેના વિચારમા તે પડયો હતો, એટલામા તેની નજર ત્યાથી પસાર થતી **વનમાળા** ઉપર પડી તેણે તેને બોલાવી પૂછવા માડયુ.

"**વનમાળા** ! કઈ નવીન સમાચાર ?"

'રાજકુવરી **ભાનુમતીનુ** હરણ થયુ છે"

" હા ! જોજે વાત ગુપ્ત રાખજે તે **ગુલાબસિહને** કુમારીને લઇ ન્હાસતો જોયો છે ? "

"હા !"

"કયા ગયો ?"

"હમણાજ આ બાજુ"

વનમાળાને મુખે વિશેષ વાત સાભળવા ન થોભતા, તેણે તેની આગળી બતાવેલી દિશાએ દોટ મૂકી કોણ જાણે શા કારણથી ?

પરન્તુ **વનમાળા** ગુલાબસિંહને જીગરથી ચ્હાતી હતી અને તેને લઈનેજ તેણે જાણી જોઈને બબ્બે વાર બહારવટીઆને ચેતાવી મદદ કરી, આ વખતે પણ હાથે રહીને ડિટેકટીવ **ભાનુ**ને ઉંધે રસ્તે દોરવ્યો હતો

જ્યારે ગુલાબસિંહે પોતાના ગુપ્ત સ્થાનમા જવા માટે પકડાઈ જવાની બ્હીકે સીધો રસ્તો છોડી પ્હાડી માર્ગ પકડયો હતો ડિટેકટીવ અને ગુલાબસિંહ બનેનો ઇરાદો એકજ સ્થાને જવાનો હોવા છતા બનેના માર્ગ જુદા જુદા હતા એક સીધે અને ટુંકે રસ્તે જતો હતો, જ્યારે બીજો લાંબે અને પ્હાડી રસ્તે જતો હતો

ડિટેકટીવ **ભાનુ**ના ગયા પછી એક રસ્તામા ઉભેલી રમણી તેની પૂઠે જોઇ ખૂબ હસી રહી હતી તે બીજી કોઈ નહિ, પરન્તુ ડિટેકટીવની મદદગાર છતા બ્હારવટીઆની શુભેચ્છક **વનમાળા** હતી

પુષ્પઃ--૧૧ મું.

“ એક ચુમી. ”

ઓહ ! બચાવો ! બચાવો ! ” કે'તાજ તે સુન્દરી મૂર્છાગત થઇ જમીન ઉપર ઢળી પડી

એક ભયંકર **વનરાજ** તેની પાસે ઉભો હતો યુવતિના કોમળ અંગને ચીરી નાખવા તેણે પોતાનો રાક્ષસી પંજો ઉંચકયો પરન્તુ .

જગદીશ જો ધારે ! ઉગારે ! માનવી જોયા કરે,
એની કૃપા આગળ અહાહા ! ભલભલા પાણી ભરે
કિરતાર કેરા કોપથી કોઈ ઉગારી ના શકે,
એ મ્હાય જો ઉગારવા તો કોઇ નહિ મારી શકે

આલમ બધી ઉલટે ! અને હુ એક બાજુ એકલો,
કયા તો ! જગતમા કોઇ નહિ ! મ્હારૂ ! અને હુ એકલો
દુશ્મન બને દુનિયા કદી ભય તે દીલે ધરવા નથી,
મીઠી નજર માધવ તણી તો કોઇની પરવા નથી

આખા જગલને કપાવી મૂકે એવો એક ભયાનક અવાજ થયો પેલી રમણી પાસે ઉભેલો વનરાજ ભયકર ચીસ નાખી જમીન ઉપર તરફડી પડયો તેના માથામા કોઇએ ગોળી મારી હતી મસ્તકમાથી બેશુમાર લોહી વહી રહ્યુ હતુ પાસેજ પેલી રમણી બેહોશ થઇ પડેલી હતી

ગોળી મારનાર યુવક પેલી યુવતીની પાસે આવી પહોચ્યો તમ્મર ખાઇ પોતાની ગોળીના ભોગ થઈ પડેલા રાક્ષસી કદાવર પ્રાણી ઉપર તેણે એક નજર નાખી સાજના ચાર વાગ્યાનો ઠડો સમય હતો યુવક, યુવતીની લાવણ્ય પ્રભા એકાગ્રતાથી અવલોકી રહ્યો

બહુજ સભાળપુર્વક તેણે રમણીનુ માથુ ઉચકી પોતાના ઘુટણો ઉપર ટેકવ્યુ ગજવામાથી સુગધીદાર રૂમાલ કાઢી તેને પવન નાખવા લાગ્યો શિતળ પવનના સુસવાટાએ થોડીજ વારમા તે સુન્દરી હોશમા આવી પોતાના માથાને એક અણજાણ્યા પુરૂષના ખોળામા જોતા તે સાવધ થઇ ગઇ સત્વર બેઠી થઈ, વિખરાયલા વસ્ત્રો તેણે ઠીક કર્યા.

મરણુના મુખમા પડેલા સિહ ઉપર નજર જતાજ તેણે તે યુવકને પોતાના બચાવનાર તરીકે ઓળખી લીધો શરમાતા શરમાતા શબ્દો વડે તે ઉપકાર વ્યક્ત કરવા બોલી

" મ્હારા જીવનદાતા બધુનુ નામ હુ જાણી શકીશ કે ?"

પરન્તુ પ્રાણુસરક્ષક યુવાન તે સુન્દરીના મ્હોમાથી બધુ શબ્દ સાભળવા રાજી ન હતો તે તો કોઇ અનેરીજ આશા રાખતો હતો સુન્દરીના સૌન્દર્ય તીરે તે વીધાઇ ચૂક્યો હતો તેની આખોમા વિકારી ભાવના સ્પષ્ટ દ્રષ્ટિગોચર થતી હતી

"સુન્દરી ! " તે બોલ્યો, 'હુ **રાજપુરનો** પ્રખ્યાત ક્રિકેટીર છુ મ્હારૂ નામ **ભાનુપ્રસાદ** ! "

"**ભાનુભાઈ** ! અહીથી થોડે દૂર એક દેવાલય છે ત્યા હુ રહુ છુ ઘણા લોકો મ્હને **સરોવરની સુન્દરી** કહે છે, પરન્તુ મ્હારૂ જન્મ નામ એ નથી "

" ત્યારે ? "

"**સરોજ** ! દૈવયોગે હુ કુદરતની શોભાનુ અવલોકન કરવા મ્હારા નિવાસસ્થાનથી થોડે દૂર આવી હતી ત્યા આ સિહના સપાટામા આવી ગઇ અને ન્હાસતા ન્હાસતા અત્રે આવી બેહોશ બની ઢળી પડી આપે મ્હને આ ક્રૂર પ્રાણીના મુખમાથી બચાવી જીવનભરને માટે ઉપકારી કરી છે કહો પ્રાણદાતા ! આપના આ મહાન ઉપકારનો બદલો મ્હારે શી રીતે વાળવો ? "

"તમને યોગ્ય લાગે એ રીતે ! "

"નહિ તમે મોઢેજ માગી લ્યો "

"કોઇક અલૌકિક વસ્તુનુ દાન કરીને જેથી સર્વને માટે આ પ્રસ ગ, અને સાથે સાથે તમારૂ પણ અખ ડ સ્મરણ રહે !"

"એવી શી વસ્તુ જોઇએ છે ?"

"તમારા જેવી સુન્દરી એટનુ નથી સમજી શકતી ! એ બહુ નનાઇ જેવુ છે"

"મ્હારી પાસે તો એવુ કઇ અલૌકિક નથી" છતા તમે બોલો ! આપવા યોગ્ય હશે, તો અવશ્ય આપીશ"

"છે ! અને તે તમારી પાસેજ છે વળી તે આપવા યોગ્યજ છે પછી આપવુ ન આપવુ એ આપનારની–તમારી મરજી ઉપર છે"

"તો કહી નાખો !"

"વિચાર કરો !"

સરોજને વિચાર કરતા અબોડા માહેનુ ફૂલ સાભર્યું જ ગલ-મા ઉછરેલી આ સરોવરની સુન્દરીને ભાનુની માર્મિક માગણી ન સમજાઈ ભોળા દીને તેણે માથામાથી ફૂલ છોડયુ ભાનુને આપતા તે બોલી "આ જને ! ઓહો ! એમા શુ ! લ્યો, આ અલૌકિક વસ્તુ'

ભાનુ તે ફૂલ લેતા બોલ્યો, "સુન્દરી-તમે હજુ ન સમજ્યા !"

"શુ વારૂ ?"

"મ્હારી માગણી"

"શુ આ ફૂલ અલૌકિક નથી ?"

"નહિ ! હુ એમ કહેવા નથી માગતો ખરેખર એ અલૌકિક છે એ તો હુય કબૂલુ છુ પણ"

"ત્યારે પછી શુ ?"

"પણ એથીએ વધુ અલૌકિક વસ્તુ ત્હારી પાસે એક છે. અને મ્હને તો તે જોઇએ છે."

તેનો નીચ આશય સરોજના સમજવામા હવે કંઇક આવ્યો. છતા અજાણ્યુ બની તેણે હસતા હસતા પૂછયુ "એવુ તે શુ છે ?"

"ત્હારૂ ચદ્રવદન ! ઓ ! મલકાતી મોહિની !

ત્હારા અલૌકિક રૂપનો હુ સુન્દરી ! ભિક્ષુક છુ,
આ પ્રેમ– ભિખારી કને ભિક્ષા હૃદયની મૂક તુ
કર ભાગ્યશાળી ભાનુને આનન્દથી આજે વરી,
ઉપકારના બદલા વિષે દે દીલ ત્હારૂ સુન્દરી "

"ભાનુપ્રસાદ ! ભાનુપ્રસાદ ! આ શુ ?" સરોજ ક્રોધથી ધ્રુજી ઉભી થઇ ગઇ

" એજ ! અણુસમજુ રમણી ! મ્હારી માગણી એજ છે

જે દેહ ઉગારી દીધી તે દેહ સોપી દે મ્હને,
આભારને દર્શાવવા હેતે અહો આ હાથને
આશક પડયો ઉગારતા ત્હારા ઉપર થૈ લાગણી
બોલ્યા ! હવે પૂરી કરો ! ચાલો અમારી માગણી "

પોતાને સ્પર્શવા પાસે આવતા પ્રાણરક્ષક ભાનુને અટકાવવા શૌર્યથી કપતી સરોજ બોલી "શુ ? આવી નફ્ફટ માગણી ? નીચ !

બધુ થઇને બ્હેન પાસે બોલતા આવુ તમે !
સજ્જન થઇ લજવાવ ના ! ઝાખપ લગાડે આપને
શરમાવ કંઈ ! પરણેલ હુ શુરવીર નરની નાર છુ,
સ્વાર્થી મ્હને નો લાગતો કામાધ રક્ષણહાર તુ

વિકારી યુવક ! ધૂળ પડી ત્હારી વીરતાને !

નિર્મળ નજર જો ના રહે ! તો વીરતામા ધૂળ છે,
પાપી અભિલાષે કરો ઉપકાર એમા ધૂળ છે
નિસ્વાર્થ જે ઉપકાર તેનુ નામ પર ઉપકાર છે,
પણ સ્વાર્થથી ભરપૂર આ ઉપકાર પર ધિક્કાર છે ”

સિંહણની માફક ગર્જી ઉઠેલી **સરોજ** એક પણ શબ્દ વધુ બોલ્યા વિનાજ પોતાના ગુપ્ત સ્થાને જવા પાછી ફરી ત્યાજ **ભાનુ** કે જે **સરોજ**ના લાવણ્ય ઉપર મુગ્ધ બની ગયો હતો, તે પોતાની દુષ્ટ વાસના પરિપૂર્ણ કરવા **સરોજ**ની પૂઠે દોડ્યો

“ **સરોજ** ! એક પળ ઉભી રહે ”

સરોજ થોભી. એટલામા એક પ્રચડ કદાવર મૂર્તિ ઝાડીમાથી નીકળી ત્યા આગળ આવી પ્હોચી **સરોજ**ને પકડવા દોડતો **ભાનુ** તેને જોઇ ત્યાજ સ્થભી ગયો **સરોજ** આશ્ચર્યચકિત થઇ ત્યાજ સ્થભી ગઇ. આવનાર વ્યકિતએ કામાધ ડિટેકટીવનો હાથ મજબુત રીતે પકડ્યો

“ ક્યા જાય છે ? ”

વાચક ! આપણી વાર્તાની શરૂઆતમાજ **સરોજ** આ દુનિયામા નથી, એમ બતાવવામા આવ્યુ છે પરન્તુ આ બનાવ **સરોજ** જીવતી હતી, તે વખતનો છે અર્થાત્ લગભગ એક માસ ઉપરનો આ બનાવ છે.

આ અચાનક આવી-પ્હોચનાર વ્યકિત તે **સરોજ**નો શુરવીર સ્વામી બ્હારવટીઓ **ગુલાબસિહ** પોતેજ હતો તેની નજર **ભાનુ**ના હાથમાહેના ગુલાબના ફૂલ ઉપર પડી તે ચમક્યો “આ ક્યાથી ?”

“મ્હે આપ્યુ છે ” **સરોજે** પતિના ચરણાર્વિન્દમા પડતા ગળગળે સાદે કહ્યુ.

"એ કોણ છે ?"

" મ્હારા પ્રાણદાતા !"

સરોજે પોતાના પતિને બનેલો તમામ બનાવ સવિસ્તર કહી સંભળાવ્યો પરન્તુ **ભાનુ રાજપુરનો** ડિટેકટીવ છે, અને પોતાની ઉપર તેણે દાનત બગાડી છે, એ વાત તેણે પોતાના પતિને ન કહી તેનુ કારણ એ હતુ, કે **સરોજ** પોતાના પવિત્ર પતિના સ્વભાવથી સપૂર્ણ પરિચિત હતી "જ્યારે વિષયાંધ **ભાનુ**એ પોતાનીજ પત્ની ઉપર કૂદ્રષ્ટિ કરી," એમ **ગુલાબસિંહ** સાભળે, ત્યારે તે શુ કરી બેસે ? તે કહી શકાય એમ ન હતુ

સરોજની વાત પૂરી થતાજ **ગુલાબસિંહે** ભાનુનો હાથ છોડી દીધો તેણે એક દ્દષ્ટિએ કામાંધના મુખ ઉપર નાખી તેની આંખોમા તેણે વિકાર જોયો ભાવીના વિપરિત સિતારાએ બહારવટીઓ ભૂલ્યો **સરોજ**ના આજના વર્તન ઉપર તેને શકા આવી

છતા પણ પોતાની પ્રેમાળ ભાર્યા તથા તેના પ્રાણરક્ષકની પૂરી પરીક્ષા કર્યા પછીજ કઇ પણ પગલુ ભરવુ ! એવો વિચારશીલ **ગુલાબસિંહે** નિશ્ચય કર્યો **ભાનુ** પ્રતિ જોઇ તે બોલ્યો

" મહાશય ! આપને કોઇ બદમાશના માણસ ધારી મ્હે ભૂલથી અન્યાય આપ્યો છે, તેને માટે હુ અંતકરણપૂર્વક દીલગીર છુ આશા છે કે અમારા ઉપર કરેલા આ મહાન ઉપકારના બદલામા અત્રે આપનુ જે કઇ આતિથ્ય કરીએ તે આપ સ્વિકારશો "

" નહિ ! **ગુલાબસિંહ** ! મ્હને અહીંથી જવાની રજા આપો ! એટલેજ ઉપકારનો બદલો મળ્યો હુ માની લઇશ "

ગુલાંબસિંહના દીલમાં **ભાનુના** આ શબ્દે શંકામાં વૃદ્ધિ કરી. તે **સરોજ** પ્રતિ ફરી બોલ્યો,

"કેમ **સરોજ**? ત્હારા પ્રાણ–રક્ષકને મહેમાન બનાવીશુ ને?"

બિચારી **સરોજ** શુ બોલે? એક કામાત્ર ડિટેકટીવને પોતાનો છુપો આવાસ પોતાના પતિ બતાવે! એવી મુદ્દલ ઇચ્છા **સરોજની** ન હતી છતાં નિર્દોષ **સરોજ**! પતિના મનનો ગુપ્ત આશય આમાં શુ છે? એ ન સમજી

"આપની ઇચ્છા હોય તો ખુશીથી એમને મહેમાન બનાવીએ" તે બોલી

અનિચ્છા છતાં **ભાનુને** બ્હારવટીઆના છુપા રહેઠાણમાં મ્હેમાન તરીકે જવા ફરજ પડી પોતાના ગુપ્ત આવાસમાં લઇ જતાં પ્હેલા **ગુલાબસિંહે ભાનુની** આંખે પાટા બાંધ્યા **સરોજ**! **ગુલાબ**! **અને ભાનુ** ત્રણે યક્ષ–ભુવનમાં આવી લાગ્યા એક બહારવટીઆનુ આવુ દૈવી નિવાસસ્થાન જોતા ડિટેકટીવ **ભાનુને** કેટલી નવાઇ લાગી હશે?

રાત્રિ પડી! **સરોજ, સરયુ, વીરો** વગેરે સૌ સૌને સ્થાને સુતા **વીરો** કોઇ ખાસ કાર્યને માટે બહાર ગએલો હોવાથી પોતાને ત્યાં નવો મહેમાન આવ્યો છે, એ વાતથી સર્વથા અજાણ હતો **ગુલાબસિંહે** પણ તેને આ વાત કરી ન હતી

બરાબર મધ્યરાત્રિને સમયે જ્યારે **સરયુ સરોજ** તથા **વીરો** ત્રણ વ્યકિતઓ સુતી હતી, ત્યારે **ગુલાબસિંહ** અને **ભાનુ** જાગતા હતા આજે કોઇ ખાસ કારણને લઇને "મ્હને **વીરા** સાથે ગુપ્ત

મસલત કરવી છે" એમ બ્હાનુ કાઢી **ગુલાબસિંહ** **વીરાના** ખડમા સુતો હતો જ્યારે **સરયુ** તથા **સરોજ** એકજ ખડમા જુદા જુદા પલગ ઉપર થોડે થોડે દુર પોઢેલા હતા

સરોજના સૌંદર્ય ઉપર ઘેલો બનેલો ડિટેકટીવ **ભાનુ** આવી મધ્યરાત્રિના વખતે ચોરની માફક છૂપાતો છૂપાતો ફરી રહ્યા હતો **સરોવરની સુન્દરી**ના નિવાસસ્થાનમાજ અલૌકિક ગુનાઓના ફૂલો ઉગે છે, એ વાત તે પણ જાણતો હતો તદુપરાત આજે તેણે એજ **સરોવરની સુન્દરી** તથા તેના અબોડામા એ દિવ્ય ફુલ જોયુ હતુ અત્યારે તે તેનોજ છોડ તપાસી રહ્યો હતો

દૈવયોગે અચાનક **ભાનુ** **સરોજના** શયનખડમા આવી પહોચ્યો ખુલ્લા દ્વારમાથી તેણે અદર નજર નાખી **ગુલાબસિંહ** ત્યા ન હતો **ગુલાબસિંહ**ની ગેરહાજરીએ **ભાનુ**મા છૂટેલી હિંમત પાછી આવી તેની વિકારી આખોનુ ધ્યાન સુતેલી **સરોવરની સુન્દરી** પ્રતિ ખેચાયુ

બહુજ ધીરે પગલે તે **સરોજ**ના શયનાગારમા પ્રવેશ્યો ખડમા એક ફાનસ બળી રહ્યુ હતુ તેનો યથેચ્છ પ્રકાશ સૂતેલી **સરોજના** શશિવદન ઉપર પડતો હતો જેમ જેમ **ભાનુ** સરોજના મુખ-લાવણ્યનુ પાન કરતો ગયો, તેમ તેમ તેની વિકારી આખોમા જાદુ થવા લાગ્યુ **ગુલાબસિંહ**ના ભયે કરી દબાયલી કામવાસના પ્રત્યેક પળે વધુ ને વધુ પ્રદિપ્ત થવા લાગી ખરેખર એકાન્ત શુ નથી કરતો ?

ચચળ ચિતડાને કરે હૃદયો કરે અશાન્ત,
મલીન બુદ્ધિ જે મુકે તેજ દુષ્ટ એકાન્ત

યુવતિ યુવકનો જ્યા મળ્યા! જોજો તમે એકાન્તમા,
ત્યા ત્યા બન્યા છે દાખલા ઇતિહાસમા કામાધના
સતાન વીર કુણાલ સાથે નીચ માતા સાવકી,
એકાન્તમા વિક્રમ ઉપર શી પિગળાની થઇ મતિ ?

નર-નારી એનન્ત તે! છે અધારો કૂપ,
અધા થઇ અથડી પડે એમા મ્હોટા ભૂપ

અધારી રાત્રિ! એકાન્ત! અપ્રતિમ લાવણ્ય! અને તેમા પાછી કામાધની આખો! પછી શુ બાકી હોય ?

લલના તણા લાવણ્યમા કે'વા અજબ જાદુ ભયા ?
રમણી રૂપાળીએ અહા! ત્રિલોકના હૈયા હર્યા
કાન્તા! ખરેખર! દેવ, માનવ, દૈત્યને કામણ કર્યા,
મ્હોટા ઋષિ સન્યાસીઓ પણ સુન્દરીને છે વર્યા

સ્ત્રીઓ વગરનુ શુ છે ? ઇતિહાસના પાનાઓમા જેટલા જેટલા યુદ્ધો તપાસો, તે પ્રત્યેકમા થોડે વણે અશે સુન્દરીને સ્થાન ખરુજ! સ્વર્ગ મૃત્યુ અને પાતાળ ત્રણે જગ્યાએ મહિલાઓ તો ખરીજ! જગત્ આખુ સ્ત્રી-મય છે કારણ એની ઉત્પાદક જનની છે પરન્તુ સુન્દરીઓના એજ અજબ સૌન્દર્યે સૃષ્ટિમા કેટલી પાયમાલી કરી છે ?

કઇ સાધુ સત મહતના વૈરાગ્યને છોડાવીયા,
લાવણ્યમા લોભાવીને સસારમા જોડાવીયા..
માથા ગુમાવ્યા વીરના, સૌન્દર્ય એવી ચીજ છે,
ઝેરી ફૂલોનું ઝાડ એ, એકાન્ત એનુ બીજ છે.

એજ સૌન્દર્યના સપાટામાથી ભાનુ ન બચ્યો પોતે અત્યારે ક્યા સ્થાનમા છે, તે પણ તે વીસરી ગયો ક્યા કો'ને ? અને પોતે શુ પગલુ ભરે છે ? તેનુ પણ ભાન તેને ન રહ્યુ વિષયાધ ભાનુ સરોજના પલગની પાસે આવ્યો

"આહા ! શુ રૂપ ? આવુ અણુમૂલુ રત્ન એક બ્હારવટી-આની ગુફામા ? નથી શોભતુ ઈશ્વરનો આ ચોકખો અન્યાય છે

કાગને ત્યા હસલી આ સ્હેજ પણ શોભે નહિ !
અફસોસ ! તોપણ મૂર્ખ એ આ હસ પર લોભે નહિ

ખરેખર !

આવી ઝળકતી રોશની તો જોઇએ કો મ્હેલમા,
પણ કમનસીબે છે પડી જગલ તણી આ જેલમા
આ રત્નનો ઝળકાટ તો શોભે ખજાને રાજના,
હીરાકણી ચમકે ખરી તો તખ્તમા કે તાજમા

અને તે એક લૂટારૂને ત્યા ! જગલમા ! આ છૂપા રહેઠાણમા રગદોળાય છે

રણવાસનુ આ રત્ન તે નિર્જન વને રોળાય છે,
અણમૂલ એવુ ચીર પણ કીમત વિના ચોળાય છે
સુરલોકનુ અમૃત પણ પાણી સમુ ઢોળાય છે,
નાહક ! નકામુ ધૂળમા આ નગ રગદોળાય છે

સુતા સાસરે ! અને હાથી દરબારેજ શોભે ! શહેરની શોભા તે આવા જગલમાં ક્યાથી દીપે ?

દૈવયોગે આ અનેરૂ પૂતળુ ભૂલુ પડ્યુ
કેવી વિધાતાની લીલા ? કે બ્હારવટીઆને જડ્યુ ?

સરોવરની સુંદરી. ચીત્ર બીજું.



સુતેલી સરોજના ગાલે તણુ નીચા વળી એક ચુમી ભરી લીધી.
ગુલાબસીંહ આ દેખાવ લાલચોળ આંખે જોઇ રહ્યા જુઓ પાનુ ૯૭.

" બસ ! ધારેલી મુરાદ બર લાવવી સરોવરની સુન્દરીને કોઇ પણુ ઉપાયે લલચાવવી અને અહીંથી લઇ જવી " એવા એવા હવાઇ કિલ્લાઓ પોતાના મનમા બાધતો, અને સરોજના સૌન્દર્યશાળી વદન પ્રતિ જોઈ,-મુગ્ધ થતો ભાનુ એટલુયે ન જોઈ શક્યો કે તેની પૂઠે એક શકાશીલ હૃદય જોઇ રહ્યુ છે તે બ્હાર-વટીઓ ગુલાબસિહ હતો

આધળો ભાનુ વિકારી આખોએ જરા નમ્યો સુતેલી સરોજના ગાલે તેણે નીચા વળી એક ચુમી ભરી લીધી. ગુલાબસિહ આ દેખાવ લાલચોળ આખે જોઇ રહ્યો

સરોજ પુરૂષના સ્પર્શે ઝબકી ! પોતાના શયનાગારમા ભાનુને જોઇ તેને જેટલુ આશ્ચર્ય થયુ, તેટલોજ વ્હેમ ગુલાબસિહને પડયો સરોજ કઇ પણ બોલી શકી નહિ. મધ્યરાત્રિના કામાધ ભાનુના આ પાપી કૃત્યે તે એટલી બધી તો ગભરાઇ અને ચકિત થઇ ગઇ, કે ભાનુના મોઢા સામુજ તે વિસ્ફારીત નયને જોઇ રહી

અને સરોજના આ મૌને ગુલાબસિંહના હૃદય ઉપર ઘા કર્યો. સરોજ ભાનુના આ વર્તનને ન વખોડતા, ઉલ્ટુ ચ્હાય છે, એ જોતાજ તેનુ દીલ ભાગી ગયુ સરોજ કઇક બોલવા જતી હતી, તે પ્હેલાજ ત્યા ગુલાબસિહ આવી પહોચ્યો ડિટેક્ટીવ ભાનુના તો હોશજ ઉડી ગયા જ્યારે ભાનુને તેના આ કાર્યને માટે ધિક્કારવા તૈયાર થએલી સરોજ પણ પતિની એકાએક હાજરીથી પુન અચબામા ગર્ક થઇ ગઇ. "પતિએ મ્હને આમ પતિત થતા જોઇ હશે તો ?" એ વિચારેજ તે સતી સુન્દરીને સતાપ થયો ભાનુના કાર્યને માટે સ્વામીને શો જવાબ આપવો ? તે પણ તેને ન સુઝ્યો

"સરોજ !" ગુલાબસિંહ ચીરાતા હૃદયે બોલ્યો.

"**પ્રભુ** !"

"આવા મધ્યરાત્રિના સમયમા આ મ્હારા પ્રાણદાતા **ભાનુને** અહી જોઇ તને કઇ આશ્ચર્ય થયુ છે ?"

"તમારા જેટલુજ"

"હુ તો નથી ધારતો ! પરન્તુ **સરોજ** ! તુ ધારે છે કે **ભાનુએ** ભરેલુ પગલુ તદ્દન ગેરવ્યાજબી, વગર વિચાર્યુ, અને મ્હારી મરજી ઉપરાંત છે ?"

પતિદેવના મુખમાથી આવા શંકાશિલ વચનો સાભળી તથા તેમણે **ભાનુને** આ પાપી કૃત્ય કરતો નજરોનજર નિહાળ્યો છે, એ જાણતાજ **સરોજને** કેવો અને કેટલો હૃદયાઘાત થયો હશે ? તે તો તેનુ મનજ જાણે ! તેનુ હૃદય ભરાઈ આવ્યુ તે કંઈ બોલી શકી નહિ તેની આખોમાથી કેવળ આ વખતે આસુ પડી ગયા હતા

સરોજના આ મૌને **ગુલાબસિહના** દીલમા ઉધુજ સમજાયુ મૌન એ કેટલીક વાર અપરાધની સ્વીકૃતિનુ એક ચિહ્ન સમજાય છે અને આ વેળા પણ તેમજ સમજાયુ **સરોજ** પણ આ કાર્યમા ભાગીદાર, અને જાણી જોઇને દોષિત છે, એમ તેના મનમા ઠસી ગયુ **ભાનુનો** હાથ પકડી તે ત્યાથી ચાલ્યો ગયો

વીરાના ખડમા આવી **ગુલાબસિહે** તેને ઉઠાડયો આખો ચોળતો ચોળતો **વીરો** ઉઠયો **ગુલાબે ભાનુનો** હાથ તેના હાથમા સોપતા કહ્યુ '**વીરા**' આ નવા આવેલા મહેમાનની ચાલચલગત અત્યત ઉમદા હોવાનુ સર્ટીફીકેટ મ્હે વાચ્યુ છે માટે એમને આપણા સ્થાનથી કોઈ દૂરની જગ્યાએ અત્યારેને અત્યારે મૂકી આવ"

"પરન્તુ એ કોણ છે ? ને કયાથી, કેવી રીતે અહી આવ્યો?" અજાણ્યા **વીરાએ** પ્રશ્ન ઉપર પ્રશ્ન કર્યા

"તે૦ કંઇજ જાણવાની મ્હારે જરૂર નથી હું કહું તેટલું તું કરી આવ"

ગુલાબસિંહનું મગજ અત્યારે ઠેકાણે ન્હોતું **વીરાએ** પણ પોતાના માલીકને પોતાની સાથે આજ પ્હેલા કોઇપણ દિવસ આવી રીતે વાત કરતા ન્હોતો જોયો તે સત્વર **ભાનુ**ની આંખે પાટો બાંધવા ગયો તેવોજ તે તેનું મુખ જોઇને ચમક્યો

"કેમ! **વીરા**! એકાએક અટકી કેમ ગયો?"

"કંઇ નહિ!" કે'તાજ **વીરાએ** પાટો બાંધી દીધો ડિટેકટીવનો હાથ પકડી તે પોતાના છૂપા રહેઠાણથી તેને દૂર મૂકી આવવા ચાલ્યો ગયો

વાચક! **વીરો ભાનુ**નું મોઢું જોઇ એકાએક કેમ ચમક્યો? તેનો ખુનાસો એજ કે – **વીરો** આ રાજપુરના ડિટેકટીવ **ભાનુપ્રસાદ**ને સારી રીતે ઓળખતો હતો,

પવિત્ર હૃદયનો બહારવટીઓ **ભાનુ** ઉપર ક્રોધે ન ભરાયો કારણ કે તે જાણતો હતો કે સ્ત્રીની સમ્મતિ સિવાય એક પરાયો પુરૂષ દુશ્મનના મકાનમા આટલી હદ સુધીનું પગલું કદાપી ન ભરે! **ભાનુ**ને સદૃશે તેને પોતાની **સરોજ**જ ગુન્હેગાર અને શિક્ષાપાત્ર લાગી **સરોજના** ઉત્તેજન વિના એ અજાણ્યો યુવક એને એકાન્તમા મધ્યરાત્રિએ આવી સ્પર્શવા શકિતમાન થાય! એ એને અસંભવિત લાગ્યું **ભાનુની** આ ભયંકર ભૂલ અને નીચ કૃત્યમા તેની આંખોએ નિર્દોષ **સરોજ**નોજ દોષ દેખાયો

જ્યારે આ બાજુ સતી **સરોજ** પોતાના ઉપર અચાનક આ આપત્તિનું વાદળ તૂટી પડવાથી ગભરાઇ ગઈ દડ દડ આંસુ વહેતી આંખોએ તે ઘુંટણીએ પડી પ્રભુને પોકારવા લાગી .

ઓ **સર્વવ્યાપી** ! આપ જાણો છો હૃદય આ સાફ છે,
આ કૃત્યમા છે કોણ દોષિત ? કોનુ એમા પાપ છે
નિષ્પાપ લાગુ આપને તો ! ન્યાય નિર્મળ આપજો,
આપત્તિનુ વાદળ શિરે આવ્યુ છ તેને કાપજો

પ્રભુ ! મ્હારા પ્રાણરક્ષકમા તે એવી કુબુદ્ધિ કા મૂકી ? પરન્તુ ના ના હુ વ્યર્થ રડુ છુ સાચને આચ નથી જો હુ મન-વચન કર્મથી પવિત્ર હુ તો પછી સવ કોઇ જખ મારે છે

નિર્દોષને તુજ ન્યાયમદિરમા જરાએ ડર નથી,
પરલોકમા પાપાત્માના ન્યાય-દુર્ગો સર નથી
ત્હારે ત્યહા ખોટા ખરાની નીયમીત તપાસ છે,
માલીક ! ત્હારા પર મ્હને પૂરેપૂરો વિશ્વાસ છે"

એટલામા ભગ્નહૃદયી પતિને આવતો **સરોજે** જોયો વ્હેલા વ્હેલા ઉઠી તેણે આખો લૂછી નાખી સ્વસ્થ થઇ ઉભી રહી. ગુલાબસિહ ધીમે સાદે બોલ્યો .

"સરોજ !"

"શુ કહો છો ? નાથ !"

"મ્હારી સાથે ચાલ"

"ક્યા ? પ્રભુ ?" **સરોજ** લથડતી જીભે બોલી.

"જ્યા હુ લઈ જાઉ ત્યા"

પતિની શકા દૂર કરી પોતાની પૂર્ણ નિર્દોષતા પૂરવાર કરી આપવા **સરોજ** તલપાપડ થઇ રહી હતી પોતાના પતિ પોતાને પાછા આવી મળશે, ત્યારે એકાન્તમાં હુ તેમને ભાનુની બદદાનત વિષે તમામ વાત ખુલ્લા હૃદયથી કહી દઇ અણજાણતા થયેલ ભૂલની

(ગુલાબનુ ફૂલ આપવાની) ક્ષમા માગીશ, એવી આશા **સરોજને** હતી. **ભાનુની** ઉપર તેણે નિશ્વાસ પર નિશ્વાસ મૂકયા પરન્તુ જ્યારે પોતાના પતિની મધ્યરાત્રિને વખતે આ અતિ વિચિત્ર આજ્ઞા તેણે સાભળી, ત્યારે તે જડ જેવી થઇ ગઇ તે ન હાલી કે ચાલી કેવળ તેની આખો પતિના વદન પ્રતિ નિહાળી રહી હતી હૃદય વિચારમા પડેલુ હતુ કાનમા હજુ શબ્દ–ભણકારાજ વાગી રહ્યા હતા

"**સરોજ !** સાભળ્યુ કે ?" **સરોજને** સ્વસ્થ ઉભી રહેલી જોતાં **ગુલાબસિંહ** બોલ્યો

"હા ! પ્રભુ !"

"તો પછી કેમ ઉભી રહી છે ? શુ વિચાર કરે છે ? પતિની આજ્ઞાને તો લોપવા વિચાર નથી કરતી ને ?"

"નહિ ! તેમ કઇ નથી મ્હને વિશ્વાસ છે કે મ્હારા પવિત્ર પ્રાણપતિ મ્હને કોઈ કાળે ખોટી આજ્ઞા કરેજ નહિ"

"તો પછી ?"

"પ્રભુ ! શુ આ હતભાગિની કિકરી આપના મધ્યરાત્રિના આ વર્તન ! અને ગમન માટે કશુયે ન પૂછી શકે ?"

"ના"

"આપને મ્હારા ઉપર કાઇ વ્હેમ આવ્યો છે ?"

"આવે કે નહિ ! તેનો જવાબ તો ત્હારૂ હૃદય સારી રીતે દેશે."

"વ્હાલા ! આપ આ શુ બોલો છો ?"

"મા જાણે બાપ ! અને મન જાણે પાપ"

સરોજના હૃદયમા પતિના આ વચનો તીરની માફક ખુચ્યા. તે બોલી "બસ કરો ! પ્રભુ બસ કરો ! સમજ્યુ થઇને આવી શંકા કરતા પ્હેલા વિચાર કરો"

"સરોજ ! મ્હને આજેજ સમજાયુ કે કેટલીકવાર સમજુ અણસમજુ કરતા વધારે ભયકર હોય છે ભગવા વસ્ત્રોમા ફરનાર સાધુઓમા સાચા જવલ્લે અને શયતાન સેકડો હોય છે ખરા હીરા કરતા કાચના કટકાજ દુનિયામા મ્હને તો વધુ દેખાય છે અને વળી મ્હારા જેવા ! બધાને પોતાના જેવાજ જોનારા પવિત્ર પ્રાણીઓ ! તેમના ઉપરના તેજમાજ અ જાય છે તુજ કહે કે આ ખોટુ છે ?"

"જો સરોજ તમને પાપીનીજ દેખાતી હોય, તો પછી કહેવાનુ કઇ નથી પ્હેલેથીજ ગુન્હેગાર ધારી શિક્ષા નક્કી કરીનેજ ન્યાયાસન ઉપર બેસનાર પાસે વ્યર્થ બચાવ કરવો નકામો છે "

' ખરેખર ! જૂઓ બચાવ કરનારની છાતીજ ધબકે છે ! ટાંટીયા થરથર ધ્રુજે છે '

'તો ભલે તેમ હો ! ચાલો ! તમે જ્યા લઈ જાવ ત્યા આવવા હુ તૈયાર છુ "

મુગે મોઢે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી સરોજ રાત્રિના ભયાનક અધારામા પતિદેવની પાછળ પાછળ પ્હાડી રસ્તો કાપવા લાગી આ વખતે કેવળ તેને ન્યાયી નિરજન ઉપર વિશ્વાસ હતો

* * * * * * *

ગુલાબસિંહે મોકલેલા વીરનુ પરાક્રમ હવે જોઇએ ડિટેકટીવ ભાનુપ્રસાદને કાડામાથી મજબુત પકડી આખે પાટા બાધી વીરો તેને પોતાના ગુપ્ત આવાસથી બહાર લાવ્યો બહાર આવતાજ તેણે તેની આખો ઉપરનુ બધન દૂર કર્યું એક ભારી પત્થર આગળ અત્યારે ભાનુએ પોતાને ઉભેલો જોયો

"કેમ ? ડિટેકટીવ સાહેબ ! સેવકની ઓળખાણ પડે છે ?' વીરો બોલ્યો

પરન્તુ અંધારામાં **ભાનુ વીરાનુ** મોઢુ બરાબર ન જોઈ શક્યો તે બોલ્યો "તુ કોણ છે?"

"તે પછી કહીશ! પરન્તુ પ્હેલા મહેરબાની કરી દાખલ બતાવી દયો કે રાજપુરનો વારસદાર યુવરાજ અત્યારે ક્યાં છે?"

રાજપુરના યુવરાજનુ નામ સાભળતાજ **ભાનુ** ચમક્યો એક આચકા સાથે તેણે પોતાનો હાથ **વીરાના** હાથમાથી છટકાવી નાખ્યો બીજીજ પળે કમરપટામાથી પિસ્તોલ ખેંચી કાઢી, તે ગર્જ્યો

"જો જીવ વ્હાલો હોય તો બતાવ કે તુ કોણ છે?"

પરન્તુ **વીરો** તેની પિસ્તોલથી જરા પણ ન ડર્યો તે હસતા હસતા બોલ્યો "ત્હારો કટ્ટો શત્રુ!"

"નામ?"

"તે તુજ સમજી લે! હુ ત્હારો બાળસ્નેહી છુ દોસ્ત!"

ક્રોધે ભરાયલા ડિટેક્ટીવે આ ભેદી પૂતળાના હાથમાથી છૂટવા બ્હાર કર્યો પરંતુ અફસોસ! તેમા ગોળીજ ન્હોતી ચાલાક **વીરાએ** તે રસ્તે કાઢી નાખી ડિટેક્ટીવને બનાવવા ખાલી પિસ્તોલજ રહેવા દીધી હતી

બ્હાર ખાલી જતાજ **વીરો** ખડખડાટ હસી પડ્યો તેના હસવાથી **ભાનુ** વધુ ખિજાયો તેણે ખાલી પિસ્તોલ **વીરાને** છૂટી મારી પરન્તુ **વીરો** ખસી ગયો પિસ્તોલ દૂર જઇ પડી તેવોજ **ભાનુ વીરાને** વળગી પડ્યો જીવ ઉપર આવેલા **ભાનુએ** એક ભારી પથરો ઉઠાવી **વીરા** ઉપર ફેક્યો દૈવયોગે તેનાથી બચવા **વીરો** દૂર તો ખસી ગયો .પરન્તુ પત્થર તેના જમણા પગમા વાગ્યો . નહિ જેવો ધક્કો લાગતા **વીરાનો** પગ સરી ગયો

ભયકર પ્હાડ ઉપરથી **વીરો** હેઠે પડયો નીચે પત્થરો સાથે અફળાઇ તેના ચૂરેચૂરા થઇ ચૂક્યા, એમ માનતો ડિટેકટીવ **ભાનુ મણીપુરને** રસ્તે પડયો

વાચક ! ભયકર પ્હાડ ઉપરથી હેઠ નીચે પડેલા **વીરાની** શી દશા થઇ હશે ? તે તુ જાણે

પુષ્પ:—૧૨ મું

" શકિત હૃદય ! "

"નાથ ! હુ તદ્દન નિર્દોષ છુ "

" પરન્તુ મ્હારૂ હૃદય નથી માનતુ "

" લાચાર ! "

જીવવુ કલકાંત થઇ મરણુ એથી ગણુ સતોષનુ,
પણ શુ દયાળુ **દેવ** પણુ નહિ સાભળે નિર્દોષનુ ?
કે' છે જગત્ નિર્દોષની વ્હારે વિભુજી ધાય છે,
હુ એ પુછુ છુ ઓ **પ્રભુ** ! કે કયાં છ ? નિર્મળ ન્યાય એ.

પર્વતની એક ઉંચી ટેકરી ઉપર બ્હારવટીઓ **ગુલાબસિહ અને સરોજ** ઉભેલા હતા. નીચે ખળખળ શબ્દ કરતી સરિતાનુ જળ વહી જતુ હતુ **સરોજે** પતિદેવની પાસે **ભાનુ**ની વિચિત્ર **માગણી** કહી બતાવી હતી પરન્તુ **ગુલાબસિહ**ના હૃદયમા એ વાત ન ઠસી પોતાની અર્ધાગનાને પવિત્ર માનવાની તેણે સાફ ના પાડી ઘુટણીએ પડેલી પવિત્ર **સરોજ** પતિને પ્રાર્થના કરી કહી રહી હતી

"પ્રભુ ! પ્રભુ ! આપની આ શંકા અસ્થાને છે પૂછી જુઓ ! તમારી સરોજ આવુ અધમ પગલુ ભરે એમ તમારૂં હૃદય તમને કહે છે ?"

"જ્યા આંખોએ જોયુ છે, ત્યા હૃદયનો વિશ્વાસ શા કામનો ?"

"પરન્તુ ! નાથ કેટલીક વાર સગ્ગી આંખોએ અવલોકેલુ પણ અસત્ય માલમ પડે છે"

"શુ એમ કહીને તુ એ કહેવા માગે છે કે,–મ્હે જે જોયુ છે, તે સર્વથા ખોટુ અને સ્વપ્નુ હતુ ?"

"નહિ ! સત્ય હતુ પરન્તુ તે વખતે તમારી આંખો ઉંઘથી નહિ પરન્તુ શંકાથી ઘેરાયલી હતી"

"સરોજ ! શ્વેત વસ્ત્રોને કાજળનો ડાઘ નથી લાગતો ?"

"સભાળ્યા છતા લાગે ! તો ભૂલ કોની ?"

"તુજ કહે !"

"કાજળની ! વસ્ત્રની નહિ ! એક પાપી ભૂલ કરે ! અને તેનો ભોગ થએલ પવિત્રાત્માને શોસવુ પડે એ કેટલુ વિચિત્ર !"

"પાપી અને પૂણ્યવાન બધાએ ભૂલ કરે છે જ્યારે સમય અને બુદ્ધિ ફરે છે, ત્યારે ભલભલા ભૂલે છે સરોજ ! યુવાની દીવાની છે એકાન્ત મદ ભૂરો છે અને તેમા વળી તુ તો ઉપકારના ભાર નીચે દબાયલી ! એટલે પછી શુ ?"

"શુ આ શબ્દો સરોજના પવિત્ર સ્વામીના છે ?"

"પવિત્ર નહિ, પરન્તુ શંકાશીલ હૃદયના છે સરોજ ! જો તુ ભૂલીજ હોય ! તોપણ ફીકર નહિ. માણુસ માત્ર ! ભૂલને પાત્ર ! મ્હારૂં હૃદય વિશાળ છે. અરે ! એક ગુન્હો તો ઇશ્વર પણ

માફ કરે છે હું એ ભૂલી જઈશ પરન્તુ ઇશ્વરને ખાતર ! ઇશ્વરને ઓળખી ! તુ એક વાર સાચુ બોલી દે ! આ **શંકીત હૃદય** પાસે પાપનો ! ભૂલનો ! પડદો ખોલી દે '

" ઓ પ્રભુ તુ ક્યાં છે ? પતિદેવના દીલની શંકા તુ સદ્‌બુદ્ધિ મૂકી દૂર કર ! **સરોજના** નિર્મળ ચારિત્ર્ય ઉપર એમને શ્રદ્ધા અણાવ.

નિર્દોષ છુ હુ નાથ ! શંકા સર્વથા ખોટી કરો,
વર્તન વિશુદ્ધ **સરોજનુ** વિશ્વાસ એનામા ધરો
મ્હારા પતિવ્રતની પ્રતિતિ શુ કહો આપી શકુ ?
શાથી તમારા હૃદયની શંકા પ્રભુ ! કાપી શકુ ?

બોલો ! આપના શંકાશીલ હૃદયને શાન્ત કરવાનો કોઈ પણ ઉપાય છે ?

" હા ! '

" તો બતાવો કયા તો "

આપો કટારી આપની આ હૃદયને ચીરી જુઓ,
હતૂભાગિનીના લોહીથી પ્રેમે હૃદય—શંકા ધુઓ
જો પાપીની હુ હોઉ તો **પરમેશ** મુજને પૂછશે,
તેમજ સતીના આસુઓ પણ એજ ઇશ્વર લૂછશે

કહો મ્હારૂ હૃદય ચીરી બતાવુ ? "

" હુ તને એવુ ઘોર કૃત્ય કરવા નથી કે' તો "

" તો તમે ચીરી જુઓ તપાસો અને ખાત્રી કરો .'

" સરોજ ગુલાબસિંહ સ્ત્રી-હત્યા કરે એટલો બધો નીચ નથી સમજી ? "

" જરૂર ! તો પછી આ આપનુ અર્ધાંગ પણ એવુ જ સમજો '

" આજ સુધી એમજ સમજતો હતો પરન્તુ હવે એ શ્રદ્ધા ઉપરથી મન ઉઠી ગયુ છે જેને હુ દૈવી સમજતો હતો તે દીલ પણ છેવટ માનવનુ નીકળ્યુ "

" તો એ શકાનુ નિવારણ કરો '

" તે કરવુ ત્હારા પોતાના હાથમા છે '

" શી રીતે ? '

" મ્હોતથી ! બળિદાનથી "

" તે સિવાય શુ અન્ય ઉપાય નથી ? "

" હોય તો તુ બતાવ મ્હને તો નથી જડતો "

" અફસોસ ! આપના જેવા સમજુ, જ્ઞાની અને પવિત્ર પુરૂષનુ પણ કેવુ સકુચિત અને શકિત હૃદય ! "

" તો શુ સરોજ ! તુ ભાનુને ન્હોતી ચ્હાતી ? મ્હારી ના છતા ત્હે એ ફૂલ ભાનુને કેમ આપ્યુ ? "

" કેવળ તેના આભારથી દબાઈ, વચન આપી બધાઇ તેથી "

" બસ કર ! એ બધુ આ બ્હારવટીઆને ન સમજાવ ! જગ-ત્મા સ્નેહની નિશાનીઓ તે શુ એકલીએજ જોઇ છે ? પ્રેમના પાઠો તું એકલીજ શીખી છે ? "

" હાય ! હુ આ શુ સાભળુ છુ ? પ્રભુ ! પ્રભુ ! આપ આ શુ બોલો છો ? "

" અક્ષરે અક્ષર સત્ય કહુ છુ "

"ખોટી વાત! - હારા પ્રાણરક્ષકને મ્હે મ્હાયો છે પવિત્ર પ્રેમની નિશાની તરીકે દૈવી ફૂલ ખુશીથી દીધુ છે, એ પણ કબૂલ. પરન્તુ એ પ્રેમ! એ સ્નેહ! એક સગ્ગી બ્હેન અને ભાઇના જેવો હતો ભામા અને ભરથારનો ન હતો"

"ત્યારે! ભાનુ ત્હારા શયનાગારમા આવવાનુ સાહસ ક્યાથી કરી શકયો?"

"ઈશ્વર જાણે! કોઇ કોઈનુ અતર સમજી શકતુ નથી. ભાનુની ભૂલનો ભોગ હુ નિરપરાધીની થઇ છુ ઉપકારનો બદલો એણે બહુજ ભયકર રીતે વાળી લીધો છે પરન્તુ તેને માટે એ પ્રભુનો ગુન્હેગાર છે પરલોકમા એ પાપી કૃત્યનો પૂરેપૂરો જવાબદાર છે"

"અને તુ?"

"મ્હારે શુ!"

ન્યાયી પ્રભુનો એકસરખો ન્યાય ને ઇન્સાફ છે,
ધ્રુજે ચરણ ત્યા તેમના જેના હૃદયમા પાપ છે
નિર્દોષ જીવોને જરી પણ નાથ! ડરવાનુ નથી,
એકજ વખત મરવુ જગતમા ફરી મરવાનુ નથી

નાથ! હુ જાણુ છુ કે —

કર્મો કીધેલાના હીસાબો! ધર્મરાજા પૂછશે,
તે વખ્ત પાપીના ચરણ પસ્તાઇને ત્યા ધ્રૂજશે
મૂવા પછીથી ન્યાય એ પ્રત્યેકનો ત્યા તોળશે,
ત્યારે કીધેલુ પાપ તે મોભે ચઢીને બોલશે

છૂપાવ્યુ છૂપે નહિ! ત્યહા પૂણ્ય કે પાપ!
બચી જાય આ લોકમા પણ ત્યાથી નહિ માફ!

તેજ વખતે તમારી ખાતરી થશે ન્યાયી પ્રભુના નિર્મળ ઇન્સાફનો ધ્વનિ તમારા કાનોમા ગુજી ઉઠશે

સ્મરતા વહશે આખથી . રૂહના જળના ધોધ,
આપ પુકારી ઉઠશો "હતી પવિત્ર સરોજ !"

"એ બધુ બોલવાનુ છે બાકી મ્હારા શંકીત હૃદયમા પડેલો ચીરો ત્હારા મજબુત પુરાવા વિના હવે કદાપી સધાવાનો નથી

શકા પડી જે દીલમા તે એકદમ ટળશે નહિ,
પાકા પૂરાવા વીણુ પાછા આ હૃદય મળશે નહિ
તૂટયા હૃદયના તાર તે આસુ કદી નહિ સાંધશે,
જ્યા પ્રેમના પાણી નથી ત્યા પાળ શાની બાધશે ?"

"કરવા ધારો તો સો થાય ! અને નહિ તો કઇ નહિ
પાણી વહ્યા છે પ્રેમના તો પાળ પ્રાણોની થશે,
બળિદાન દઇશુ દેહના તો શીઘ્ર શકા ભાગશે
જો નિષ્કલકીત નામ મ્હારૂ નાથ–મુખ સભારશે,
ધનભાગ્ય તો આ કિંકરીનુ જીવનુ સાર્થક થશે

બોલો પ્રભુ ! સરોજનુ આત્માર્પણુ તમારા હૃદયની શકા ટાળશે ?"

"ટાળે કે ન ટાળે ? તે ત્હારે જોવાનુ નથી પ્રતિતિ દેવા પ્રાણની આહુતિ આપનાર વીરલ વ્યકિતઓ કેવળ પોતાનુ કર્તવ્ય–પાલનજ સમજે છે. યુદ્ધમાં ચાહોમ કરી ઝપલાવનાર મરણીઓ દેશભકત કે કે સન્નારી સ્વતંત્રતા મળે કે ન મળે ! તેનો વિચાર નથી કરતો... છતા પણ...

બળિદાન જ્યાં સમજી વિચારી ! દીલથી દેવાય છે,
વ્હેલો અગર મોડો નકી ત્યાં વિજય અંતે થાય છે"

"જો એમજ છે, તો હું તૈયાર છું પરન્તુ જતાં જતાં હજુ એક છેલ્લી વાત તમને કહી દઉં છું કે આપને અત્યારે તો મ્હારો આઘાત નહિ સાલે પરન્તુ જ્યારે

એ દેવના દરબારમાં મુજ ન્યાય ડંકો વાગશે,
ત્યારે તમારા દીલની શંકા સહજમાં ભાગશે
દિનરાત દામીને પછી પ્યારા પતિ સંભારશો,
ચારે દિશામાં ક્યાં ગઈ ? પાગલ બની પોકારશો "

"સરોજ ! સરોજ ! બસ કર હું ત્હને મરવાનું નથી કહેતો "

"ત્યારે ?"

"તું મ્હને છોડી જા ભુલી જા " ગુલાબસિંહની આંખોમાં આટલું બોલતાં પાણી ભરાઇ આવ્યાં

"તમે શા માટે રડો છો ? સરોજ બોલી

"ત્હારે માટે ! સરોજ ત્હારે માટે ! મ્હને ત્હારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો પરન્તુ "

"પરન્તુ શું ? એ વિશ્વાસનો મ્હેં ભંગ કર્યો ! એજ કહેવા માગો છોને ? ફીકર નહિ હવે તમે કહો તોપણ હું આ અપવિત્ર જીવન લંબાવવા નથી ચ્હાતી પ્રભુ ! હું જઇશ જવા ખુશી છું પરન્તુ મ્હારી સરયુની રક્ષા કરજો

ફરિયાદ કરવા ન્યાયની દરબારમાં હું જાઉં છું,
સરયુ તમારે આશરે હે નાથ ! સોંપી જાઉં છું
એ મા વિનાની બાળકીને સ્નેહથી સંભાળજો,
વિશ્વાસ મૂકું છું તમારામાં .બરાબર પાળજો"

સરોજની આખમા **સરયુ**ના સ્મરણે ખળખળ આસુ વહેવા લાગ્યા કઇ અભાગિની માતા પોતાની પુત્રીનુ વાત્સલ્ય વીસરી જાય ? **ગુલાબસિહ** બ્હારવટીઓ હોવા છતા બહુજ દયાળુ હતો તેનામા **સરોજ**ના આ હૃદયભેદક શબ્દો સાભળવા હૃદય ન્હોતુ પત્નીની પાણી ભરેલી આખ સ્હામુ જોવાની બીલકુલ શકિત ન્હોતી ભલભલાને કપાવનાર વીર **ગુલાબસિહ** **સરોજ**ના અતિમ ઉદ્ગારોએ પિગળી નમ્ર થઇ ગયો તેણે **સરોજના** મુખ ગમીથી પોતાનુ મુખ ફેરવી લીધુ **સરોજ**ના શબ્દો તેના કાન ન્હોતા સાભળી શકતા ! **સરોજ** આગળ બોલીજ જતી હતી

શકા તમારી ટાળવા ઓ નાથ ! છુટી થાઉ છુ,
તે **દેવના** દરબારમા દાવો હવે નોધાવુ છુ
નિમળ હૃદયને દુ ખ દેતા ભૂલ એની થાય છે,
એનો ખુલાસો પૂછવા દાસી તમારી જાય છે

પ્રીતિ પરસ્પરની પતિ ! અતર વિષેથી ત્યાગજો,
મ્હારા જવા પૂઠે તમે આ ઉઘમાથી જાગજો
મ્હારા જતા ! શકીત હૃદયમા ! હે **હરી** ? શાન્તિ થજો,,
આ પાપિનીના નામને પતિદેવ ! હા ભૂલી જજો

પરન્તુ ના તમે તે નહિ ભૂલી શકો કારણ કે
પુત્રીનુ મુખ જોઇ ! તમને યાદ મ્હારી આવશે,
નિર્મળ છબી હતભાગિનીની આખ આગળ લાવશે
મ્હારા ઉપરનો પ્રેમ જે એના ઉપર સૌ ઢોળજો,
ઉમ્મર થતાં લાયક પતિ એને પૂછીને ખોળજો

નાથ ! હવે છેવટની વિદાય લઉ છુ પરન્તુ જતા જતા એક વાર આપનુ મુખદર્શન કરી લેવા દયો ."

છતા ગુલાબસિંહે મુખ ન ફેરવ્યુ તે શુ કરતો હતો ? તેના હૃદયમાથી શકા નાબૂદ થઈ ગઇ હતી. પોતે એક પવિત્ર સતીની ઉપર વ્યર્થ કલક મૂક્યું તે મહ્સ તેને હવે બહુ લાગતુ હતું છતા તેનુ ગળુ ભરાઇ આવ્યુ હતુ, તેથી કશુ પણ બોલી શકતો ન હતો કવળ તેની આખમાથી આસુનો ધોધ વહ્યો જતો હતો.

પ્રત્યુત્તર ન મળવાથી **સરોજને** બહુ લાગ્યુ તેના મુખમાથી એટલાજ શબ્દો બ્હાર પડી ગયા કે —

મૃત્યુ નથી આ હોસનુ પણ હાય! ને અફસોસનુ,
અતિમ વચન સભારજો કે "નાથ હુ નિર્દોષ છુ"

"**સરોજ** ! દેવી ! તુ પવિત્ર છે" **ગુલાબસિહના** મુખમાથી એકાએક ઉદ્દગારો બ્હાર પડી ગયા તે પ્રિયાને હૃદય સરસી દાબવા ફર્યો પરન્તુ અફસોસ ! એકજ પળ મોડુ થઈ ગયુ હતુ **સરોજ** એ પવિત્ર શબ્દોથી પોતાના કર્ણને પાવન કરવા ન્હોતી થોભી ઉચી ભેખડ ઉપરથી ધૂ-ધૂ-ધૂ કરી ધૂઘવતી સરિતાના નીરમા તેણે પડતુ મૂક્યુ હતુ

'ઓ **સરોજ** ! " કે'તો બહાદૂર બ્હારવટીઓ **ગુલાબસિહ** અવાચક બની **સરોજનુ** આ સ્વાત્મસમર્પણ જોઇજ રહ્યો

વાચક ! એ પછી **સરોજનુ** શુ થયુ ? તથા આપણી વાર્તાના નાયક **ગુલાબસિહનો** જમણો હાથ વીરો ક્યા ગયો ? એ જાણવા માટે ભાગ બીજો વાચ ! ત્હારી જીજ્ઞાસાને બહુ વાર નહિ દાબી રાખવી પડે ! તેનુ વચન આપુ છુ

—(૦) પ્રથમ ભાગ સપૂર્ણ. (૦)—

વિનાશીની વામા

કીમત ૧ રૂા. પોસ્ટેજ માત્ર-ગેજ ન. બે ક. નવજીવન પુસ્તકાલય અમદાવા મારફત



લાલ બ્રદર્સ રાન

અકસ્માત ન યુવતીને પૃથ્વીપર પટકી, તેને પરલોક પથગામિની બનાવવા સમય ઉંચકી રહ્યુ મા વાઘો-વિનાશીની વામા